

પેજ-08

યામી ગૌતમને ક્રિતી સેનનની અદેખાઈ આવે છે?

08
MARCH-2026
SUNDAY

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-09

ફ્રેડ કર્લી ડોપિંગ પ્રતિબંધ સમાચારથી રમતજગતમાં ખળભળાટ

.....સુવિચાર.....

સપના એટલે પગથિયાં વિનાની ..! સંકલ્પ એટલે નિશ્ચિત કરેલાં પગથિયાં..!!

વર્ષ-15 । અંક-115 । વિક્રમ સંવત-2082 । ફાગણ વદ - 05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





INVEST PUNJAB INDIA BUSINESS FIRST | PUNJAB MEANS BUSINESS – PROGRESSIVE PUNJAB INVESTORS SUMMIT 26 | GOVT. OF PUNJAB

# પંજાબની ઐતિહાસિક ઔદ્યોગિક અને વ્યાપાર નીતિ ૨૦૨૬

## ઔદ્યોગિક વિકાસ અને સમૃદ્ધિ તરફ એક ઐતિહાસિક પગલું

## દેશમાં સર્વશ્રેષ્ઠ

| | | |
|---|---|---|
| નીતિનું માળખું: એક વ્યાપક નીતિ અને ૨૪ ક્ષેત્રીય નીતિઓ એકસાથે જાહેર કરવામાં આવી છે | રોકાણકારો માટે ૫ સંદગી: રોકાણકારો પોતાનું પેકેજ તૈયાર કરવા માટે ૨૦ સુધીના પ્રોત્સાહનો (Incentives) પસંદ કરી શકે છે | રોજગાર પ્રોત્સાહન સબસિડી: રોજગાર જનરેશન સબસિડી માટેની પાત્રતા ઘટાડીને ₹૨૫ કરોડ અને ૫૦ કામદારો કરવામાં આવી છે |

- પ્રથમ વખત કેપિટલ સબસિડીની શરૂઆત કરવામાં આવી છે
- રોકાણ મર્યાદા: રોકાણકારો પ્રોત્સાહન તરીકે ૧૦૦% સુધી FCI (ફિક્સ્ડ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ) મેળવી શકે છે.
- આધુનિકીકરણ: પ્રોજેક્ટ્સના આધુનિકીકરણ અને વિસ્તરણ માટે પણ પ્રોત્સાહનો ઉપલબ્ધ રહેશે.
- વિશેષ ક્ષેત્રો માટે લાભ: ૯ અગ્રણી ક્ષેત્રો તેમજ સરહદી અને 'કાંડી' (Kandi) વિસ્તારો માટે ૨૫% વધારાના પ્રોત્સાહનો.
- FCI ગણતરી: જમીન, મજૂર આવાસ, R&D સુવિધાઓ અને ETP/STP/ZLD વગેરેને FCI ગણતરીમાં લેવામાં આવશે.
- સ્ટાર્ટઅપ હબ: મોહાલીમાં 'સરકારી સ્ટાર્ટઅપ હબ' સ્થાપવામાં આવશે અને સ્ટાર્ટઅપ સીડ ગ્રાન્ટમાં વધારો કરવામાં આવ્યો છે.
- સમાવેશી વિકાસ: મહિલાઓ, SC/ST, દિવ્યાંગો (PWD) અને IT/ITeS અને GCC ક્ષેત્રો માટે ઉચ્ચ રોજગાર જનરેશન સબસિડી (EGS).
- નવી સમર્પિત નીતિઓ: IT/ITeS/GCC, EV (ઇલેક્ટ્રિક વાહનો), ESDM, સેમિકન્ડક્ટર, ફિલ્મ નિર્માણ અને પ્રવાસન માટે નવી સમર્પિત નીતિઓ રજૂ કરવામાં આવી છે.



---

- નિકાસને વેગ: નિકાસ વધારવા માટે ફ્રેટ (માલસામાન ભાડું) અને માર્કેટિંગ સબસિડીની સહાય.
- ૧૫ વર્ષ સુધીના વિસ્તૃત પ્રોત્સાહન સમયગાળા માટે રોકાણકારોની પસંદગી
- મેગા પ્રોજેક્ટ્સ: મેગા પ્રોજેક્ટ્સ માટે કસ્ટમાઇઝ્ડ (ખાસ જરૂરિયાત મુજબનું) પેકેજ તૈયાર કરવા માટે વિશેષ સમિતિ.
- સુધારા: વીજળી, મજૂર અને મકાન બાંધકામ ક્ષેત્રે ક્રાંતિકારી સુધારાઓ.



અમારી સાથે જોડાવો

## પ્રોગ્રેસિવ પંજાબ ઇન્વેસ્ટર્સ સમિટ ૨૦૨૬

તારીખ: ૧૩-૧૫ માર્ચ, ૨૦૨૬

સ્થળ: પ્લાક્ષા યુનિવર્સિટી, મોહાલી

એસ. ભગવંત સિંહ માન
મુખ્યમંત્રી, પંજાબ

સૂચના તેમજ જનસંપર્ક વિભાગ, પંજાબ

1092/18/2025-26/9166

# AAPની "પરિવર્તન લાવો કિસાન બચાવો યાત્રા" અંતર્ગત સુરેન્દ્રનગરના ચાચકા ગામમાં સભા યોજાઈ



અમદાવાદ : આમ આદમી પાર્ટી દ્વારા શરૂ કરવામાં આવેલ 'પરિવર્તન લાવો, કિસાન બચાવો યાત્રા' ગતરોજ રાત્રે સુરેન્દ્રનગરના ચાચકા ખાતે પહોંચી હતી અને ત્યાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાચકા ખાતે આયોજિત સભા ખૂબ જ મહત્વપૂર્ણ સભા હતી કારણ કે AAP ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ફ્રન્ટલ સંગઠન પ્રમુખ પ્રવીણ રામ અને પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી સહિત AAP નેતાઓએ બોટાદ-હડદડ કાંડમાં જેલમાં રહીને આવેલા ખેડૂતોનું સન્માન કર્યું હતું. સભાને સંબોધન કરતાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે અમે રાજનીતિમાં કોઈ સ્વાર્થ માટે આવ્યા નથી. ચૂંટણી આવે કે ન આવે, સત્તા મળે કે ન મળે - અમે કોઈ ઈમ્પોર્ટેડ નેતા નથી. અમે એક વિઝન લઈને રાજનીતિમાં આવ્યા છીએ. ઘણા લોકો મને કહેતા કે તમે પત્રકાર તરીકે સારા હતા, રાજનીતિમાં શા માટે આવો છો? રાજનીતિમાં ઘણી મુશ્કેલીઓ આવે છે. પરંતુ હું તેમને કહેવા માંગું છું કે અમે રાજનીતિમાં લોકોના પ્રશ્નો માટે આવ્યા છીએ. મેં જોયું કે ભાજપ સરકાર ખેડૂતના નામે રાજકારણ કરે છે, પરંતુ ખેડૂત વિરોધી કાયદા બનાવે છે. વિધાનસભામાં એવા કાયદા લાવવામાં આવ્યા છે કે જો નહેરમાંથી પાણી લેવામાં આવે તો ખેડૂતને જેલમાં મૂકવામાં આવશે. ખેડૂતોના ખેતરોમાં કંપનીઓ માટે તારમાં વાડ નાખવામાં આવે છે, પોલીસ તૈનાત કરવામાં આવે છે અને ખેડૂતો સામે કેસ કરવામાં આવે છે. ધિાનસભામાં પૂછવામાં આવ્યું હતું કે ખેડૂતોના ખેતરોમાં કંપનીઓ માટે સુરક્ષા કેવી રીતે આપવામાં આવે છે, ત્યારે સરકારે સ્વીકાર્યું હતું કે દ્વારકા અને કચ્છ જેવા વિસ્તારોમાં કંપનીઓને ભાડે પોલીસ આપવામાં આવે છે. આ ખૂબ જ ગંભીર બાબત છે.

## ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારને અંતિમ વિદાય, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | ઉમરેઠ વિધાનસભાના ધારાસભ્ય અને ભારતીય જનતા પાર્ટીના નિષ્ઠાવાન કાર્યકર સ્વ. ગોવિંદભાઈ પરમારની અંતિમયાત્રામાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પાર્થિવ દેહને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની વિદાય આપી હતી અને અંતિમવિધિમાં ભાગ લઈ શોકગ્રસ્ત પરિવારને સાંત્વના પાઠવી હતી. આ પ્રસંગે જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે ગોવિંદભાઈ પરમારનું નિધન માત્ર ઉમરેઠ પંથક માટે જ નહીં, પરંતુ ભારતીય જનતા પાર્ટી અને ગુજરાતના જાહેર જીવન માટે પણ મોટી ખોટ સમાન છે. તેમણે વધુમાં જણાવ્યું કે ગોવિંદભાઈ પરમારનું સમગ્ર જીવન શિસ્ત, સમર્પણ અને સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ રહ્યું છે. તેમણે હંમેશા સામાન્ય નાગરિકોના પ્રશ્નોને પ્રાથમિકતા આપી તેમના હિતમાં કાર્ય કર્યું હતું.

## આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના સ્વાગતાર્થે સુરતમાં ભવ્ય શુભેચ્છા કાર્યક્રમ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | સુરત: કામરેજ વિધાનસભાના ધારાસભ્ય અને રાજ્યના આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા લાંબી માંદગી બાદ સંપૂર્ણ સ્વસ્થ થઈ સુરત પધારતા કામરેજ વિધાનસભા ભાજપ પરિવાર દ્વારા તેમના સ્વાગતાર્થે ભવ્ય શુભેચ્છા કાર્યક્રમ યોજાયો હતો. વ્રજ ગોકુલવાડી ફાર્મ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ, આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક આગેવાનો, વિવિધ સંગઠનોના હોદ્દેદારો તેમજ સ્નેહીજનોએ ફૂલહાર અને પુષ્પગુચ્છ અર્પણ કરી મંત્રીશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. મોડી રાત સુધી કામરેજ વિસ્તારના કાર્યકર્તાઓ અને શુભેચ્છકો મંત્રીશ્રીને મળવા ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે પ્રફુલભાઈ પાનશેરીયાએ સૌનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે કાર્યકર્તાઓ અને જનતાની પ્રાર્થનાઓ તથા શુભેચ્છાઓના કારણે જ તેઓ ઝડપથી સ્વસ્થ થઈ ફરીથી જનસેવામાં જોડાઈ શક્યા છે.

# 10 થી 15 માર્ચ સુધીમાં જિલ્લા અને લોકસભા સ્તરે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરાશે: મનોજ સોરઠીયા



અમદાવાદ : આમ આદમી પાર્ટી પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. થોડા સમયમાં સ્થાનિક ચૂંટણીઓ યોજાવાની છે. આ બાબતે આમ આદમી પાર્ટી સતત સંઘર્ષ કરતી કરતી આજે ગુજરાતની અંદર મજબૂતીથી એક મહત્વપૂર્ણ વિકલ્પ તરીકે ઊભરી આવી છે. આજે જ્યારે સ્થાનિક ચૂંટણીઓ આવી રહી છે ત્યારે પાર્ટી તમામ સીટો પર મજબૂતીથી ચૂંટણી લડવા જઈ રહી છે અને ઉમેદવારો ઉતારશે. આ બાબતે આમ આદમી પાર્ટીની ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા આગામી ૧૦મી તારીખથી શરૂ થવા જઈ રહી છે. આમ આદમી પાર્ટી દ્વારા બે તબક્કામાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કામાં જિલ્લા અને લોકસભા સ્તરે આગામી ૧૦મી તારીખથી લઈને ૧૫મી તારીખ સુધી અલગ અલગ જિલ્લાઓ અને લોકસભા વિસ્તારોમાં આમ આદમી પાર્ટીની સ્ક્રુટિની કમિટીઓ બેઠકો કરશે. તેમાં તમામ દાવેદારો, જેમણે ચૂંટણી લડવા માટે ઈચ્છા દર્શાવી છે, તેઓને મળવામાં આવશે અને સાથે સંગઠનના સાથીઓ સાથે ચર્ચા કરીને પસંદગી પ્રક્રિયા આગળ વધારવામાં આવશે.AAP નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું કે ત્યારબાદ પ્રદેશ સ્તરે પ્રદેશ ચૂંટણી કમિટી દ્વારા ૧૬મીથી ૧૮મી તારીખ વચ્ચે તમામ ઉમેદવારના નામો અને ચર્ચાઓ પર વિચાર કરવામાં આવશે. ત્યાર પછી આ તમામ નામો આમ આદમી પાર્ટીની સર્વોચ્ચ સમિતિ પાસે અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે. અમને પૂરો વિશ્વાસ છે કે આમ આદમી પાર્ટીના તમામ ઉમેદવારો ૨૦મી માર્ચ પછી જાહેર કરવામાં આવશે અને પાર્ટી તમામ સીટો પર મજબૂત ઉમેદવારો સાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે. આ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ પારદર્શક અને લોકશાહી પદ્ધતિથી કરવામાં આવી રહી છે, જેમાં પાર્ટીના કાર્યકરો, પદાધિકારીઓ અને સમર્થકોને પણ ભાગ લેવા તક મળશે. તેમણે વધુમાં જણાવ્યું કે ગુજરાતના લોકો અને ગુજરાતના યુવાનો ભાજપના શાસનમાંથી મુક્તિ ઈચ્છે છે. આમ આદમી પાર્ટી એક સકારાત્મક વિકલ્પ તરીકે આગળ આવી રહી છે ત્યારે જેને પણ રાજકારણમાં આવવું હોય તે આ પ્રક્રિયામાં ભાગ લઇ શકે છે.આવો સાથે મળીને ગુજરાતને ભાજપના અત્યાચારમાંથી મુક્ત કરીએ અને સાચા અર્થમાં ગુજરાતનો વિકાસ કરીએ.

# News Brief

## AAP કાર્યકર અને દલિત સમાજના આગેવાન ભરત સોંદરવાની હત્યા

અમદાવાદ : આમ આદમી પાર્ટીના OBC સેલ પ્રમુખ પિયુષ પરમારે એક ગંભીર મુદ્દા પર વિડીયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગત રાત્રે આમ આદમી પાર્ટીના પ્રખર કાર્યકર્તા તથા દલિત સમાજ માટે હંમેશા અવાજ ઉઠાવનાર ભરત સોંદરવાની રમરેચી મુકામે હત્યા થઈ છે. તેમના પરિવાર સાથે સતત અમે સંપર્કમાં છીએ અને પોલીસને પણ અમે વાત કરી કે તાત્કાલિક ધોરણે હત્યારાને પકડવામાં આવે. પોલીસે પણ આશ્વાસન આપ્યું હતું કે આરોપીઓ પકડાઈ જશે. ત્યારબાદ પરિવારને મનાવીને ભરતભાઈના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવા માટે જુનાગઢ રવાના કરવામાં આવેલ હતું પરંતુ આજે સાંજનો સમય થઈ ગયો તેમ છતાં પણ હજુ સુધી પોલીસ દ્વારા એક પણ હત્યારાની ધરપકડ કરવામાં આવી નથી. તો આ અમારી ન્યાયની લડાઈ છે માટે હું પ્રશાસન સમક્ષ માંગ કરું છું કે ભરતભાઈ સોંદરવાના હત્યારાઓને તાત્કાલિક ધોરણે પકડવામાં આવે. હાલ પરિવારે અને તમામ લોકોએ નક્કી કર્યું છે કે જ્યાં સુધી ભરતભાઈ સોંદરવાના હત્યારાઓને પકડવામાં નહીં આવે ત્યાં સુધી તેમના મૃતદેહને સ્વીકારવામાં નહીં આવે.

## એલપીજીમાં 60 રૂપિયાનો વધારથી સામાન્ય અને મધ્યમ વર્ગ પર ભાર : ગૌરી દેસાઈ AAP

અમદાવાદ: આમ આદમી પાર્ટી ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે આજે ફરીથી એલપીજીમાં 60 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિનની સરકાર હોવા છતાં પણ ભાવવધારો અટકતો નથી અને દિવસે ને દિવસે જરૂરી વપરાશની વસ્તુઓમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું કે 60 રૂપિયાનો વધારો સામાન્ય પરિવાર, મધ્યમ વર્ગ અને ગરીબ લોકો માટે કેટલો મોટો છે તે એ લોકો જ જાણતા હોઈ છે કારણ કે ભારતીય



જનતા પાર્ટી મોટી મોટી વાતો તો કરે છે કે અમે ગરીબ પરિવારો સાથે છીએ, મહિલાઓ સાથે છીએ અને સામાન્ય વર્ગ માટે કામ કરીએ છીએ, પરંતુ હકીકતમાં લોકો પર ખર્ચાનો ભાર વધતો જાય છે. AAP નેતા ગૌરી દેસાઈએ વધુમાં જણાવ્યું કે જ્યારે લોકોને પૂછવામાં આવે છે કે તેમની આવક વધી છે કે નહીં, ત્યારે મોટાભાગના લોકો કહે છે કે આવક વધી નથી, પરંતુ ખર્ચામાં સતત વધારો થઈ રહ્યો છે. તેની સાથે સાથે સરકાર તરફથી આવી ગિફ્ટ મળે છે કે જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારી દેવામાં આવે છે અને તેનો બોજો માત્ર સામાન્ય જનતાને જ ભોગવવો પડે છે. ગૌરી દેસાઈએ જણાવ્યું કે આજે જનતાએ જે સરકારને વોટ આપીને સત્તા પર બેસાડી છે, તેનું પરિણામ એ છે કે લોકોને એલપીજીમાં 60 રૂપિયાના ભાવવધારાનું "ઈનામ" મળી રહ્યું છે. તેમણે કહ્યું કે હું ગૌરી દેસાઈ, આમ આદમી પાર્ટીની મહિલા નેતા તરીકે અને એક ગુજરાતી મહિલા તરીકે કહેવા માગું છું કે આવી સરકાર જે દિવસેને દિવસે આવકને સ્થિર રાખે છે અને ઘરખર્ચમાં વધારો કરે છે, તેવી સરકારને ઘેર બેસાડવાની જરૂર છે.

## વિદેશ મોકલવાના બહાને માણસાના યુવક સાથે પિતા-પુત્રની ૧૬.૪૦ લાખની ઠગાઇ

માણસા | માણસા તાલુકાના આજોલ ગામના મૂળ વતની અને હાલ માણસા શહેરમાં બંગલોમાં રહી છૂટક મજૂરી કરીને ગુજરાન ચલાવતા ૨૯ વર્ષીય યુવક સાથે ચાંદખેડાના વિઝા એજન્ટ પિતા પુત્રએ ઓસ્ટ્રેલિયા મોકલવાના બહાને કુલ ૧૬.૪૦ લાખની રકમ પડાવી લઈ ઠગાઈ આચરવામાં આવતા માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. માણસાના ક્રિષ્ના બંગલોમાં રહી છૂટક મજૂરી કરતા ભાવિક રાજેન્દ્રભાઈ ચાવડા ઓસ્ટ્રેલિયાના વિઝા મેળવવા માટે બે વર્ષ અગાઉ ચાંદખેડા ખાતે રહેતા વિઝા એજન્ટ બંસી નવીનચંન્દ્ર દેસાઈ તથા તેનો દીકરો વરૂણ દેસાઈને મળ્યો હતો. એ વખતે ભાવિકને વિશ્વાસમાં લઈ પિતા પુત્રએ જણાવ્યું હતું કે તેઓ ઘણા લોકોને સફળતાપૂર્વક વિદેશ મોકલી ચૂક્યા છે. આથી વિશ્વાસમાં આવીને ભાવિકે ૩૧.૨૩ લાખનું પેકેજ નક્કી કર્યું હતું. જે પૈકી શરૃઆતમાં પ્રોસેસ પેટે ૨૫,૦૦૦ ફોન-પે મારફતે ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ વધુ વિશ્વાસ કેળવવા એજન્ટોએ ભાવિકના મોબાઈલ પર ઓસ્ટ્રેલિયાના ટુરીસ્ટ વિઝાની નકલ મોકલી હતી. જે જોઈને તેને ખાતરી થઈ હતી કે તેનું કામ થઈ જશે.જેના પગલે તેણે પોતાના મિત્રો અને સંબંધીઓ પાસેથી ઉછીના પાછીના કરી ૨૪ અને ૨૫ જૂન ૨૦૨૫ દરમિયાન ૧૪.૧૫ લાખ આરટીજીએસથી ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ એજન્ટ વરુણ દેસાઈએ ઓસ્ટ્રેલિયાની ટિકિટ બુકિંગના નામે વધુ ૨ લાખ પડાવ્યા હતા. આમ, ભાવિકે પોતાની મહેનતના અને ઉછીના લીધેલા કુલ ૧૬.૪૦ લાખ એજન્ટોને આપી દીધા હતા જોકે ભાવિકે વિઝા અને ટિકિટની વિગતો ઓનલાઈન તપાસી ત્યારે તેમાં કોઈ રેકોર્ડ મળ્યો ન હતો.

# ઈરાન યુદ્ધના બહાને અદાણી ગેસની લૂંટ: '40% ગેસ વાપરો, 60%નો ડબલ ભાવ ચૂકવો'

અમદાવાદ | અમદાવાદ સહિતની ઔદ્યોગિક વસાહતમાં અદાણી ગેસ પાસેથી ગેસનો પુરવઠો લેનારા ઔદ્યોગિક એકમોને અદાણી ગેસે મેસેજ આપીને તેમના રોજિંદા કોન્ટ્રાક્ટના 40 ટકા ગેસ જ વાપરવાની સૂચના આપવામાં આવી છે. બાકીના 60 ટકા ગેસના બમણાં ચાર્જ ચૂકવવાની સૂચના પણ અદાણી ગેસ તરફથી આપવામાં આવી છે. અમેરિકા-ઈઝરાયલે ઈરાન સામે યુદ્ધ છેડતા અદાણી ગેસને ઉદ્યોગો-પ્રજાજનોને લૂંટવાની ગોલ્ડન તક મળી ગઈ છે. આમ ઘરમાં રસોઈ માટે વપરાતા પીએનજી-પાઈપ્ડ નેચરલ ગેસ અને ઔદ્યોગિક વપરાશ માટેના કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ-સીએનજીના ભાવમાં વધારો થવાની શરૂઆત થઈ ગઈ છે. જે સીએનજીના ક્યૂબિક મીટરના રુ. 61 લેવાતા હતા તેના અત્યારે 119 ક્યૂબિક મીટરદીઠ લેવામાં આવી રહ્યા છે. આમ યુદ્ધને કારણે મોકો મળ્યો તેવા જ ગેસના વપરાશકારોને લૂંટવાના શરુ કરી દેવામાં આવ્યા છે. આમ અદાણી ગેસને ઉદ્યોગો અને પ્રજાજનોને લૂંટવાની ગોલ્ડન ઓપોર્ચ્યુનિટી મળી ગઈ છે. આ જ રીતે 425 કિલોના એલપીજી સિલિન્ડરના ભાવ જીએસટી સાથે રુ. 43730 કરી દેવામાં આવ્યા છે. અદાણીએ તેમના ગ્રાહકોને મોકલેલા મેસેજમાં જણાવવામાં આવ્યું છે કે, હોર્મુઝની ખાડીમાંથી ઓઈલ ટેન્કરો કે પછી એલએનજી ટેન્કરો ન જઈ શકતા હોવાથી સપ્લાયમાં કાપ મૂકવામાં આવ્યો છે. સ્ટાન્ડર્ડ ક્યૂબિક મીટર ગેસના ભાવ અગાઉ રૂા. 61 લેવાતા હતા તે અત્યારે વધારીન 119 કરી દેવામાં આવ્યા છે. માત્ર ગુજરાત જ નહિ, સમગ્ર ભારતના સીએનજી વિક્રેતાો ગેસની આયાત કતારની એલએનજીના સેક્ટરની રાસ લાફાન સિટીમાં આવેલી કંપની કતાર એનર્જીએ તેને કાચો માલ ન મળતો હોવાથી તેનું એક યુનિટ બંધ કરી દેવાની જાહેરાત કરી છે.

# દેશ-વિદેશના ફૂલોની સુગંધ અમદાવાદને મહેકાવશે શેલામાં 128 કરોડના ખર્ચે તૈયાર થશે 'લોટસ પાર્ક'

અમદાવાદ | અમદાવાદમાં સૌથી મોંઘો અને અલગ-અલગ રાજ્યોના ફૂલોવાળો કમળ આકાર ધરાવતો ગાર્ડન બનાવવામાં આવશે. શહેરના શેલા વિસ્તારમાં ક્લબ ઓ સેવન નજીક ધાતલા તલાવડીની જગ્યામાં 128 કરોડના ખર્ચે લોટસ પાર્ક બનાવવા માટેની મંજૂરી સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આપવામાં આવી છે. જેમાં ફ્લાવર મ્યુઝિયમ અને ગ્લો ગાર્ડન પણ બનાવાશે. ચાલુ વર્ષે બજેટમાં તેના માટે 20 કરોડની ફાળવણી પણ કરી દેવામાં આવી છે. દેશના તમામ રાજ્યોના ફૂલો આ પાર્કમાં જોવા મળશે. એમ્યુઝમેન્ટ પાર્કની સાથેનો સૌથી અલગ ગાર્ડન શહેરમાં બનવા જઈ રહ્યો છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, શહેરમાં કમળના આકારના બનવા જઈ રહેલા લોટસ પાર્કમાં ભારતના દરેક રાજ્યના રાજ્ય ફૂલોને પ્રદર્શિત કરવામાં આવશે. શેલામાં ધાતલા તલાવડી પાસે 37,033 ચોરસ મીટર જમીન પર બનશે. 30 મીટરનો પ્રવેશદ્વાર હશે. પ્લોટના 40 ટકા ભાગમાં એસેમ્બલી જેવું માળખું હશે, જેની મહત્તમ ઊંચાઈ 45 મીટર હશે. બગીચાની અંદર ફ્લાવર મ્યુઝિયમ, સ્પા, સોવેનિયર શોપ, મલ્ટીમીડિયા થિયેટર અને બેસવા માટે ખુલ્લી જગ્યાઓ હશે. બાજુના પ્લોટમાં 'ગ્લો ગાર્ડન' બનાવવાનું પણ આયોજન છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોટસ પાર્ક બન્યા બાદ તેમાં એન્ટ્રી ફી પણ રાખી શકે છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ભારત દેશનાં તમામ રાજ્યોનાં ફુલો એક જ સ્થળે પ્રસ્થાપિત કરવામાં આવશે. આ ઉપરાંત ફ્લોરલ મ્યુઝિયમમાં વિદેશનાં ફુલોનું પ્રદર્શન કરવામાં આવશે. આ પાર્ક ડેવલોપ થવાથી તમામ રાજ્યોનાં ફુલોનું એક જ સ્થળે પ્રદર્શન, વન એમ્યુઝમેન્ટ પાર્ક, હેરીટેજ વિસ્તારનું બ્યુટીફીકેશન વગેરે સુવિધાના કામો થશે. જેથી, શહેરની શોભામાં વધારો થશે તથા સદર લોટસ પાર્કનો લાભ સમગ્ર શહેરીજનોને થશે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર આ પ્રોજેક્ટ માટે પેનલની બહારના એક કન્સલ્ટન્ટની નિમણૂક કોઈપણ સત્તાવાર ટેન્ડર પ્રક્રિયા વિના કરવામાં આવી હતી. વધુમાં, પેનલમાં સામેલ આર્કિટેક્ટ્સ ઓછા દરે ઉપલબ્ધ હોવા છતાં આ કન્સલ્ટન્ટને તુલનાત્મક રીતે વધુ ફી આપવામાં આવી છે.

## વિવાદાસ્પદ બનેલી સેવન્થ ડે સ્કૂલને લીઝ ડીડની શરતભંગ બદલ શોકોઝ અપાઈ

અમદાવાદ | વિવાદાસ્પદ સેવન્થ ડે સ્કૂલને લીઝ ડીડની શરત ભંગ બદલ કોર્પોરેશન તરફથી શોકોઝ નોટિસ અપાઈ છે. લીગલ કમિટીના ચેરમેન પ્રકાશ ગુર્જરે કહ્યુ, હાઈકોર્ટમાં પીટીશનરે એપ્લીકેશન વીથ ડ્રો કરી હોવાથી નેચરલ જસ્ટીસના સિધ્ધાંત મુજબ કોર્પોરેશન સંચાલકોને સુનાવણી માટે બોલાવશે એ સમયે તેમણે હાજર રહેવાની સાથે જરુરી દસ્તાવેજ સાથે લેખિતમાં રજૂઆત કરવાની રહેશે. લીગલ કમિટીના ચેરમેનના કહેવા પ્રમાણે, દાવો વીથ ડ્રો કરાયો હોવાથી કાયદાકીય બાધ નડતો નથી. કોર્પોરેશન દ્વારા બનાવાયેલી એસ.ઓ.પી.મુજબ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અથવા તો ઉચ્ચ અધિકારી સંચાલકોને સુનાવણી માટેની તક આપશે.કોર્પોરેશન તરફથી આપવામા આવેલી ૧૦૪૯૫ ચોરસ મીટર જગ્યામા કોર્પોરેશને ભાડે આપી નથી એવા લોકો મિલકતોનો વપરાશ કરી રહયા છે. આ કારણથી સંચાલકોને ફાળવવામા આવેલી જગ્યાનુ લીઝ ડીડ રદ કેમ ના કરવુ તે અંગે કારણ દર્શક નોટિસ અપાઈ છે.

# દાણીલીમડામાં ટ્રકમાંથી 170 લીટર ડીઝલ ચોરી કરનારની ધરપકડ.... રાત્રે પાર્ક કરેલા વાહનોમાંથી ડીઝલ ચોરતો હતો, ચોરી કરેલું ડીઝલ વેચવા ગયો ને ઝડપી પાડવામાં આવ્યો...

અમદાવાદ | અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં ગાંધીનગર સ્ટેટ મોનિટિંગ સેલની ટીમ દ્વારા ડીઝલ ચોરીનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. જેના પડઘા પડતા પીઆઈની કંટ્રોલ રૂમમાં બદલી કરવામાં આવી છે, ત્યારે નવા આવેલા દાણીલીમડા પીઆઈ દ્વારા વિસ્તારમાંથી ડીઝલ ચોરી કરનાર એક આરોપીની ધરપકડ કરી છે. પાર્ક કરેલા ટ્રકમાંથી ડીઝલની ચોરી કરી વેચવા જઈ રહ્યો હતો, ત્યારે પોલીસ દ્વારા તેને ઝડપી પાડવામાં આવ્યો છે અને ચોરાયેલું ડીઝલ પણ કબજે કરવામાં આવ્યું છે. મૂળ હરિયાણાના રહેવાસી અને ટ્રક ડ્રાઈવિંગનો ધંધો કરનાર ઈમરાન પઠાણ રાજસ્થાનના જયપુરના રહેવાસી આશિષભાઈનું ટાટા કંપનીનું કન્ટેનર વાહન ચલાવે છે. ત્રણ માર્ચના રોજ હરિયાણાથી ગાડી ભરી અને રાજસ્થાનના ભીલવાડા ખાતે ખાલી કરી હતી. જે બાદ ભીલવાડાથી અમદાવાદનું તેમને ભાડું મળતા તેઓ છ માર્ચના રોજ મોડી રાત્રે અમદાવાદના બહેરામપુરા પાસે આવ્યા હતાં. જ્યાં ક્રિશ્ચિયન કબ્રસ્તાન પાસે તેમનું કન્ટેનર પાર્ક કરવામાં આવ્યું હતું. કન્ટેનર પાર્ક કરી અને તેઓ રાત્રે કેબિનમાં જ સુઈ ગયા હતા.

વહેલી સવારે 5:30 વાગ્યાની આસપાસ તેઓ જાગ્યા હતા અને ગાડીની નીચે ઉતરીને જોતા બે ડીઝલની ટાંકી પૈકી એક ટાંકી જે ફૂલ ભરેલી હતી. તેનું લોક તૂટેલું હતું. જ્યારે તેમાં તપાસ કરતા અડધી ટાંકી ખાલી થયેલી જોવા મળી હતી. જેથી રાત્રિના સમયે કોઈ વ્યક્તિ દ્વારા ડીઝલની ચોરી કરી હતી. જેને લઈને તેમણે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

દાણીલીમડા પોલીસને બાતમી મળી હતી કે, ચોરી કરનાર આરોપી દાણીલીમડા વિસ્તારમાં જ રહે છે અને ચોરી કરેલું ડીઝલ ત્યાંથી લઈને વેચવા જઈ રહ્યો છે. જે બાતમીના આધારે દાણીલીમડા વિસ્તારમાં ફૈસલપાર્કમાં રહેતો શોએબ પઠાણ નામના વ્યક્તિની ધરપકડ કરી હતી.

આરોપી ડ્રાઈવિંગનો વ્યવસાય કરે છે અને તેણે આ ડીઝલ ચોરી લીધું હતું. ડીઝલ ચોરી કરવા જતો હતો તે દરમિયાનમાં આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો. હાલ દાણીલીમડા પોલીસે 170 લીટર ડીઝલ સાથે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## મુખ્યમંત્રીના હસ્તે ૭૩ આદિવાસી ગામોને લિફ્ટ ઈરીગેશન સુવિધા, ૫૩ હજાર એકરથી વધુ જમીનને સિંચાઈનો લાભ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોના કૃષિ વિકાસને ગતિ આપવા સુરત જિલ્લાના ઉમરપાડા તથા નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના ૭૩ ગામોની અંદાજે ૫૩,૭૫૦ એકર જમીનને સિંચાઈ સુવિધા આપતી ઉકાઈ જળાશય આધારિત તાપી-કરજણ લિંક પાઈપલાઈન ઉદવહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ કર્યું હતું. આશરે રૂ. ૬૫૧ કરોડના ખર્ચે નિર્મિત આ યોજના દ્વારા આદિજાતિ ખેડૂતોને ખેતર સુધી પાણી પહોંચાડવાની સુવિધા ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૨૦૮ કરોડના ખર્ચે થનારા યોજનાના એક્સટેન્શન કાર્યનું ભૂમિપુજન પણ કર્યું. આ યોજના પૂર્ણ થતાં ઉમરપાડા તાલુકાના ૨૯ ગામોની અંદાજે ૧૯ હજાર એકરથી વધુ જમીનને સિંચાઈનો લાભ મળશે. કાર્યક્રમ દરમિયાન સુરત શહેર અને જિલ્લામાં રૂ. ૧૨૬ કરોડના વિવિધ વિકાસકામોના ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત @2047ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત વિકાસની દિશામાં આગેવાની લઈ રહ્યું છે. આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨ લાખ કરોડની જનજાતિય કલ્યાણ યોજનાની શરૂઆત કરવામાં આવી છે, જેના પરિણામે શિક્ષણ, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે ઝડપી વિકાસ થશે.

## દહેગામ નજીક ક્રેટા કારમાંથી ૬૭૨ બોટલ વિદેશી દારૂ જપ્ત, બે આરોપી ઝડપાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

દહેગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ-૧ની ટીમે કાર્યવાહી કરી ક્રેટા કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ૬૭૨ બોટલ વિદેશી દારૂ સહિત કુલ રૂ. 10.89 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે અને બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.



મળતી માહિતી મુજબ એલ.સી.બી. ટીમને બાયડ રોડ તરફથી દહેગામ તરફ આવતી સફેદ રંગની ક્રેટા કાર (નં. GJ-13-AH-5607)માં વિદેશી દારૂનો જથ્થો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે બાયડ ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી કારને રોકી તપાસ કરતા કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી કુલ ૬૭૨ બોટલો મળી આવી હતી. પોલીસે રૂ. ૨.૮૩ લાખનો દારૂ, રૂ. ૮ લાખની ક્રેટા કાર, ત્રણ મોબાઈલ ફોન તેમજ અન્ય સામગ્રી મળી કુલ રૂ. ૧૦.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ મામલે પોલીસે ભરતભાઈ ચેહરાભાઈ ડામોર અને શૈલેષકુમાર જયંતીભાઈ બારીયા (બંને રહે. તુંબલીયા, તા. મેઘરજ, જી. અરવલ્લી) ને ઝડપી પાડ્યા છે. આ કામગીરી ગાંધીનગર રેન્જના વડા વિરેન્દ્રસિંહ યાદવ અને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમસેટ્ટીના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર ડી.બી. વાળા, એન.બી. ચૌધરી, પી.એસ.આઇ. વી. એલ. પટેલ સહિતની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે અમદાવાદમાં અંગદાતા મહિલાઓનું સન્માન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે શેલ્બી હોસ્પિટલ્સ દ્વારા અમદાવાદના એએમએ ખાતે "She Gave Life Beyond Life" થીમ હેઠળ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રિવાબા જાડેજા અને



જાણીતી ગાયિકા કિંજલ દવે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન અંગદાનનો નિઃસ્વાર્થ નિર્ણય લઈ અનેક પરિવારોને નવજીવન આપનાર પ્રેરણાદાયી મહિલાઓનું મંત્રી રિવાબા જાડેજા અને ગાયિકા કિંજલ દવેના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રી રિવાબા જાડેજાએ જણાવ્યું કે અંગદાન માનવતાની સર્વોત્તમ સેવા અને સાચું 'મહાદાન' છે. તેમણે કહ્યું કે મહિલાઓનો નિઃસ્વાર્થ સેવા ભાવ અને સમર્પણ સમાજ માટે પ્રેરણારૂપ છે અને અંગદાન દ્વારા એક જીવનનો અંત અનેક જીવનોમાં નવી આશા પ્રગટાવે છે. આ પ્રસંગે ગાયિકા કિંજલ દવેએ પણ અંગદાન અંગે જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના દિલીપ દેશમુખ સહિત મોટી સંખ્યામાં નાગરિકો, અંગદાતા મહિલાઓ અને શેલ્બી હોસ્પિટલ્સનો સ્ટાફ હાજર રહ્યો હતો.

## અમરેલીના સનાળામાં કૃષિમંત્રી જીતુ વાઘાણીએ ટ્રેક્ટર ચલાવી ખેડૂત સાથે ખેતરમાં હળ હાંક્યું



ગાંધીનગરસંવાદદાતાવિજયવીરયાદવ

રાજ્યના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ અમરેલી જિલ્લાના સનાળા ગામે ખેડૂત મિત્ર રમેશભાઈના ખેતરની મુલાકાત લઈને ખેતી સાથે જોડાયેલો પોતાનો લગાવ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ સ્વયં ટ્રેક્ટર ચલાવી ખેતરમાં સવડું (હળ) હાંક્યું હતું. ખેતરમાં પહોંચેલા કૃષિમંત્રીએ ખેડૂતો સાથે આત્મીયતાપૂર્વક ગોઠડી માંડી અને ખેતી-વાડીની વર્તમાન સ્થિતિ, પાક તથા ખેડૂતોના પ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા કરી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું કે માટી સાથેનો આ સ્પર્શ ખેડૂતોના પરિશ્રમ અને સંકલ્પની અનુભૂતિ કરાવે છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર ખેડૂતોના પ્રશ્નોને નજીકથી સમજી તેમની સમસ્યાઓના ઉકેલ માટે સતત પ્રયાસશીલ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની સરકાર અન્નદાતાઓના સુખ-દુઃખમાં સહભાગી બની તેમને સહાયરૂપ થવા પ્રતિબદ્ધ હોવાનું તેમણે ઉમેર્યું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### સણીયા કણદે રોડ આત્મીય સંસ્કારધામમાં રહસ્યમય મોત

# સુરતના ડીંડોલીમાં સ્વામિનારાયણ મંદિરના બાથરૂમમાંથી બે વિદ્યાર્થિનીના મૃતદેહ મળ્યા

(એજન્સી) સુરત । તા. 07

દક્ષિણ ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા સુરત શહેરમાં રુવાડા ઉભા કરી દે તેવી એક કરૂણ ઘટના સામે આવી છે. શહેરના ડીંડોલી વિસ્તારમાં આવેલા સણીયા કણદે રોડ પર સ્થિત આત્મીય સંસ્કારધામ સ્વામિનારાયણ મંદિરના પરિસરમાંથી બે યુવાન વિદ્યાર્થિનીઓના રહસ્યમય સંજોગોમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. મંદિર જેવા પવિત્ર સ્થળે બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. આ મોત આકસ્મિક છે કે અન્ય કોઈ ગંભીર કારણ, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ઉધના સિટીઝન કોલેજમાં અભ્યાસ કરતી બે સખીઓ સવારે રાબેતા મુજબ કોલેજ જવા માટે ઘરેથી નીકળી હતી. મૃતક યુવતીઓની ઓળખ ૧૮ વર્ષીય રોશની શરદ શિરસાઠ અને ૨૦ વર્ષીય જોસના અતુલ ચૌધરી તરીકે થઈ છે. સાંજ સુધી બંને યુવતીઓ ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. પરિવારે વારંવાર મોબાઈલ પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સામે છેડેથી કોઈ જવાબ મળતો નહોતો. શોધખોળ દરમિયાન અંતે મંદિર પરિસરના બાથરૂમમાંથી બંનેની લાશ શંકાસ્પદ હાલતમાં મળી આવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

ઘટનાની જાણ થતા જ ડીંડોલી પોલીસ મથકની ટીમ અને ફોરેન્સિક નિષ્ણાતો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે બંને યુવતીઓના મૃતદેહનો કબજો મેળવીને તેને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ આત્મહત્યા છે કે કેમ તે અંગે પોલીસ હજુ મૌન સેવી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસે મંદિરના સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે જેથી યુવતીઓ ક્યારે અને કોની સાથે મંદિર પરિસરમાં આવી હતી તેની ચોક્કસ માહિતી મળી



શકે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે.

ભણવાની ઉંમરે બે આશાસ્પદ યુવતીઓના રહસ્યમય મોતે અનેક સવાલો ઉભા કર્યા છે. ઉધના સિટીઝન કોલેજમાં પણ આ સમાચાર વાયુવેગે ફેલાતા વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. મીડિયા અહેવાલ મુજબ, આસપાસના રહીશોમાં પણ આ ઘટનાને લઈ ભય અને આશ્ચર્યનો માહોલ છે. પોલીસે હાલમાં અકસ્માતે મોતનો ગુનો નોંધીને પરિવારજનોના નિવેદન લેવાની પ્રક્રિયા શરૂ કરી છે. બંને યુવતીઓ વચ્ચેની મિત્રતા અને તેમના છેલ્લા કેટલાક દિવસોના વર્તન અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

#### સુરત પોલીસની અપીલ અને સાવચેતી

સુરત પોલીસે સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓથી બચવા અને તપાસમાં સહકાર આપવા અપીલ કરી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ખાતરી આપી છે કે આ મામલે તટસ્થ તપાસ કરવામાં આવશે અને જો કોઈ ગુનાહિત પ્રવૃત્તિ જણાશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલ પૂરતું આત્મીય સંસ્કારધામમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. શહેરની યુવા પેઢીમાં વધી રહેલા માનસિક તણાવ કે અન્ય કોઈ સામાજિક કારણો આ ઘટના પાછળ જવાબદાર છે કે કેમ, તે જોવું રહ્યું.

## સુરત પાલિકા સેન્ટ્રલ ઝોન ભુવો: ફાયર ઓફિસના દરવાજે જ ધરાશાયી થયો રોડ



સુરત | ડાયમંડ સિટી સુરતમાં સામાન્ય રીતે ચોમાસા દરમિયાન ભુવા પડવાની ઘટનાઓ સામે આવતી હોય છે, પરંતુ આશ્ચર્યજનક રીતે ભરઉનાળે મહાનગરપાલિકાના નાક નીચે જ એક મોટો ભુવો પડવાની ઘટના સામે આવી છે. સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલી ફાયર વિભાગની કચેરીના મુખ્ય દરવાજાની બરોબર સામે જ આજે સાંજે અચાનક રોડ બેસી ગયો હતો. પાલિકાની મુખ્ય કચેરીની તદ્દન નજીક બનેલી આ ઘટનાએ તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા કર્યા છે. આ માર્ગ સતત વાહનોની અવરજવરથી ધમધમતો રહે છે. સાંજના વ્યસ્ત સમયે અચાનક ભુવો પડતા વાહનચાલકોમાં ગભરાટ ફેલાયો હતો. સદનસીબે, જ્યારે ભુવો પડ્યો ત્યારે કોઈ વાહન તેની ઉપરથી પસાર થઈ રહ્યું નહોતું, અન્યથા મોટી જાનહાનિ થવાની શક્યતા હતી. સુરત ફાયર ઓફિસ સામે ભુવો પડતા જ ફાયરના જવાનો અને પાલિકાના કર્મચારીઓ દોડી આવ્યા હતા અને તાત્કાલિક અસરથી ભુવાની આસપાસ બેરિકેડિંગ કરીને રસ્તો સુરક્ષિત કર્યો હતો.

## વડોદરા પોલીસ IPS બદલી સમાચાર: ચાર ઉચ્ચ અધિકારીઓનું આગમન

(એજન્સી) વડોદરા । તા. 07

આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા આઈપીએસ (IPS) અધિકારીઓની બદલીનો ગંજીપો ચીપવામાં આવ્યો છે. આ ફેરબદલમાં વડોદરા શહેરને ચાર નવા આઈપીએસ અધિકારીઓ મળ્યા છે. વડોદરાના પોલીસ ઈતિહાસમાં પહેલીવાર સેક્ટર-1 (ટ્રાફિક) ના એડિશનલ પોલીસ કમિશનરની મહત્વની પોસ્ટ ભરી દેવામાં આવી છે. આ નિમણૂકોથી શહેરની સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થામાં મોટા સુધારા આવવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

મીડિયા અહેવાલ મુજબ, વડોદરાના જોઈન્ટ પોલીસ કમિશનર ડો. લીના પાટીલની બદલી પોલીસ એકેડેમીમાં કરવામાં આવી છે. તેમની ખાલી પડેલી જગ્યાએ જૂનાગઢના આઈજીપી (IGP) નિલેશ જાજડીયાને વડોદરાના નવા જોઈન્ટ પોલીસ કમિશનર તરીકે મુકવામાં આવ્યા છે. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે, શહેરમાં સેક્ટર-1 (ટ્રાફિક) માટે એડિશનલ પોલીસ કમિશનરની નવી પોસ્ટ પર ડીઆઈજીપી (ઈન્ટેલિજન્સ) ડો. સુધીર દેસાઈની વરણી કરવામાં આવી છે. આ નિમણૂકથી શહેરના ટ્રાફિક અને ગુના નિયંત્રણમાં વધુ ચોકસાઈ આવશે. વડોદરા જેલના ડીઆઈજીપી (DIGP) તરીકે મહિલા અધિકારી સરોજકુમારીને મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત, સુધા પાન્ડેને વડોદરાના આર્મ્ડ યુનિટના ડીઆઈજીપી તરીકેની જવાબદારી સોંપાઈ છે. વડોદરા પોલીસ IPS બદલી સમાચાર મુજબ, આ તમામ અધિકારીઓ અનુભવી છે અને ચૂંટણી પહેલા શહેરની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં તેમની ભૂમિકા નિર્ણાયક સાબિત થશે.

વડોદરા કાયદો અને વ્યવસ્થા અપડેટ સૂચવે છે કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ દરમિયાન કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ તંત્રને મજબૂત કરવામાં આવી રહ્યું છે. સેક્ટર-1 એડિશનલ પોલીસ કમિશનર પોસ્ટ ભરાતા હવે ટ્રાફિકના જટિલ પ્રશ્નો અને શહેરના સંવેદનશીલ વિસ્તારો પર સીધું મોનિટરિંગ વધશે. નવા અધિકારીઓ ટૂંક સમયમાં વડોદરા પહોંચીને પોતાનો ચાર્જ સંભાળશે.

## નલિન પટેલ વડોદરા વકીલ અવસાન થી કાયદાકીય જગતમાં સ્તબ્ધતા

(એજન્સી) વડોદરા । તા. 07

વડોદરાના કાયદાકીય ક્ષેત્રના સ્તંભ સમાન સિનિયર એડવોકેટ અને ગુજરાત બાર કાઉન્સિલના વર્તમાન ચેરમેન નલિન પટેલનું દુ:ખદ અવસાન થતાં વકીલ આલમમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. છેલ્લા કેટલાક



દિવસોથી હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા નલિન પટેલનું મલ્ટી ઓર્ગન ફેલ્યોરના કારણે નિધન થયું હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. તેમની વિદાયથી માત્ર વડોદરા જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતના કાયદાકીય સમુદાયે એક પ્રભાવશાળી અને અનુભવી નેતૃત્વ ગુમાવ્યું છે. નલિન પટેલ વડોદરા વકીલ મંડળના પૂર્વ પ્રમુખ તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપી ચૂક્યા હતા. તેઓ કાયદાના ઊંડા અભ્યાસુ હોવાની સાથે સાથે વકીલોના પ્રશ્નો માટે હંમેશા અગ્રેસર રહેતા હતા. તાજેતરમાં જ યોજાયેલી વડોદરા વકીલ મંડળની ચૂંટણીમાં પણ તેમણે પ્રમુખ પદ માટે દાવેદારી નોંધાવી હતી, જે તેમની કાર્યક્ષમતા અને લોકપ્રિયતાનો પુરાવો હતો. હાલમાં તેઓ ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન જેવી પ્રતિષ્ઠિત જવાબદારી પણ નિભાવી રહ્યા હતા. નલિન પટેલના નિધનના સમાચાર મળતા જ વડોદરા વકીલ મંડળ દ્વારા શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. મંડળના પ્રમુખ હસમુખ ભટ્ટે જણાવ્યું હતું કે, નલિન પટેલ અગ્રણી કાયદાકીય નેતા હતા અને તેમના માર્ગદર્શન હેઠળ અનેક વકીલોએ કારકિર્દી બનાવી છે. તેમની સ્મૃતિમાં આદર વ્યક્ત કરવા માટે વકીલ મંડળે તમામ ન્યાયાધીશોને કોર્ટની કામગીરી સ્થગિત રાખવા માટેનો ઠરાવ પસાર કરીને મોકલી આપ્યો છે.

## વડોદરા ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ કેસ: દારૂના નશામાં ચૂર બે કાર ચાલકો ઝડપાયા

(એજન્સી) વડોદરા । તા. 07

વડોદરા શહેરમાં વધતા જતા અકસ્માતો અને બેફામ ડ્રાઈવિંગની ઘટનાઓને રોકવા માટે વડોદરા પોલીસ એક્શન મોડમાં આવી છે. પોલીસે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં હાથ ધરેલી તપાસ દરમિયાન 'ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ' ના બે મહત્વના કેસ નોંધી કુલ ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે. આ કાર્યવાહીથી નશાની હાલતમાં વાહન હંકારી નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકનારા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મીડિયા અહેવાલ મુજબ, નંદેસરી જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસને એક કાર શંકાસ્પદ રીતે વાંકીચૂકી આવતી જણાઈ હતી. પોલીસે કાર અટકાવી તપાસ કરતા ડ્રાઈવિંગ સીટ પર બેઠેલા વિપુલ છોટાભાઈ પરમાર અને તેની સાથે બેઠેલા પિંકેશ હસમુખભાઈ પરમાર (રહે. નારપુરા, આણંદ) બંને દારૂના નશામાં હોવાનું માલૂમ પડ્યું હતું. પોલીસે તાત્કાલિક બંને વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સમા વિસ્તારમાં જવાહરનગર હનુમાન મંદિર પાસે પણ પોલીસે ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન એક કારને અટકાવતા તેનો ચાલક પવાસ દેવરાજ અરોરા (રહે. છાણી) નશાની હાલતમાં જણાઈ આવ્યો હતો. પોલીસે તેની ધરપકડ કરી કાર કબજે લીધી હતી. વડોદરા ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ કેસ ની આ બંને ઘટનાઓ દર્શાવે છે કે પોલીસ હવે ટ્રાફિક નિયમોના ભંગ બદલ કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવા તૈયાર નથી.

વડોદરા ટ્રાફિક સુરક્ષા અપડેટ મુજબ, શહેરમાં અકસ્માતોની વણઝારને રોકવા માટે રાત્રિના સમયે બ્રેથ એનાલાઈઝર સાથે સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. વડોદરા પોલીસ દારૂના નશામાં ધરપકડ કરવાની સાથે વાહનચાલકોના લાયસન્સ રદ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરી શકે છે. પોલીસ અધિકારીઓએ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ નશાની હાલતમાં વાહન ન ચલાવે અને ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરે, જેથી માર્ગ અકસ્માતોમાં ઘટાડો કરી શકાય.

## વડોદરા VGL સાયબર ફ્રોડ એલર્ટ: ગેસ બિલના નામે ખાતું ખાલી કરવાની નવી તરકીબ

વડોદરા | સંસ્કારી નગરી વડોદરામાં વડોદરા ગેસ લિમિટેડ (VGL) ના ગ્રાહકોને નિશાન બનાવીને સાયબર ઠગોએ




છેતરપિંડીનું નવું જાળ બિછાવ્યું છે. અગાઉ વીજળીના બિલના નામે આવતા ફેક મેસેજથી લોકો સાવચેત થતા, હવે ઠગોએ ગેસ બિલ 'અપડેટ' કરવાના નામે લોકોને ફસાવવાનું શરૂ કર્યું છે. સોશિયલ મીડિયા અને SMS દ્વારા ફેલાવવામાં આવી રહેલા આ મેસેજોથી ગ્રાહકોના બેન્ક ખાતા સાફ થઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. ઠગો દ્વારા મોકલવામાં આવતા મેસેજમાં 'પ્રકાશ પ્રજાપતિ' નામના વ્યક્તિનો ઉલ્લેખ હોય છે અને સાથે એક મોબાઈલ નંબર પણ આપવામાં આવે છે. મેસેજમાં એવી ધમકી આપવામાં આવે છે કે, "તમારા ગેસનું બિલ અપડેટ થયું નથી અને જો આજે સાંજે ૯ વાગ્યા સુધીમાં અપડેટ નહીં થાય, તો તમારું ગેસ કનેક્શન કાપી નાખવામાં આવશે." આ પ્રકારની ધમકીથી ગભરાઈને ગ્રાહકો આપેલા નંબર પર ફોન કરે છે અને ઠગોની જાળમાં ફસાઈ જાય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જ્યારે ગ્રાહક સામેથી આપેલા નંબર પર ફોન કરે છે, ત્યારે સામી વ્યક્તિ ખૂબ જ વ્યાવસાયિક રીતે વાત કરે છે અને બિલ અપડેટ કરવાના વિવિધ સ્ટેપ્સ બતાવે છે. આ પ્રક્રિયા દરમિયાન ઠગો ગ્રાહકના મોબાઈલમાં કોઈ એપ્લિકેશન ડાઉનલોડ કરાવે છે.

### ન્યુ પારસ ડાઈંગ મિલમાં કેમિકલ ટાંકી સાફ કરતા દુર્ઘટના

# પાંડેસરા GIDCમાં ગેસ લીકેજથી 4 શ્રમિકોના મોત



(એજન્સી) સુરત । તા. 07

સુરતના ઔદ્યોગિક હબ ગણાતા પાંડેસરા GIDC વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ન્યુ પારસ ડાઈંગ મિલમાં કેમિકલની ટાંકી સાફ કરવા ઉતરેલા ચાર પરપ્રાંતીય શ્રમિકોના ઝેરી ગેસની ગૂંગળામણને કારણે કરૂણ મોત નિપજ્યા છે. ગુરુવારે રાત્રે બનેલી આ દુર્ઘટના બાદ તમામ શ્રમિકોને ડીંડોલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં શુક્રવાર સાંજ સુધીમાં ચારેય યુવકોએ દમ તોડી દેતા કામદાર આલમમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે. પોલીસે આ મામલે મિલ માલિક અને કોન્ટ્રાક્ટરની ભૂમિકા અંગે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પાંડેસરાના ગણેશનગર વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય સોનુકુમાર ઉર્ફે ધનંજય પાસવાન, ૨૦ વર્ષીય દિનુકુમાર ઉર્ફે અંકિત પાસવાન, મહેન્દ્ર પાસવાન અને સંદીપ પાસવાન ગુરુવારે રાત્રે ન્યુ પારસ ડાઈંગ મિલમાં ટાંકી સાફ કરવા ગયા હતા. ઈલેક્ટ્રિક મોટરથી પાણી બહાર કાઢ્યા બાદ જ્યારે શ્રમિકો ટાંકીમાં ઉતર્યા, ત્યારે અચાનક ગેસ પાઈપમાંથી કેમિકલ ગેસ લીકેજ થયો હતો. જોતજોતામાં ઝેરી ગેસ આખી ટાંકીમાં ફેલાઈ ગયો હતો અને ચારેય શ્રમિકો ત્યાં જ બેભાન થઈ ગયા હતા.

મિલના કર્મચારીઓએ ભારે જહેમત બાદ ચારેયને બહાર કાઢી હોસ્પિટલ પહોંચાડ્યા હતા. જોકે, સારવાર દરમિયાન સોનુકુમારનું ગુરુવારે રાત્રે જ મોત થયું હતું. ત્યારબાદ શુક્રવારે સવારે અંકિત અને સાંજે મહેન્દ્ર તથા સંદીપનું પણ કરૂણ મોત નિપજ્યું હતું. મૃતક ધનંજયના લગ્ન પાંચ વર્ષ પહેલા જ થયા હતા, જ્યારે સંદીપ તેના વતનમાં રહેતા પરિવારને આર્થિક મદદ કરવા સુરત મજૂરી કરવા આવ્યો હતો. આ ચારેય યુવકોના મોતે ચાર પરિવારોનો આધાર છીનવી લીધો છે.

પાંડેસરા પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. આ ચારેય યુવકો કંપનીના કાયમી કર્મચારી નહોતા પરંતુ કોન્ટ્રાક્ટ હેઠળ બહારથી બોલાવવામાં આવ્યા હતા. આ ઘટનાએ ફરી એકવાર GIDCમાં શ્રમિકોની સુરક્ષા સામે સવાલો ઉભા કર્યા છે. શું શ્રમિકો પાસે ગેસ માસ્ક કે અન્ય સુરક્ષા ઉપકરણો હતા? શું ટાંકીમાં ઉતરતા પહેલા ગેસની તપાસ કરવામાં આવી હતી?

આ તમામ પાસાઓ પર પોલીસ ઉંડી તપાસ કરી રહી છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ દુર્ઘટના બાદ પાંડેસરા GIDC ના અન્ય એકમોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. સુરત પુરવઠા વિભાગ અને ફેક્ટરી ઈન્સ્પેક્ટર દ્વારા મિલની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરવામાં આવી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, જો સુરક્ષામાં બેદરકારી જણાશે તો મિલ સંચાલકો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

### એસડીઆરએફ સર્ચ ઓપરેશન વડોદરા માં આધુનિક સાધનો સાથે શોધખોળ

# વડોદરા સમા કેનાલ યુવક ડૂબ્યો: શોધખોળ માટે SDRF મેદાને

(એજન્સી) વડોદરા । તા. 07

સંસ્કારી નગરી વડોદરામાં ધુળેટીના પર્વ પર લાગેલો ગ્રહણ હજુ પણ હટવાનું નામ નથી લઈ રહ્યો. સમા-સાવલી રોડ પર લીલેરીયા પાછળથી પસાર થતી કેનાલમાં ડૂબેલા યુવકની શોધખોળ માટે હવે સ્થાનિક ફાયર બ્રિગેડની અસમર્થતા બાદ રાજ્ય સરકારની સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF) ની મદદ લેવામાં આવી છે. ત્રણ દિવસથી સતત ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં હજુ સુધી કોઈ સફળતા મળી નથી, જેના કારણે યુવકના પરિવારજનોમાં ભારે ચિંતા અને આક્રોશ જોવા મળી રહ્યો છે.

મીડિયા અહેવાલ મુજબ, ધુળેટીના દિવસે બે યુવકો કેનાલમાં નાહવા પડ્યા હતા અથવા કોઈ કારણસર ડૂબ્યા હતા. તે પૈકી એક યુવકને સ્થાનિક તરવૈયાઓએ સમયસૂચકતા વાપરીને બચાવી લીધો હતો. જોકે, બીજો યુવક પાણીના તેજ પ્રવાહમાં લાપતા થઈ ગયો હતો. ઘટનાની



જાણ થતા જ વડોદરા ફાયર બ્રિગેડની ત્રણ અલગ-અલગ ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને પાછલા ત્રણ દિવસથી કેનાલના કિલોમીટરો સુધીના વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી.

#### પાણી ઓછું કરવા તજવીજ હાથ ધરાઈ

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, કેનાલમાં પાણીનું સ્તર અને પ્રવાહ વધુ હોવાથી રેસ્ક્યુ ટીમને ભારે મુશ્કેલી પડી રહી છે. આ પરિસ્થિતિને જોતા ફાયર બ્રિગેડ અને એસડીઆરએફની ટીમોએ વહીવટી તંત્રને કેનાલનું પાણી ઓછું કરવા અથવા બંધ કરવા માટે રજૂઆત કરી છે. જો પાણીનું સ્તર ઘટશે, તો યુવકની ભાળ મળવાની શક્યતા વધી જશે. અત્યારે બોટ અને આધુનિક હૂકની મદદથી કેનાલના ઊંડા ભાગોમાં તપાસ કરવામાં આવી રહી છે.

#### પરિવારની આશ અને તંત્રની દોડધામ

એસડીઆરએફ સર્ચ ઓપરેશન વડોદરા અત્યારે સમા કેનાલના વિવિધ પોઈન્ટ્સ પર કેન્દ્રિત છે. વડોદરા સમા કેનાલ યુવક ડૂબ્યો હોવાના સમાચાર વાયુવેગે પ્રસરતા કેનાલના કાંઠે મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા છે. પોલીસ બંદોબસ્ત વચ્ચે ચાલી રહેલા આ ઓપરેશનમાં ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવાની પણ વિચારણા ચાલી રહી છે. વડોદરા ફાયર બ્રિગેડ રેસ્ક્યુ ઓપરેશનના અધિકારીઓએ જણાવ્યું છે કે જ્યાં સુધી યુવકનો પત્તો નહીં લાગે ત્યાં સુધી આ સર્ચ ઓપરેશન ચાલુ રહેશે.

### બરોડા ડેરી ચૂંટણી ભાજપ મેન્ડેટ

## સહકારી ક્ષેત્રમાં પ્રથમવાર પક્ષનો સીધો દબદબો

(એજન્સી) વડોદરા । તા. 07

વડોદરાના સહકારી માળખામાં અત્યંત પ્રતિષ્ઠિત ગણાતી બરોડા ડેરીની ચૂંટણીમાં આ વર્ષે નવો ઈતિહાસ રચાયો છે. ડેરીની ૧૩ બેઠકો પૈકીની બાકી રહેલી ૬ બેઠકો માટે ભારતીય જનતા પાર્ટીએ પહેલીવાર 'મૌખિક મેન્ડેટ' જાહેર કર્યો છે. ૧૮મી માર્ચે યોજાનારી ચૂંટણી પહેલા પક્ષ દ્વારા આપવામાં આવેલી આ સૂચનાઓએ સહકારી ક્ષેત્રમાં હલચલ મચાવી દીધી છે. ખાસ કરીને ડેસર બેઠક પરના વર્તમાન ડિરેક્ટરના પત્તા કાપીને પક્ષે નવા ચહેરાને તક આપવાનો નિર્ણય લીધો છે. સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર જેમના નામનો સખત વિરોધ કરી રહ્યા હતા તેવા ડેસરના ક્ષત્રિય આગેવાન અને વર્તમાન ડિરેક્ટર કુલદીપસિંહ રાઉલજીને ભાજપે પડતા મૂક્યા છે. તેમના સ્થાને ધારાસભ્ય જૂથના વિશ્વાસુ સુરપાલસિંહ પરમારને મેન્ડેટ આપી ફોર્મ ભરવાની સૂચના અપાઈ છે. આ નિર્ણય સૂચવે છે કે ડેરીના રાજકારણમાં હવે સ્થાનિક લોક પ્રતિનિધિઓનું પ્રભુત્વ વધી રહ્યું છે.

ડેસર સિવાયની બાકી રહેલી ૫ બેઠકો પર ભાજપે કોઈ મોટો ફેરફાર કર્યો નથી. કરજણ, તિલકવાડા, ડભોઈ, પાવી જેતપુર અને વડોદરા તાલુકાની બેઠકો પર વર્તમાન ડિરેક્ટરોને જ યથાવત રાખવાની મૌખિક સૂચના આપવામાં આવી છે. અત્યાર સુધીમાં પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતની ૭ બેઠકો બિનહરીફ થઈ ચૂકી છે, ત્યારે હવે બાકીની બેઠકો પર પણ ભાજપ બિનહરીફ પ્રક્રિયા પૂર્ણ કરવા એડીચોટીનું જોર લગાવી રહ્યો છે. વડોદરા સહકારી રાજકારણ સમાચાર મુજબ, આવતીકાલે ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ હોવાથી રાજકીય ગરમાવો ચરમસીમાએ છે. ભાજપના મેન્ડેટ બાદ હવે જે બેઠકો પર હજુ પણ હરીફ ઉમેદવારો મેદાનમાં છે, તેમને બેસાડી દેવા માટે મધ્યસ્થીઓ સક્રિય થયા છે. બરોડા ડેરી ચૂંટણી ૨૦૨૬ ભાજપ મેન્ડેટ બાદ હવે ડેરીના સુકાન પર કોણ બેસશે તે ચિત્ર લગભગ સ્પષ્ટ થઈ ગયું છે. જો આવતીકાલે વધુ ઉમેદવારો ફોર્મ પરત ખેંચશે, તો મોટાભાગની બેઠકો બિનહરીફ જાહેર થઈ શકે છે.

### વડોદરા ક્રાઈમ ન્યૂઝ અપડેટ માં પારિવારિક હિંસાનો મામલો

## બિલ્ડર ધવલ ઠક્કર પત્ની ધમકી મામલે વડોદરામાં ચકચાર

(એજન્સી) વડોદરા । તા. 07

સંસ્કારી નગરી વડોદરામાં ફરી એકવાર હાઈ-પ્રોફાઈલ પારિવારિક વિવાદ સામે આવ્યો છે. શહેરના અકોટા વિસ્તારમાં રહેતા બિલ્ડર ધવલ દીપકભાઈ ઠક્કર સામે તેમની પત્નીએ જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ પોલીસ ફરિયાદ નોંધાવી છે. 'મારી પાસે લાયસન્સવાળી બંદૂક છે, પણ તને ચપ્પુથી મારી નાખીશ' તેવી સરેઆમ ધમકી આપતા બિલ્ડર સામે અટલાદરા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. આ ઘટનાને પગલે શહેરના બિલ્ડર આલમ અને રહીશોમાં ભારે ચર્ચાઓ જાગી છે. ફરિયાદી નમ્રતાબેન ઠક્કર છેલ્લા બે મહિનાથી પતિના ત્રાસથી કંટાળીને પોતાના ૧૧ વર્ષના પુત્ર સાથે પીયરમાં રહે છે. શનિવારે સવારે જ્યારે તેઓ પોતાના પુત્રને સ્કૂલે લેવા ગયા હતા, ત્યારે ત્યાં હાજર પતિ ધવલ ઠક્કરે ઝઘડો શરૂ કર્યો હતો. નમ્રતાબેને પોતાની ૧૪ વર્ષની પુત્રીને મળવાનો પ્રયાસ કરતા બિલ્ડર પતિ ઉશ્કેરાઈ ગયો હતો અને જાહેરમાં ગાળાગાળી કરવા લાગ્યો હતો.




સ્કૂલના દરવાજા પાસે જ તેણે પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. બિલ્ડર ધવલ ઠક્કર સામે અગાઉ પણ જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં મારામારી અને ત્રાસની ફરિયાદ નોંધાઈ ચૂકી છે. નમ્રતાબેને ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે કે તેમના લગ્નજીવનના ૧૫ વર્ષના ગાળામાં અવારનવાર ઝઘડા થતા હતા. આ વખતે હદ તો ત્યારે થઈ જ્યારે બિલ્ડર પતિએ પોતાની પાસે રહેલા હથિયારનો રોફ જમાવતા પત્નીને ચપ્પુથી પતાવી દેવાની વાત કરી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા.

**વૃષભ : બ. વ. ઉ.**

અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે.

**મિથુન : ક. છ. ઘ.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા.

**કર્ક : ડ. હ.**

માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ. પ્રેમ જીવન આજે વિવાદાસ્પદ બની શકે છે.

**સિંહ : મ. ટ.**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો.

**તુલા : ર. ત.**

પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું.

**વૃશ્ચિક : ન. ય.**

પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો.

**મકર : ખ. જ.**

તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલેરીયુક્ત આહાર ટાળો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. તમારા પરિવાર માટે કોઈક સારા તથા અર્થપૂર્ણ કાર્યમાં જોખમ લો. ગભરાતા નહીં કેમ કે વેડફાયેલી તક કદાચ પાછી ન પણ આવે.

**મીન : દ. ચ. ઝ. થ.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો.

## મારુતિયજ્ઞ આયોજન

# શ્રીકષ્ટભંજનદેવ દાદાને ઓર્કિડ અને સેવંતીના પુષ્પોનો દિવ્ય શણગાર



| નરેન્દ્ર દવે | જૂનાગઢ

સાળંગપુર તા.૭. શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે બિરાજમાન શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે આજે તારીખ 07-03-2026, શનિવારના રોજ દાદાને અત્યંત મનોહર અને દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણા અને કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ દાદાને વિશેષ વાઘા ધરાવી, સમગ્ર સિંહાસનને ઓર્કિડ અને સેવંતીના ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. વહેલી સવારે 05:30 કલાકે પૂજારી સ્વામી દ્વારા મંગળા આરતી અને સવારે 07:00 કલાકે કોઠારી શ્રી વિવેકસાગર દાસજી સ્વામી દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી. શનિવારના પવિત્ર દિવસે મંદિર પરિસરમાં આવેલી યજ્ઞશાળામાં મારુતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ આહુતિ આપી ધન્યતા અનુભવી હતી.દાદાના આ અદભૂત શણગાર અને આરતીનો લાભ લેવા માટે વહેલી સવારથી જ હજારો હરિભક્તો ઉમટી પડ્યા હતા. ફૂલોની સુગંધ અને દાદાના તેજસ્વી મુખારવિંદના દર્શન કરી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

## ધો.10 માં 814 અને ધો. 12 માં 194 વિદ્યાર્થી ગેરહાજર

# ધો. 10 ના બેઝિક ગણિતના પેપરમાં 80 માંથી 64 ગુણનું પાઠયપુસ્તકમાંથી બેઠુ પુછાયું

(એજન્સી) ભાવનગર | તા.07

બોર્ડની ચાલી રહેલ વાર્ષિક પરીક્ષા અંતર્ગત આજે ધો.૧૦માં ૮૧૪ અને ધો.૧૨માં ૧૯૪ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતાં. જ્યારે ધો.૧૦માં ગણિત બેઝિકનું પેપર સરળ અને પાઠયપુસ્તકમાંથી બેઠુ પુછાયું હતું. જ્યારે ધો.૧૨ વિ.પ્ર.માં અંગ્રેજીનું પેપર પણ એકંદરે વિદ્યાર્થીઓને સરળ લાગ્યું હોવાનંર જણાવ્યું હતું.આજે ધો.૧૦માં ત્રીજુ પેપર બેઝિક ગણિતનું પુછાયું હતું જે એકદમ સરળ અને વિદ્યાર્થી અપેક્ષા મુજબનું હતું. ૮૦ ગુણમાંથી ૬૪ ગુણનું પેપર પાઠયપુસ્તકની રકમમાં ફેરફાર કર્યાં વગરનું પુછાયું હતું. તો જોડકામાં ૨૩ અને ૨૪મો પ્રશ્ન ટ્વિસ્ટ કરીને પુછાતા વિદ્યાર્થી વિચારતા થયા હતાં. હેતુલક્ષી ૨૪ પ્રશ્નો સરળ હતા જે પૈકી ૮ પ્રશ્નો પુસ્તકમાંથી બેઠા પુછાયા હતાં. જ્યારે ધો.૧૨ વિ.પ્ર.માં અંગ્રેજી દ્વિતિય ભાષાનું પેપરના પાર્ટ-એમાં ફંક્શન, ટાઈટલ ઓફ રોડ, જમ્બલ પાર્ટ સંયોજકો પરના હેતુલક્ષી પ્રશ્નો



સરળ રહેલ તો પાર્ટ-બીમાં શોર્ટનોટ સરળ રહી, સીમાં ઈન ડાયરેક સ્પીચ સરળ તો ઈન્ફર્મેશન ટ્રાન્સફરનો પ્રશ્ન કઠીન જણાયો હતો. જ્યારે ડી વિભાગમાં નિબંધ લેખનમાં હેલ્થ ઈઝ વેલ્થ, માય ફેવરીટ લીડર, પોઝીટીવ એસપેક્ટ ઓફ યોર પર્સનાલિટી જેવા સરળ હતાં. ઈમેલ રાઈટીંગ અને રિપોર્ટ રાઈટીંગ પણ વિદ્યાર્થીઓએ હોશભેર લખ્યા હતાં. જે સંપૂર્ણ પ્રશ્ન બ્લુ પ્રિન્ટ આધારિત રહ્યો હતો. જ્યારે જિલ્લામાં ધો.૧૦ના ગણિત બેઝિકમાં ૩૨૨૦૭ વિદ્યાર્થીમાંથી ૮૧૪ ગેરહાજર રહેતા ૩૧૩૯૩ પરીક્ષાર્થી હાજર રહ્યા હતાં. તો ધો.૧૨ સા.પ્ર.માં સમાજશાસ્ત્ર વિષયની પરીક્ષામાં ૧૧૩૩૪માંથી ૧૭૭ ગેરહાજર રહેલ જ્યારે ધો.૧૨ વિ.પ્ર.માં ૪૯૯૮માંથી ૪૯૮૧ પરીક્ષાર્થીઓએ સફળતાપૂર્વક શાંતિમય વાતાવરણમાં પરીક્ષા આપી હતી. જ્યારે કાલે તા.૭ના રોજ ધો.૧૨ સા.પ્ર.માં દ્વિતિય ભાષા, ધો.૧૨ વિ.પ્ર.માં અંગ્રેજી પ્રથમ ભાષાનું પેપર રહેશે. જ્યારે ધો.૧૦માં બે દિવસની રજા બાદ તા.૯ના રોજ સ્ટાન્ડર્ડ ગણિતનું પેપર રહેશે.

આગામી તા.૯ના રોજ ધો.૧૨ કોમર્સમાં આંકડાશાસ્ત્ર વિષયનું પેપર છે ત્યારે વિષય નિષ્ણાંત હેમંતભાઈના જણાવ્યા પ્રમાણે વિભાગ એ, બીમાં ગુણ સરળતાથી મેળવી શકાય છે જે માટે મુળભૂત વ્યાખ્યાઓ, સંકલ્પનાઓ, સુત્રો પર ધ્યાન આપવું જરૂરી છે. વિભાગ સીમાં માત્ર વ્યાખ્યા નહી પણ સૂચક આંકના પ્રકારો, દ્વિપદી ગુણધર્મ, લક્ષ, વિકલન જેવા મુદ્દા સ્પષ્ટ હોવા જોઈએ. વિભાગ ડી પ્રમાણે વિતરણના ૨ દાખલા લક્ષ વિકલન મહત્વપૂર્ણ રહે છે.

## શિપ રિસાક્લિંગ ઉદ્યોગને યુદ્ધનું ગ્રહણ

# મધ્ય પૂર્વમાં યુદ્ધના પગલે અલંગમાં આવતા જહાજોની સંખ્યા ઘટશે

ભાવનગર : મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિ સમગ્ર વિશ્વના અર્થતંત્રને પ્રભાવિત કરી રહી છે. ભાવનગરનો શિપ રિસાક્લિંગ ઉદ્યોગને પણ તેનાથી પ્રભાવિત થયો છે. શિપ રિસાક્લિંગ પ્રવૃત્તિ સાથે જોડાયેલા સૂત્રો અનુસાર મધ્ય પૂર્વમાં તણાવની સ્થિતિના પગલે હવે શિપ બ્રેકરો ખાડીના દેશો તરફથી આવતા નવા શિપો ખરીદવાનું ટાળી રહ્યાં છે ત્યારે ગત ફેબ્રુઆરીમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળ્યા બાદ આગામી દિવસોમાં અલંગમાં આવતા શિપોની સંખ્યામાં ઘટશે. મધ્ય પૂર્વના દેશોમાં યુદ્ધની સ્થિતિના પગલે સમગ્ર વિશ્વનું અર્થતંત્ર પ્રભાવિત થઈ રહ્યું છે. ભાવનગરની આર્થિક કરોડરજ્જૂ એવા શિપ રિસાક્લિંગ ઉદ્યોગ પણ યુદ્ધની સ્થિતિથી પ્રભાવિત થયો છે. શિપ રિસાક્લિંગ પ્રવૃત્તિ સાથે જોડાયેલા સૂત્રો અનુસાર મધ્ય પૂર્વના દેશોમાં હાલ તણાવની સ્થિતિના પગલે હવે શિપ બ્રેકરો ખાડીના દેશો તરફથી આવતા નવા શિપો ખરીદવાનું ટાળી રહ્યાં છે અને વેઈટ એન્ડ વૉચની સ્થિતિમાં આવી ગયા છે. ફેબ્રુઆરી માસમાં અલંગમાં આવતા શિપની સંખ્યામાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી હતી. પરંતુ છેલ્લા દિવસોમાં આંતરરાષ્ટ્રીય પરિબળોમાં ફેરફાર આવતા ફરી શિપ રિસાક્લિંગ ઉદ્યોગમાં સંકટના વાદળો જોવા મળી રહ્યાં છે. શિપ રિસાક્લિંગ પ્રવૃત્તિ સાથે જોડાયેલા સૂત્રો અનુસાર મધ્ય પૂર્વ તરફથી અલંગ આવી રહેલા આશરે ૧૦ શિપ ફસાયા છે. જોકે આ મામલે જીએમબી દ્વારા સમર્થન આપવામાં આવ્યું નથી. પરંતુ મધ્ય પૂર્વની સ્થિતિ શિપ બ્રેકિંગ ઉદ્યોગને નકારાત્મક અસર કરશે.

## ઢસા પોલીસમાં ફરિયાદ નોંધાઈ

# ઢસા ગામના યુવાન સાથે રૂ. 17.53 લાખની છેતરપિંડી

ભાવનગર : ગઢડા તાલુકાના ઢસા ગામના યુવાન ખેડૂતને તુલસી આરાધ્યા ઈફ્રા એન્ડ હોલીડે રીસોર્ટ ઈંડીયા કંપનીમાં નાણા રોકવાથી દર મહિને હપ્તા બેંકમાં જમા થશે તેવી લાલચ આપી બે શખ્સે યુવાનના રૂ.૧૭.૫૩ લાખ પરત નહીં આપી છેતરપિંડી આચરી હતી. ગઢડા તાલુકાના ઢસા ગામના ભંડારીયા ગામ તરફ જવાના રસ્તા પાસે રહેતા અને ખેતી કામ કરી ગુજરાન ચલાવતા નરેશભાઈ ભુરાભાઈ બારૈયાને ઢસા પોલીસ મથકમાં હોમવર્ડ તરીકે ફરજ બજાવતા મનજીભાઈ પરમારે તુલસી આરાધ્યા ઈફ્રા એન્ડ હોલીડે રીસોર્ટ ઈંડીયા કંપનીમાં નાણા રોકવાથી દર મહિને બેંક ખાતામાં રકમ જમા કરાવે છે.આ સલાહથી પ્રેરાયેલા નરેશભાઈએ તુલસી આરાધ્યા ઈફ્રા એન્ડ હોલીડે રીસોર્ટ ઈંડીયા કંપનીનાં માલીક/ વહીવટકર્તા કિશોરસિંહ રૂપસિંહ રાઠોડ (રહે-જામનગર ) તથા આ કંપનીનાં મેનેજર વિનોદ પાટીલે પોતાની કંપનીમાં રૂ.૧,૨૫,૦૦૦ નુ રોકાણ કરો તો દર મહિને રૂ.૧૦,૯૨૦ ખાતામાં હપ્તો જમા કરશે.

## સનેસા ગામ નજીક બે કાર અથડાતા આધેડનું મોત

ભાવનગર : વેળાવદર ભાલ વિસ્તારમાં આવેલ સનેસા ગામ નજીક બે કાર અથડાતા આધેડનું મોત નિપજ્યું હતું. ધોલેરા તાલુકાના હેબતપુર ગામે રહેતા ધીરુભાઈ રામસંગભાઈ પરમાર,અજુભાઈ પરમાર તથા તેમના સબંધીઓ ભગવાનભાઈ મકવાણાની કાર નંબર જીજે ૩૮ બીએફ ૬૪૦૪ મા બેસી ભાવનગર થી હેબતપુર પરત જતા હતા આ સમયે સનેશ ગામ નજીક રોડની સામેથી બાજુ ભાવનગર તરફ તરફથી આવતી કાર નંબર જીજે ૦૬ પીઈ ૬૧૧૨ ના ચાલકે તેની કાર પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી આવી ડીયાઈડર કુદાવી ધીરુભાઈ કાર સાથે ભટકાડી દેતા ઈકો કારમાં સવાર તમામ લોકોને ઈજા પહોંચી હતી.

## ડિવિઝનમાં ચેકિંગ

# મહુવા ડિવિઝનના 97 કનેક્શનમાં રૂ. 37 લાખની વીજચોરી ઝડપાઈ

ભાવનગર : પીજીવીસીએલની આજે ચોથા દિવસે પણ વીજ ચેકિંગ કામગીરી યથાવત્ રહી છે. ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના મહુવા ડિવિઝનના ૯૭ કનેક્શનોમાં વીજતંત્રએ કુલ રૂ.૩૭.૦૭ લાખની વીજચોરી ઝડપી પાડી કાર્યવાહી કરી છે.

ભાવનગર પીજીવીસીએલની આજે ચોથા દિવસે પણ વીજ ચેકિંગની કામગીરી યથાવત્ રહી છે. ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના મહુવા ડિવિઝનમાં પીજીવીસીએલની ૪૫ ટીમો દ્વારા વીજ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં ડિવિઝનના બગદાણા, જેસર, મહુવા રૂલર-૨ અને ૧ તથા નેસવડ સબ ડિવિઝનના ૪૮૬ રહેણાંકી, ૩૬ વાણિજ્ય અને ૧૪ ખેતીવાડી મળી કુલ ૫૩૬ વીજ કનેક્શનો ચકાસવામાં આવ્યા હતા. જે પૈકી ૮૭ રહેણાંકી, ૮ વાણિજ્ય અને ૨ ખેતીવાડી મળી કુલ ૯૭ કનેક્શનોમાં કુલ રૂ.૩૭.૦૭ લાખની વીજચોરી ઝડપાઈ હતી.

## ૫૦૦૦ જેટલી મધમાખી પેટીઓ ઉપલબ્ધ

# મહેમદાવાદના જાળીયા ગામના ખેડૂતે મધમાખી પાલન દ્વારા વર્ષે રૂ. 1.50 કરોડની આવક મેળવી



નડિયાદ : ખેડા જિલ્લો દૂધ ઉત્પાદન અને 'શ્વેતક્રાંતિ' માટે જાણીતો છે, ત્યાં હવે મધમાખી પાલન દ્વારા 'મધુક્રાંતિ'નો ઉદય થયો છે. મહેમદાવાદ તાલુકાના જાળીયા ગામે મધમાખી પાલનના વ્યવસાયમાં અપ્રતિમ સફળતા મેળવનારા અર્જુનભાઈ ઝાલાએ વર્ષ ૨૦૨૫-૨૬માં રૂપિયા ૧.૫૦ કરોડની માતબર આવક મેળવી ખેતી અને બાગાયત ક્ષેત્રે એક નવી રાહ ચીંધી છે. જિલ્લામાં હાલમાં ૩૦૦થી વધુ ખેડૂતો આ વ્યવસાય સાથે સંકળાયેલા છે અને તેમની પાસે અંદાજે ૫૦૦૦ જેટલી મધમાખી પેટીઓ ઉપલબ્ધ છે. સરકારી સહાય અને ખેડૂતોની મહેનતના પરિણામે મધમાખી પાલન હવે ખેડા જિલ્લામાં આર્થિક ઉપાર્જન માટેનો એક ઉભરતો અને અત્યંત નફાકારક વ્યવસાય બની રહ્યો છે.મહેમદાવાદ તાલુકાના જાળીયા ગામના ખેડૂત અર્જુનભાઈ ઝાલાએ આપત્તિને અવસરમાં ફેરવી 'મધુક્રાંતિ'ની શરૂઆત કરી હતી. કોરોના કાળમાં ખાનગી કંપનીની નોકરી ગુમાવ્યા બાદ તેમણે આત્મનિર્ભર બનવાના સંકલ્પ સાથે બાગાયત ખાતાની મદદથી માત્ર ૧૦ પેટીથી મધમાખી પાલન શરૂ કર્યું હતું, જે આજે ૪૦૦૦ પેટીઓ સુધી પહોંચી ગયું છે. તેમનો આ વ્યવસાય હાલમાં દેશના ૧૭ જેટલા રાજ્યોમાં વિસ્તર્યો છે. ગત વર્ષે તેમની આવક ૮૯થી ૯૦ લાખ રૂપિયા હતી, જે આ વર્ષે વધીને ૧.૫૦ કરોડને પાર કરી ગઈ છે. તેમના આ સફળ પ્રયોગથી પ્રેરાઈને જિલ્લાના અન્ય ખેડૂતો પણ મધમાખી પાલન તરફ વળ્યા છે. જાળીયા ગામમાં યોજાયેલા એક દિવસીય પરિસંવાદમાં નાયબ બાગાયત નિયામક દ્વારા પણ ખેડૂતોને આ વ્યવસાયમાં મળતી સરકારી સહાય અને ટેકનિકલ માર્ગદર્શન વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. જિલ્લામાં અમુલ પ્રોજેક્ટ અંતર્ગત પણ ખેડૂતોને ૭૫ ટકા સબસિડી સાથે આ વ્યવસાયમાં જોડવામાં આવ્યા છે, જેના કારણે અનેક નાના ખેડૂતો લાખો રૂપિયાનો નફો રળી રહ્યાં છે. મધમાખી પાલન માત્ર મધ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેમાંથી મળતા વિવિધ તત્વોમાંથી સાબુ, દવા, સ્પ્રે અને અગરબત્તી જેવી ચીજવસ્તુઓ પણ બનાવવામાં આવે છે. આ ઉપરાંત સ્વાસ્થ્ય ક્ષેત્રે પણ આ વ્યવસાય નવી દિશા ખોલી રહ્યો છે. ડાયાબિટીસ અને સાંધાના વા જેવી બીમારીઓથી પીડાતા લોકો મધમાખીના ડંખ દ્વારા સારવાર મેળવવા માટે આ વ્યવસાય સાથે જોડાયેલા લોકોનો સંપર્ક કરી રહ્યાં છે, જેમાંથી પણ ખેડૂતોને સારી એવી વધારાની આવક પ્રાપ્ત થઈ રહી છે.

# ઉત્તરાખંડના યુવાનનું દસ વર્ષ બાદ પરિવાર સાથે મિલન, ભુજમાં લાગણીભર્યું દૃશ્ય

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ઉત્તરાખંડ રાજ્યના લુડકી તાલુકાના લીહર ગામનો મુસ્લિમ યુવાન શોકીન (ઉ.વ.૩૦) લગભગ દસ વર્ષ પહેલા ગુમ થઈ ગયો હતો. પરિવારજનોએ તેની સતત શોધખોળ ચાલુ રાખી હતી, પરંતુ કોઈ માહિતી મળી ન હતી.આ દરમિયાન શોકીન ભારતના વિવિધ રાજ્યોમાં રખડતો-ભટકતો અંતે આણંદ ખાતે આવેલા માનવતા ચેરિટેબલ ટ્રસ્ટ સેવાશ્રમ સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ તેને ભુજના પાલારા ખાતે આવેલા રામદેવ સેવાશ્રમમાં લાવવામાં આવ્યો હતો, જ્યાં તેની માનસિક સારવાર



કરાવવામાં આવી હતી. સારવાર બાદ તેની તબિયત ધીમે ધીમે સુધરતા તે સ્વસ્થ બન્યો હતો.પછી ઉત્તરાખંડ પોલીસની મદદથી તેની ઓળખ અને ઘર-પરિવારનો સંપર્ક મળી આવ્યો. આ સમાચાર મળતાં તેના પિતા દિલસાદ તથા ભાઈઓ પરવેઝ, તકરુ અને આસિફ ભુજ આવી પહોંચ્યા હતા. દસ વર્ષ બાદ પિતા-પુત્ર અને ભાઈ-ભાઈનું મળાપ થતાં હાજર સૌની આંખો અશ્રુભિની બની ગઈ હતી અને ત્યાં લાગણીભર્યો માહોલ સર્જાયો હતો.આ માનવતાભર્યા કાર્યમાં પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, કનૈયાલાલ અબોટી, રફીક બાવા, દીપેશ શાહ, પ્રવીણ સોઢા અને મનીષ મારાજ સહિતના સેવાભાવી લોકોએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

## ક્રિકેટ મેચ પર સોદા પાડી ઓનલાઈન જુગાર રમતા બે ઈસમ ઝડપાયા

ભાવનગર : બોરતળાવ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન બાતમી મળી હતી કે , ફુલસર ઓમ શાંતી રેસીડેન્સીમાં કાળા કલરની ક્રેટા કારમાં બેસી નીલ ધિરૂભાઈ દિહોરા તથા સંજય મેપાભાઈ કામ્બડ ક્રેટા તેઓના મોબાઈલ ફોનમાં ઓનલાઈન એપ્લીકેશન ડાઉનલોડ કરી હાલમાં ચાલતી ભારત વર્સીસ ઈંગ્લેન્ડ વચ્ચે રમાતી વર્લ્ડ કપ સેમી ફાઈનલ મેચ ઉપર ક્રિકેટ મેચનાં સોદા કરી હારજીતનો જુગાર રમે છે. જે બાતમીના આધારે બોરતળાવ પોલીસે દરોડો પાડી કારને કોર્ડન કરી કારની અંદરથી બન્ને ઈસમને મોબાઈલ ફોનમાં ગ્રાન્ડ સેવન ઈન તેમજ બીગ એચેન્જ ઝિરો નાઈન વેબસાઈટમાં આઈ ડી પાસર્વડથી હાલમાં ચાલતી ભારત ઈંગ્લેન્ડ વચ્ચે રમાતી ટી ટ્વેન્ટી મેચ ઉપર ક્રિકેટ મેચમાં હારજીતનાં અલગ અલગ આઈડીમાં સોદા કરતા મોબાઈલ કાર રોકડ રકમ મળી રૂ. ૧૦,૪૨,૭૦૦ સાથે ઝડપી લઈ તેના વિરૂધ્ધ બોરતળાવ પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કપડવંજ નગરપાલિકામાં કાર્યકાળ પૂર્ણ થયા બાદ પણ વહીવટ ચલાવવાનો વિવાદ

કપડવંજ : કપડવંજ નગરપાલિકાની ચૂંટાયેલી પાંખનો પાંચ વર્ષનો કાયદેસરનો કાર્યકાળ પૂર્ણ થઈ ગયો હોવા છતાં, પૂર્વ સભ્યો દ્વારા સત્તાનો કથિત દૂરુપયોગ કરી ગેરકાયદેસર રીતે કારોબારી બેઠકો અને વિકાસ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવતા હોવાનો ગંભીર આક્ષેપ ઉઠયો છે. આ મામલે અરજદાર મનુભાઈ રામભાઈ પટેલે નાયબ કલેક્ટર અને ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરી તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી છે. અરજદાર મનુભાઈ રામભાઈ પટેલની રજૂઆત મુજબ, કપડવંજ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તારીખ ૨૮-૦૨-૨૦૨૧ના રોજ યોજાઈ હતી અને તેનું પરિણામ ૦૨-૦૩-૨૦૨૧ના રોજ જાહેર થયું હતું. ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટ, ૧૯૬૩ મુજબ નગરપાલિકાનો કાર્યકાળ ચૂંટણીના પરિણામ જાહેર થયાના દિવસથી પાંચ વર્ષનો ગણાય છે. આ મુજબ કપડવંજ નગરપાલિકાનો કાયદેસર કાર્યકાળ ૦૧-૦૩-૨૦૨૬ની મધરાતે પૂર્ણ થઈ ગયો છે અને ૦૨-૦૩-૨૦૨૬થી ચૂંટાયેલી બોડી કાયદેસર રીતે અસ્તિત્વમાં નથી. રજૂઆત કરવામાં આવેલા આક્ષેપ મુજબ, હજુ કેટલાક ભૂતપૂર્વ ચૂંટાયેલા સભ્યો દ્વારા પોતાને નગરપાલિકા સભ્ય તરીકે જાહેરમાં રજૂ કરી વિકાસ કામોના ખાતમુહૂર્તના જાહેર પ્રચાર કરવામાં આવી રહ્યાં છે. તેમજ રજૂઆતમાં જણાવાયું છે કે, નગરપાલિકાનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ પણ કારોબારી કમિટીની મિટિંગ યોજવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. કાર્યકાળ પૂર્ણ થતાં કારોબારી કમિટીનું અસ્તિત્વ જ રહેતું નથી, તેથી તેની કોઈપણ બેઠક, ઠરાવ, નીતિગત કે નાણાકીય નિર્ણય કાયદેસર માન્ય રહી શકતા નથી. ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટ મુજબ કારોબારી કમિટીની બેઠક અને નીતિગત/નાણાંકીય નિર્ણયો માત્ર કાયદેસર કાર્યકાળ દરમિયાન જ લઈ શકાય.

## અબોલ જીવ સેવા યજ્ઞ નું ભેખધારી નારી રત્ન અને કુંભાર રત્ન એવોર્ડ નાં જન્મદાતા

# સેવા અને સમર્પણની મૂર્તિ: 'કુંભાર રત્ન' ના પ્રણેતા ઈન્દુબેન પ્રજાપતિ

(એજન્સી) અરવલ્લી | તા.07

વિશ્વમાં મહિલાઓનું પ્રદાન અજોડ છે. પોતાની જિજ્ઞાસા, મક્કમ મનોબળ અને અપ્રતિમ પ્રતિભાથી સમાજમાં નવો ચીલો ચાતરનારી નારીશક્તિના



સન્માનમાં દર વર્ષે ૮ માર્ચ 'વિશ્વ મહિલા દિન' તરીકે ઉજવાય છે. આ પાવન અવસરે આજે આપણે એક એવાં સ્ત્રીરત્ન વિશે વાત કરવી છે, જેમણે માનવસેવાની ધૂણી ધખાવીને સમાજમાં સેવાનું અનોખું તેજ રેલાવ્યું છે. તે કર્મયોગી મહિલા એટલે શ્રીમતી ઈન્દુબેન એસ. પ્રજાપતિ.અરવલ્લીની ગિરિમાળાઓમાં, મૂર્ધન્ય સાહિત્યકાર ઉમાશંકર જોશીના વતન બામણા પાસે આવેલા પુનાસણ ગામે ઈન્દુબેને 'શ્રવણ સુખધામ પંચવટી' નામની સંસ્થાની સ્થાપના કરી છે. કુદરતના સાનિધ્યમાં ધબકતી આ સંસ્થા માત્ર ઈમારત નથી, પણ માનવતાનું મંદિર છે. અહીંથી અનેક સેવાકીય પ્રકલ્પો ચાલે છે:

### વિહંગનો વિસામો: અબોલ પક્ષીઓની સેવા માટેનું એક પ્રેરણાદાયી અભિયાન.

પેડ વુમન તરીકે ઓળખ: અંતરિયાળ વિસ્તારની આદિવાસી મહિલાઓમાં માસિક ધર્મ અંગે જાગૃતિ લાવી, નિ:શુલ્ક સેનિટરી પેડ્સનું વિતરણ કરીને તેઓ આ વિસ્તારમાં 'પેડ વુમન' તરીકે ખ્યાતિ પામ્યા છે.

કન્યાદાન: પ્રજાપતિ સમાજની ૧૦ જરૂરિયાતમંદ દીકરીઓના લગ્નનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવી તેમણે સાચા અર્થમાં 'કન્યાદાન'નું પુણ્ય કમાયું છે.

### સમાજ ઉત્થાનની નવી પહેલ: 'કુંભાર રત્ન' એવોર્ડ

ઈન્દુબેન માત્ર માનવસેવા જ નહીં, પણ પોતાના પ્રજાપતિ સમાજની પ્રગતિ માટે પણ સતત ચિંતિત રહે છે. સમાજના યુવાનોમાં છુપાયેલી કલા અને કૌશલ્યને વિશ્વ સમક્ષ લાવવા તેમણે 'કુંભાર રત્ન' એવોર્ડની સ્થાપના કરી છે.૧ જૂન, ૨૦૨૨ નો એ દિવસ ઈતિહાસમાં અંકિત થઈ ગયો, જ્યારે પોતે હોસ્પિટલની પથારીએ હોવા છતાં, સ્વાસ્થ્યની પરવા કર્યા વગર તેમણે આ એવોર્ડનું લોકાર્પણ કર્યું. ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવાં રાજ્યોમાં સૌપ્રથમ વાર આવી પહેલ કરનાર તેઓ અગ્રેસર મહિલા છે. આ મંચ પરથી તેમણે કલાકારો, લેખકો, રમતવીરો અને સંતોને સન્માનિત કરી સમાજનું ગૌરવ વધાર્યું છે.

આ એવોર્ડ માત્ર એક પ્રતીક કે ટ્રોફી નથી, પણ નવલોહિયા યુવાનો માટે આગળ વધવાની પ્રેરણા છે, સમાજના ઉત્કર્ષ માટે સતત ધબકતું જોમ છે, નિરુત્સાહ થયેલા યુવાનો માટે પ્રોત્સાહનનો ઓક્સિજન છે. જેમ કુંભારનો ચાકડો માટીને ઘાટ આપી સુંદર સર્જન કરે છે, તેમ 'કુંભાર રત્ન' એવોર્ડ સમાજના રત્નોને શોધી તેમને નવી ઓળખ આપી રહ્યો છે.ઈન્દુબેન પ્રજાપતિ પોતે એક પ્રેરણામૂર્તિ છે. સમાજના સાચા રત્નોને શોધી, તેમને ચમક પ્રદાન કરનાર અને માનવતાની મહેક ફેલાવનાર શ્રીમતી ઈન્દુબેન એસ. પ્રજાપતિને કોટિ-કોટિ વંદન!

## પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

# નડિયાદ શહેરના પીજ રોડ ઉપર રાત્રિના પશુની તસ્કરીનો પ્રયાસ સીસીટીવીમાં કેદ

નડિયાદ : નડિયાદ શહેરના પીજ રોડ ઉપર આવેલી કદમનગરી સોસાયટી પાછળ પાણીની ટાંકી પાસે મોડી રાત્રે ગાયોની તસ્કરી કરવાની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર ફેલાઈ છે. રાત્રિના સમયે અજાણ્યા શખ્સો વાહન લઈને આવી રખડતા પશુઓને ઉઠાવી જતા હોવાના દ્રશ્યો નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. આ મામલે સ્થાનિકોએ પોલીસ મથકે રજૂઆત કરી છે, જેના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. નડિયાદમાં છેલ્લા કેટલાક સમયથી અવાવરૂ જગ્યાઓ પરથી ગૌવંશ કાપી નાખેલી હાલતમાં મળી આવતા હતા, ત્યારે હવે પશુઓની ચોરી કરતી આ ટોળકી સક્રિય થતા લોકોમાં અનેક તર્કવિતર્ક સર્જાયા છે. પીજ રોડ પર પાણીની ટાંકી પાસે ગત



રાત્રે કેટલાક શંકાસ્પદ શખ્સો ગાડી લઈને આવ્યા હતા અને માર્ગ પર બેઠેલા પશુઓને જબરદસ્તી ભરી જવાનો પ્રયાસ કર્યો હતો. સવારે જ્યારે સ્થાનિકોને આ બાબતની જાણ થઈ ત્યારે તેમણે સીસીટીવી ફૂટેજ તપાસતા તસ્કરીનો સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. અગાઉ ૧૫ દિવસ પહેલા પણ આ જ વિસ્તારમાં સ્કાર્પિયો ગાડી લઈને આવેલા તસ્કરોએ ગાયોને પકડવાની કોશિશ કરી હતી, પરંતુ સ્થાનિક મહિલાઓ જાગી જતા અને બૂમાબૂમ કરતા તસ્કરો વાહન ભગાવી નાસી છૂટયા હતા.

### વૈશ્વિક આર્થિક સંકટની ઘેરી બનતી જતી અસરો

# પશ્ચિમ એશિયા સંઘર્ષથી ક્રૂડ ઓઈલના ભાવ ભડકે બળશે

## પશ્ચિમ એશિયા સંઘર્ષથી ઉર્જા ક્ષેત્રે ભારે અસ્થિરતા

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં વધી રહેલા ભૌગોલિક રાજકીય તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ 120 ડોલરની સપાટીએ પહોંચી શકે છે તેવી ગંભીર ચેતવણી આર્થિક નિષ્ણાતો દ્વારા આપવામાં આવી છે. જો ઈઝરાયેલ, ઈરાન અને અમેરિકા વચ્ચેનો આ સંઘર્ષ લાંબો સમય ચાલશે, તો તેની સીધી અસર ભારત સહિત સમગ્ર વિશ્વના અર્થતંત્ર પર જોવા મળશે. હાલમાં જે રીતે પરિસ્થિતિ વણસી રહી છે, તેનાથી સપ્લાય ચેઈન ખોરવાઈ જવાની અને મોંઘવારી આસમાને પહોંચવાની પૂરેપૂરી શક્યતા છે.

પશ્ચિમ એશિયામાં ફાટી નીકળેલા યુદ્ધ પૂર્વે ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ 70 ડોલરની આસપાસ હતા, જે ટૂંકા ગાળામાં વધીને હવે 90 ડોલરની સપાટીએ પહોંચી ગયા છે. મીડિયા અહેવાલ મુજબ, જો આ ગતિ ગતિ ચાલુ રહેશે અને તણાવ ઓછો નહીં થાય, તો ટૂંક સમયમાં ભાવ 100 ડોલર અને ત્યારબાદ 120 ડોલર સુધી પહોંચી શકે છે. અગાઉ એવી ધારણા હતી કે આ સંઘર્ષ થોડા અઠવાડિયામાં શાંત પડી જશે, પરંતુ વર્તમાન અનિશ્ચિતતાએ આર્થિક વિશ્લેષકોની ઊંઘ ઉડાવી દીધી છે. દાયકા પૂર્વે તેલના ભાવ 145 થી 147 ડોલર સુધી પહોંચ્યા હોવાના ઈતિહાસને જોતા, હાલની સ્થિતિ વધુ જોખમી જણાય છે.ભારત તેની જરૂરિયાતનું મોટાભાગનું તેલ આયાત કરે છે, તેથી ક્રૂડ ઓઈલના ભાવમાં થતો વધારો દેશના આર્થિક સમીકરણો બદલી નાખશે. રિઝર્વ બેંક અને કેન્દ્રીય બજેટની ગણતરીઓ 70 ડોલરના ભાવને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, જો કિંમતોમાં સતત




ઉછાળો આવશે, તો સરકારે પોતાની આર્થિક નીતિઓ અને અંદાજોમાં ધરખમ ફેરફાર કરવા પડશે. જોકે ભારતનું અર્થતંત્ર મોટાભાગે સ્થાનિક માંગ પર નિર્ભર છે, જે જીડીપી વૃદ્ધિને થોડી રાહત આપી શકે છે, પરંતુ ત્રણ મુખ્ય ખાધ - વેપાર ખાધ, ચાલુ ખાધ અને નાણાકીય ખાધ - વણસવાની પૂરેપૂરી શક્યતા છે.ઐતિહાસિક રીતે જોવામાં આવે તો, જ્યારે પણ ક્રૂડ ઓઈલના ભાવમાં 10 ડોલરનો વધારો થાય છે, ત્યારે છૂટક મોંઘવારી દરમાં 0.2 થી 0.4 ટકાનો ઉછાળો જોવા મળે છે. વધતા જતા તેલના ભાવ ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં વધારો કરશે, જેની સીધી અસર જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર પડશે. આ ઉપરાંત, ઉભરતા બજારોમાંથી મૂડી બહાર ખેંચાઈ જવાની અને શેરબજારમાં ભારે અસ્થિરતા સર્જાવાની પણ ભીતિ છે. જો પરિસ્થિતિ વણસશે તો રોકાણકારો સલામત ગણાતા રોકાણો તરફ વળશે, જે ભારતીય શેરબજાર માટે નકારાત્મક સાબિત થઈ શકે છે.આર્થિક નિષ્ણાત મનોરંજન શર્માના જણાવ્યા અનુસાર, જો સંઘર્ષ વ્યાપક બને તો વૈશ્વિક આર્થિક ગણતરીઓ ફરીથી કરવી પડશે. સપ્લાય ચેઈનમાં આવતા અવરોધો માત્ર ઉર્જા ક્ષેત્ર પૂરતા મર્યાદિત નહીં રહે, પરંતુ તેની અસર ઉત્પાદન અને સેવા ક્ષેત્ર પર પણ પડશે. અત્યારે વિશ્વના તમામ દેશો પશ્ચિમ એશિયાની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. ભારત જેવા દેશો માટે સસ્તું તેલ એ વિકાસનું એન્જિન છે, અને જો આ એન્જિનમાં મોંઘવારીનું બળતણ નાખવું પડશે, તો વિકાસની ગતિ ધીમી પડી શકે છે.

## ઓપન માર્કેટ ઓપરેશન હરાજી દ્વારા એક લાખ કરોડ ઠાલવશે

નવી દિલ્હી: દેશની બેંકિંગ પ્રણાલીમાં નાણાકીય તરલતા જાળવી રાખવા અને આર્થિક સ્થિતિને સુદ્રઢ કરવાના ઉદ્દેશ્ય સાથે ભારતીય રિઝર્વ બેંકે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આરબીઆઈ દ્વારા કુલ 1,00,000 કરોડ રૂપિયાની સરકારી સિક્યોરિટીઝની ખરીદી માટે 'ઓપન માર્કેટ ઓપરેશન' (OMO) હરાજીની જાહેરાત કરવામાં આવી છે. આ ખરીદી બે અલગ-અલગ તબક્કામાં હાથ ધરવામાં આવશે, જેનો મુખ્ય હેતુ બજારમાં નાણાકીય સ્થિરતા જાળવવાનો અને રોકડનો પ્રવાહ વધારવાનો છે. આ હરાજીની પ્રક્રિયા દેશના અર્થતંત્રમાં લિક્વિડિટી મેનેજમેન્ટ માટે અત્યંત મહત્વની માનવામાં આવે છે.કેન્દ્રીય બેંક દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, આ હરાજી બે સમાન હપ્તામાં કરવામાં આવશે. પ્રથમ તબક્કો 9 માર્ચ, 2026ના રોજ અને બીજો તબક્કો 13 માર્ચ, 2026ના રોજ યોજાશે. દરેક તબક્કામાં 50,000 કરોડ રૂપિયાની સિક્યોરિટીઝની ખરીદી કરવામાં આવશે. 9 માર્ચની હરાજી માટે, આરબીઆઈએ વિવિધ મુદતવાળી સરકારી સિક્યોરિટીઝ (GS) પસંદ કરી છે, જેમાં 2030, 2031, 2033, 2034, 2035, 2039 અને 2053 માં પરિપક્વ થતા બોન્ડ્સનો સમાવેશ થાય છે. આ એક 'મલ્ટી-સિક્યોરિટી' હરાજી હશે જે 'મલ્ટીપલ પ્રાઈસ મેથડ' દ્વારા સંચાલિત થશે.મીડિયા અહેવાલ અનુસાર, તમામ પાત્ર સહભાગીઓએ પોતાની ઓફર્સ આરબીઆઈના 'ઈ-કુબેર' (કોર બેંકિંગ સોલ્યુશન) સિસ્ટમ પર ઈલેક્ટ્રોનિક રીતે સબમિટ કરવાની રહેશે.

## News Brief

### કટોકટીના ખનિજોની જરૂરિયાત પૂરી કરવા ખાનગી ક્ષેત્ર મેદાનમાં આવશે

નવી દિલ્હી: ભારતના ભાવિ વિકાસ અને સંરક્ષણ માટે અતિ મહત્વના ગણાતા કટોકટીના ખનિજોની જરૂરિયાત સંતોષવા માટે હવે ખાનગી ક્ષેત્રની ભૂમિકા નિર્ણાયક બની રહેશે. તાજેતરમાં યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં નિષ્ણાતોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઉર્જા પરિવર્તન, ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ અને સંરક્ષણ જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ભારતની નિર્ભરતા ઘટાડવા માટે ખાનગી કંપનીઓનું સંશોધન અને ઉત્ખનન કાર્યમાં જોડાવું અનિવાર્ય છે. ચીન જેવા દેશો પરની આયાત નિર્ભરતા ઘટાડવા સરકાર હવે નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન હેઠળ મોટા પાયે કામ કરી રહી છે. ઉર્જા અને સંરક્ષણ ક્ષેત્રે વ્યૂહાત્મક મહત્વ ખાણ મંત્રાલયના સંયુક્ત સચિવ સંદીપ કદમના જણાવ્યા અનુસાર, લિથિયમ, કોબાલ્ટ અને રેર અર્થ જેવા ખનિજો હવે માત્ર વ્યાપારી વસ્તુઓ નથી, પરંતુ તે રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા સેન્ટર્સ અને ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદન માટે આ ખનિજોનો પુરવઠો અત્યંત જરૂરી છે. જો પુરવઠા શૃંખલામાં કોઈ વિક્ષેપ પડે તો તેની સીધી અસર દેશના આધુનિકીકરણ પર પડી શકે છે. આ પડકારને પહોંચી વળવા માટે સરકારે અત્યાર સુધીમાં 46 ખનિજ બ્લોકની હરાજી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

સરકારની નવી પહેલ અને વિદેશી અસ્કયામતો સરકારે દેશમાં જ પ્રોસેસિંગ ક્ષમતા વધારવા માટે નેશનલ ક્રિટિકલ મિનરલ પ્રોસેસિંગ પાર્ક્સ સ્થાપવાની યોજના બનાવી છે. આ ઉપરાંત, વિદેશમાં ખનિજ અસ્કયામતો હસ્તગત કરવા માટે 'કાબિલ' (KABIL) નામની સંસ્થાની રચના કરવામાં આવી છે, જે જાહેર ક્ષેત્રના એકમો સાથે મળીને વિદેશી ખાણોમાં હિસ્સો મેળવવા કાર્યરત છે.

### વેદાંતાએ મહિલાઓના પ્રતિનિધિત્વનો લક્ષ્યાંક વધારીને 35 ટકા કર્યો

નવી દિલ્હી : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, વેદાંતા ગ્રુપે સંગઠનના તમામ સ્તરે 35 ટકા મહિલા પ્રતિનિધિત્વ હાંસલ કરવાની પોતાની મહત્વાકાંક્ષા રજૂ કરી છે. આ સાથે ગ્રુપે એક દેશવ્યાપી કેમ્પેઈન અને લિંક્ડઈનની આગેવાની હેઠળની ભરતી ઝુંબેશ ★HerAtTheCore શરૂ કરી છે, જે મહિલાઓને ખાણકામ, ધાતુઓ, તેલ અને ગેસ, વીજળી અને ટેકનોલોજીમાં કારકિર્દી બનાવવા માટે આમંત્રિત કરે છે.આ જાહેરાત ઉદ્યોગની વર્તમાન પડકારજનક સ્થિતિની સામે કરવામાં આવી છે. ભારતમાં ઉદ્યોગોના વાર્ષિક સર્વેક્ષણ મુજબ, 2023-24માં ઉદ્યોગોમાં સીધી રોજગારીમાં



મહિલાઓનો હિસ્સો લગભગ 18 ટકા હતો, જ્યારે ખાણકામ અને ધાતુઓ જેવા મુખ્ય ક્ષેત્રોમાં તેમનો હિસ્સો ફક્ત 6 ટકા જેટલો જ રહ્યો છે. ★HerAtTheCore કેમ્પેઈન એ હકીકતને ઉજાગર કરવાનો પ્રયાસ કરે છે કે ભારત ઔદ્યોગિક વિકાસના નિર્ણાયક દાયકામાં પ્રવેશી રહ્યો છે, વૈશ્વિક સ્તરે એનર્જી ટ્રાન્ઝિશનને વેગ આપી રહ્યો છે, ઈવી સપ્લાય ચેઈન ઊભી કરી રહ્યો છે અને અદ્યતન ઉત્પાદન તથા ટેકનોલોજીમાં તેની ભૂમિકાને મજબૂત બનાવી રહ્યો છે. આ ઉદ્યોગોના વિકાસ માટે ધાતુઓ, ખનિજો, તેલ અને ગેસ અને વીજળી મહત્વપૂર્ણ છે. આમ છતાં, આ ભવિષ્યનું નિર્માણ કરનારા મુખ્ય ક્ષેત્રોમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ ફક્ત 6 ટકા છે. ભારતની આર્થિક આકાંક્ષાઓને સાકાર કરવા માટે, તેમને શક્તિ આપતા ઉદ્યોગોએ દેશની પ્રતિભાઓની સંપૂર્ણ શક્તિ દેખાડવી જોઈએ.વેદાંતામાં આજે મહિલાઓ કુલ કર્મચારીઓની સંખ્યામાં 23 ટકા હિસ્સો ધરાવે છે, જે ઉદ્યોગની સરેરાશ કરતાં નોંધપાત્ર રીતે વધારે છે.

### ડિજિટલ ફ્રોડ વળતર માળખું ગ્રાહકોને આર્થિક નુકસાનથી બચાવશે

નવી દિલ્હી: ડિજિટલ પેમેન્ટના યુગમાં વધતી જતી ઓનલાઈન છેતરપિંડીની ઘટનાઓ વચ્ચે ભારતીય રિઝર્વ બેંકે સામાન્ય જનતા માટે રાહતના સમાચાર આપ્યા છે. કેન્દ્રીય બેંકે ગ્રાહકોના નાણાકીય હિતોના રક્ષણ માટે એક નવું 'ડિજિટલ ફ્રોડ વળતર માળખું' (ડ્રાફ્ટ ફ્રેમવર્ક) રજૂ કર્યું છે. આ પ્રસ્તાવિત સુધારા મુજબ, જો કોઈ ગ્રાહક તેની સાથે થયેલી છેતરપિંડીની જાણ તુરંત બેંકને કરશે, તો તેને થયેલા નુકસાનના 85 ટકા સુધીની રકમ અથવા મહત્તમ 25,000 રૂપિયા (જે ઓછું હોય તે) પરત મળી શકશે. આ જોગવાઈ 50,000 રૂપિયા સુધીની છેતરપિંડીના કિસ્સાઓમાં લાગુ કરવામાં આવશે.ગ્રાહકોની જવાબદારી મર્યાદિત કરવાનો ઉદ્દેશ્ય વર્ષ 2017માં જારી કરવામાં આવેલી જૂની માર્ગદર્શિકામાં ફેરફાર કરીને આરબીઆઈ હવે ગ્રાહકની જવાબદારી મર્યાદિત કરવાના ક્ષેત્રને વિસ્તૃત કરી રહી છે. નવા ડિજિટલ ફ્રોડ વળતર માળખું દ્વારા બેંકોને મળેલી ફરિયાદોના નિકાલ માટેનો સમય ઘટાડવા અને નાની કિંમતની છેતરપિંડી માટે વળતરની વ્યવસ્થા ઊભી કરવાનો ધ્યેય છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ ફેબ્રુઆરીની મોનેટરી પોલિસીમાં ગ્રાહક સુરક્ષા વધારવા અંગે જે જાહેરાત કરી હતી, તેના અનુસંધાને આ ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે. એક વર્ષ માટે પ્રાયોગિક ધોરણે અમલીકરણ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ વળતર મિકેનિઝમ અમલીકરણની તારીખથી એક વર્ષ માટે અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન મળેલા અનુભવોના આધારે આરબીઆઈ આ નીતિની સમીક્ષા કરશે. બેંકની ભાગીદારી વધારવી અને વળતરની પ્રક્રિયામાંથી આરબીઆઈનો હિસ્સો ધીમે ધીમે ઘટાડવો અથવા નાબૂદ કરવો એ મુખ્ય લક્ષ્ય છે. બેંકો, જાહેર સંસ્થાઓ અને અન્ય હિતધારકો આ પ્રસ્તાવિત ફ્રેમવર્ક પર 6 એપ્રિલ, 2026 સુધીમાં પોતાના મંતવ્યો અથવા પ્રતિસાદ ઈમેલ કે વેબસાઈટ દ્વારા સબમિટ કરી શકે છે.

### કિયા ઈન્ડિયા દ્વારા ફેઝ II સાથે 'બકલ અપ' માર્ગ સુરક્ષા પહેલ વિસ્તારાઈ

## ટીએસએલ ફાઉન્ડેશન સાથે સમજૂતી કરાર, એમઓઆરટીએચ દ્વારા ઉદઘાટન

નવી દિલ્હી : જવાબદાર મોબિલિટી આગેવાન તરીકે ભૂમિકા પર ભાર આપતાં દેશની અગ્રણી માસ પ્રીમિયમ કાર ઉત્પાદકમાંથી એક કિયા ઈન્ડિયા દ્વારા માર્ગ પરિવહન અને હાઈવે (એમઓઆરટીએચ) મંત્રાલયના નેજામાં ધ સોશિયલ લેબ ફાઉન્ડેશન (ટીએસએલ) સાથે ભાગીદારીમાં તેની ફ્લેગશિપ માર્ગ સુરક્ષા પહેલ 'બકલ અપ'ના ફેઝાના લોન્ચની ઘોષણા કરી છે. આગામી તબક્કા માટે કિયા ઈન્ડિયા અને ટીએસએલ દ્વારા પહેલની પહોંચ અને પ્રભાવ વિસ્તારવા માટે સમજૂતી કરાર કરાયા છે. ફેઝાનું ઉદઘાટન નવી દિલ્હીમાં પરિવહન ભવન ખાતે એમઓઆરટીએચના સન્માનનીય રાજ્ય મંત્રી શ્રી અજય તામતા દ્વારા વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને કિયા ઈન્ડિયાના આગેવાનોની હાજરીમાં કરાયું હતું.બકલ-અપ પ્રોજેક્ટના ફેઝા (ફેબ્રુઆરી 2024થી ફેબ્રુઆરી 2026) દરમિયાન કિયા ઈન્ડિયાએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વર્તન પ્રત્યે જાગૃતિ પર ધ્યાન કેન્દ્રિત કરવા થકી માર્ગ સુરક્ષાને પહોંચી વળવા માટે ગુરુગ્રામ ટ્રાફિક પોલીસ સાથે ભાગીદારી કરી હતી. આ કાર્યક્રમ હેઠળ ગુરુગ્રામમાં ઓળખવામાં આવેલા ઉચ્ચ જોખમના પટ્ટાઓમાં 750 ક્રેશ બેરિયર્સની ગોઠવણી કરાઈ હતી, જેનાથી ઓન-ગ્રાઉન્ડ પ્રતિબંધાત્મક ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બન્યું હતું. આ પ્રયાસોને પૂરક કિયા ઈન્ડિયાએ 100 શાળાઓમાં માળખાબદ્ધ માર્ગ સુરક્ષા શૈક્ષણિક કાર્યક્રમ હાથ ધરીને લગભગ 32,000 વિદ્યાર્થીઓ સુધી પહોંચીને યુવા માર્ગ ઉપભોક્તાઓમાં વહેલી જાગૃતિ કેળવી હતી.

### realme C83 5G લોન્ચ

## સેગમેન્ટની સૌથી મોટી 7000mAh Titan Battery અને 144Hz Ultra Bright Display સાથે, કિંમત ₹13,499 થી શરૂ




નવી દિલ્હી : ભારતીય યુવાનોમાં લોકપ્રિય સ્માર્ટફોન બ્રાન્ડ realmeએ આજે તેની C-સિરીઝમાં નવા દમદાર સ્માર્ટફોન realme C83 5Gના લોન્ચની જાહેરાત કરી છે. લાંબા સમય સુધી ચાલતી બેટરી લાઈફ, અતિ-સ્મૂથ વિઝ્યુઅલ અનુભવ અને વિશ્વસનીય 5G પરફોર્મન્સ આપવા માટે આ ડિવાઈસ ખાસ ડિઝાઈન કરવામાં આવ્યો છે. લાંબા સમય સુધી સ્થિર કામગીરી અને રોજિંદા ઉપયોગમાં વિશ્વસનીયતા ઈચ્છતા યુઝર્સને ધ્યાનમાં રાખીને બનાવાયેલા realme C83 5Gમાં સેગમેન્ટની સૌથી મોટી 7000mAh ટાઇટન બેટરી, 144Hz ડિસ્પ્લે અને 4 વર્ષ સુધીનો અવિરત પર્ફોર્મન્સ મળશે. realme C83 5G માં આ સેગમેન્ટની સૌથી મોટી 7000mAh 'ટાઈટન બેટરી' આપવામાં આવી છે, જે યુઝર્સને બેટરી પૂરી થવાની ચિંતામાંથી સંપૂર્ણપણે મુક્તિ આપે છે અને આખો દિવસ અવિરત સાથ આપે છે. આ સ્માર્ટફોન 15W PD અને 15W DCP ચાર્જિંગ ટેકનોલોજીને સપોર્ટ કરે છે, જેનાથી તે અંદાજે 180 મિનિટમાં સંપૂર્ણ ચાર્જ થઈ જાય છે. એટલું જ નહીં, તેમાં 5W વાયર્ડ રિવર્સ ચાર્જિંગની સુવિધા પણ છે, જે જરૂર પડ્યે અન્ય ડિવાઈસને ચાર્જ કરવા માટે પાવરબેંકનું કામ પણ કરી શકે છે.લાંબા ગાળાના અતૂટ ભરોસા માટે તૈયાર કરાયેલ આ ડિવાઈસ 4 વર્ષના અવિરત પર્ફોર્મન્સની ખાતરી આપે છે, જે આગામી ચાર વર્ષ સુધી સ્થિર અને સ્મૂથ પર્ફોર્મન્સ સુનિશ્ચિત કરે છે. realme C83 5Gમાં MediaTek Dimensity 6300 ચિપસેટ આપવામાં આવ્યો છે.

## ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થતા 90 ડોલરની સપાટી વટાવી

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં વધી રહેલા ભૌગોલિક તણાવ અને યુદ્ધના નગારા વાગતા જ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો નોંધાયો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન પાસેથી 'બિનશરતી શરણાગતિ'ની માંગણી કરવામાં આવતા વૈશ્વિક સ્તરે અસ્થિરતાનો માહોલ સર્જાયો છે. આ આક્રમક વલણને કારણે વૈશ્વિક ઉર્જા પુરવઠો ખોરવાઈ જવાની ભીતિ જન્મી છે, જેના પરિણામે તેલના ભાવ પ્રતિ બેરલ 90 ડોલરની મહત્વની સપાટી વટાવી ગયા છે. આ સ્થિતિ ભારત જેવા આયાત નિર્ભર દેશો માટે ચિંતાનો વિષય બની છે. રિપોર્ટ અનુસાર, વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) ક્રૂડ ફ્યુચર્સમાં 12.2 ટકાનો મોટો ઉછાળો જોવા મળ્યો છે અને તેની કિંમત 90.90 ડોલર પર પહોંચી ગઈ છે. એપ્રિલ 2020 પછી તેલના ભાવમાં આ સૌથી મોટો સાપ્તાહિક વધારો માનવામાં આવે છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકા અને ઈઝરાયેલ વિરુદ્ધ ઈરાન વચ્ચેનો આ સંઘર્ષ જો વધુ લંબાશે, તો તેની અસર વિશ્વભરના ઉર્જા ક્ષેત્ર પર પડશે.

### દૂબઈ પર હુમલાને કારણે દેશના જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગને ફટકો

## ઓઈલ-ગેસ પુરવઠામાં વિક્ષેપથી કંપનીઓની આવક પર અસર થશે

મુંબઈ : ઈરાન-ઈઝરાયલ યુદ્ધ લાંબુ ચાલશે તો કંપનીઓની આવકમાં ઘટાડા તરફી જોખમ રહેલું છે. ક્રુડ તેલ તથા ગેસના ઊંચા ભાવ અર્થતંત્ર તથા બજારો પર દબાણ લાવશે એમ એક રિપોર્ટમાં જણાવાયું છે. યુદ્ધ થોડાક સપ્તાહો કરતા વધુ લાંબો સમય ચાલશે તો કંપનીઓની આવક સામે જોખમ ઊભા થવાની શકયતા રહેલી છે. મધ્ય પૂર્વમાં સંઘર્ષની સ્થિતિ રોકાણકારોના માનસ પર આ અગાઉ જ અસર કરવાનું શરૂ કરી દીધું છે. ખાસ કરીને વિદેશી રોકાણકારોનું માનસ ખરડાયું છે. ઊર્જા પૂરવઠા અને બૃહદ આર્થિક સ્થિરતા સંબંધિત જોખમો પ્રત્યે વિદેશી રોકાણકારો ઘણા જ સંવેદનશીલ રહે છે. ઓઈલ અને ગેસ પૂરવઠામાં ખલેલ સામે ભારત નબળું પડે છે. ઓઈલ તથા ગેસના ઊંચા ભાવને પરિણામે ભારતની ચાલુ ખાતાની ખાધ વધી જવાનું જોખમ રહે છે. ક્રુડ તેલ તથા ગેસની મોટાભાગની આવશ્યકતા ભારત આયાત દ્વારા પૂરી કરે છે. ક્રુડ તેલના ઊંચા ભાવ મોટાભાગના ઔદ્યોગિક ક્ષેત્રોમાં કાચા માલના ભાવ વધારે છે. એટલું જ નહીં તેનાથી ફુગાવાનું દબાણ વધવા સાથે આયાત બિલ પણ ઊંચે જાય છે જેની સીધી અસર કંપનીઓની નફાશક્તિ પર જોવા મળે છે એમ એક બ્રોકરેજ પેઢીના રિપોર્ટમાં વધુમાં જણાવાયું હતું.ઘરઆંગણે સ્થિર ઈક્વિટી ઈન્ફલોસ તથા મધ્યમ ગાળાનું વિકાસ ભાવિ બજારોને ટેકો આપવાનું ચાલુ રાખશે, જો કે ભૌગોલિકરાજકીય ઘટનાક્રમો પર ટૂંકા ગાળે નજર રાખવાની રહેશે.દરમિયાન સંઘર્ષને કારણે જેમ્સ એન્ડ જ્વેલરી નિકાસમાં ખલેલ પડી છે એટલું જ નહીં યુનાઈટેડ આરબ અમીરાતસ ખાતેથી રફ હીરાની થતી આયાત પણ અટકી પડી છે.પોલિશ્ડ તથા રફ ડાયમન્ડસ અને સોનાની આયાત માટે દૂબઈ એક મુખ્ય મથક છે ત્યારે આ મથકેથી અસંખ્ય કાર્ગો તથા ઊતારૂ વિમાની સેવા સસ્પેન્ડ કરી નાખવામાં આવી છે, જેને કારણે નિકાસ તથા કાચા માલની આયાત ખોરવાઈ ગઈ છે.

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની નોકરીઓ પર અસર અંગે મોટો ખુલાસો

વોશિંગ્ટન ડીસી: આધુનિક ટેક્નોલોજીના યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) હવે માનવ સંસાધનો માટે પડકારરૂપ બની રહી છે. એઆઈ ચેટબોટ 'ક્લોડ' બનાવતી જાણીતી કંપની એન્થ્રોપિક દ્વારા હાથ ધરવામાં આવેલા તાજેતરના અભ્યાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ સંશોધન મુજબ, અમેરિકામાં કમ્પ્યુટર પ્રોગ્રામરથી લઈને ગ્રાહક સેવા પ્રતિનિધિઓ સુધીના અનેક વ્યવસાયો પર એઆઈનું જોખમ તોળાઈ રહ્યું છે. 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની નોકરીઓ પર અસર' ને ટ્રેક કરવા માટે કંપનીએ એક 'અર્લી વોર્નિંગ સિસ્ટમ' તૈયાર કરી છે, જે આગામી દાયકામાં રોજગાર બજારના ચિત્રને સંપૂર્ણપણે બદલી શકે છે. કયા ક્ષેત્રોમાં જોખમ સૌથી વધુ છે? મીડિયા અહેવાલ અનુસાર, એન્થ્રોપિકે એવા વ્યવસાયોની યાદી જાહેર કરી છે જે એઆઈ સામે સૌથી વધુ 'એક્સપોઝ્ડ' એટલે કે અસુરક્ષિત છે. આ યાદીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર્સ, મેડિકલ રેકોર્ડ સ્પેશિયાલિસ્ટ, માર્કેટ રિસર્ચ એનાલિસ્ટ અને માર્કેટિંગ સ્પેશિયાલિસ્ટનો સમાવેશ થાય છે.

### ફેબ્રુઆરીમાં માસિક ધોરણે મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા ચોખ્ખી ઈક્વિટી ખરીદી ૭૫% ઘટી

## મ્યુ. ફંડો દ્વારા ઈક્વિટીની ખરીદી ત્રણ વર્ષના તળિયે

(એજન્સી) અમદાવાદ | તા 07

દેશમાં મ્યુચ્યુઅલ ફન્ડો દ્વારા ફેબુરઆરીમાં ઈક્વિટીસની ખરીદી રૂપિયા ૧૦૩૮૧ કરોડ સાથે ત્રણ વર્ષની નીચી સપાટીએ રહી હતી. જાન્યુઆરીમાં રૂપિયા ૪૨૩૫૫ કરોડની ખરીદીની સરખામણીએ ફેબુરઆરીનો આંક ૭૫ ટકા નીચો છે. આ ઘટાડો ઈક્વિટી સ્કીમ્સમાં રોકાણમાં ઘટાડો અને બજારની વધતી જતી અસ્થિરતાને કારણે છે. જોકે, ફંડ મેનેજરો માને છે કે બજારમાં તાજેતરના તીવ્ર ઘટાડાથી તેમને આગામી મહિનાઓમાં ખરીદી વધારવાની તક મળી શકે છે કારણ કે સ્ટોક વેલ્યુએશન વધુ આકર્ષક બન્યા છે.ઈક્વિટી અને હાઈબ્રિડ સ્કીમ્સમાં ચોખ્ખા રોકાણ, રોકડ સ્થિતિમાં ફેરફાર અને હાઈબ્રિડ ફંડ્સના ઈક્વિટી ફાળવણીમાં ફેરફારથી ઈક્વિટીમાં મ્યુચ્યુઅલ ફંડ રોકાણ પ્રભાવિત થાય છે. જાન્યુઆરીમાં ઈક્વિટી સ્કીમ્સમાં ચોખ્ખા રોકાણ રૂ. ૨૪,૦૨૯ કરોડના સાત મહિનાના નીચલા સ્તરે પહોંચ્યા હતા.બજાર નિષ્ણાતો કહે છે કે ઈક્વિટી સ્કીમ્સના નબળા ટૂંકા ગાળાના પ્રદર્શનને કારણે રોકાણકારોની ભાવના નબળી પડી છે. વધતા જતા ભૂરાજકીય તણાવ અને બજારની અસ્થિરતા વચ્ચે સોનાચાંદીના ઊંચા ભાવને પરિણામે ગોલ્ડ ઈટીએફસમાં ઊંચા વળતર મળી રહેતા હોવાથી રોકાણકારો ઈક્વિટીસને બદલે ગોલ્ડ ઈટીએફસમાં નાણાં ફાળવી રહ્યા હોવાનું પણ વર્તુળોએ દાવો કર્યો હતો. ૨૦૨૫ના મોટાભાગના સમયગાળા માટે સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (સિપ) દ્વારા સક્રિય ઈક્વિટી સ્કીમ્સમાં રોકાણ પ્રવાહ સ્થિર રહ્યો હતો પરંતુ આ મહિને તેમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. પાછલા બે મહિના માટે ચોખ્ખી વેચાણ પછી, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ) ગયા મહિને સકારાત્મક બન્યા હતા. આનાથી કેટલાક સ્થાનિક ફંડ મેનેજરોને નફો બુક કરવાની તક મળી હતી. વધતા જતા ભૂરાજકીય તણાવ અને વેપાર અનિશ્ચિતતાઓ વચ્ચે, કેટલાક ફંડ્સે આકર્ષક ભાવે રોકાણ કરવા માટે તેમના રોકડ સ્તરમાં વધારો કર્યો હતો. ઘટતા મૂલ્યાંકન અને વૃદ્ધિની અપેક્ષાઓ ભારતને એક આકર્ષક બજાર બનાવી રહી છે. તાજેતરના રિકવરી અને કોન્સોલિડેશનને કારણે, ભારતના સંબંધિત પીઈ ગુણાંક ઐતિહાસિક સરેરાશ અને મેક્રોઈકોનોમિક ફંડામેન્ટલ્સ સાથે સુસંગત બન્યા છે. ગયા મહિને ભારતીય ઈક્વિટીસમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો એકંદરે પોઝિટિવ રહ્યા હતા જ્યારે ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોએ નફો બુક કર્યો હતો. હાલમાં ચાલી રહેલી વૈશ્વિક અશાંતિ તથા અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખી ફન્ડ હાઉસોએ વધુ કેશ ઓન હેન્ડનો વ્યૂહ રાખ્યો છે જેથી એકદમ ઘટાડાના સમયે ખરીદીની તક ઝડપી શકાય એમ બજારના વર્તુળો જણાવી રહ્યા છે.ભારતીય બજાર પહેલાથી જ ઊંચા મૂલ્યાંકન અને આઈટી સેવાઓ ક્ષેત્ર પર એઆઈની સંભવિત અસર અંગે ચિંતાઓથી ઝઝૂમી રહ્યું છે.

### ગયા મહિને વિદેશી રોકાણકારો દ્વારા રૂપિયા ૧૬૯૪૯ કરોડના આઈટી શેરોનું વેચાણ

## AIના જોખમને પગલે ફેબુઆરીમાં દેશની IT કંપનીઓમાંથી FIIની પીછેહઠ

(એજન્સી) મુંબઈ | તા 07

દેશના ઈન્ફરમેશન ટેકનોલોજી (આઈટી) શેરોમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)નો આઉટફલો ફેબુરઆરીમાં વધી સાત મહિનાની ટોચે રહ્યો હતો. આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ને કારણે સૂચિત ખલેલથી આઈટી કંપનીઓની આવક પર અસર પડવાની શકયતાને ધ્યાનમાં રાખી વિદેશી રોકાણકારો આઈટી કંપનીઓમાં પોતાના રોકાણ પાછા ખેંચી રહ્યા છે.ગયા મહિને વિદેશી રોકાણકારોએ એકંદર રૂપિયા ૧૬૯૪૯ કરોડના મૂલ્યના આઈટી શેરોનું વેચાણ કર્યું છે. એફઆઈઆઈની જોરદાર વેચવાલીને પરિણામે આઈટી




ઈન્ડેક્સ ૧૯.૫૦ ટકા જેટલો ઘટી ગયો હતો, જે સપ્ટેમ્બર, ૨૦૦૮ બાદ કોઈ એક મહિનામાં તેની સૌથી ખરાબ કામગીરી રહી છે.૨૦૦૮માં વૈશ્વિક નાણાંકીય કટોકટીએ સંપૂર્ણ વિશ્વની ઈક્વિટી બજારોને હચમચાવી નાખી હતી. એન્થ્રોપિક તથા પાલનટીર દ્વારા એઆઈ ઓટોમેશનમાં મહત્વની માહિતી બહાર પડાયા બાદ ફેબુરઆરીમાં આઈટી ઈન્ડેક્સમાંની ૧૦ ઘટક કંપનીઓની માર્કેટ કેપમાં ૬૨.૮૦ અબજ ડોલરનું ધોવાણ થયું છે. ૨૦૨૫માં વિદેશી રોકાણકારોએ રૂપિયા ૭૫૦૦૦ કરોડના આઈટી સ્ટોકનું ઓફ્ફલોડિંગ કર્યું હતું. નબળા પરિણામોને કારણે આ વેચવાલી આવી પડી હતી. એઆઈ ટુલ્સની શોધમાં ઝડપ સહિતના વિવિધ પડકારોનો આઈટી ક્ષેત્ર સામનો કરી રહ્યું છે એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું. ભારતના આઈટી સ્ટોકસમાં એફપીઆઈનું આકર્ષણ ફરી વધારવા દેશની આઈટી કંપનીઓ તથા વૈશ્વિક એઆઈ આગેવાનો વચ્ચે રચનાત્મક સહયોગ ઊભો થવો જરૂરી છે, જે તાજેતરમાં ઈન્ફોસિસ અને એન્થ્રોપિક વચ્ચે થયો છે.

એક તરફ આઈટી શેરોમાં વેચવાલી જ્યારે બીજી બાજુ કેપિટલ ગુડસ, ફાઈનાન્સિઅલ, મેટલ્સ તથા ઊર્જા શેરોમાં વિદેશી રોકાણકારોની ગયા મહિને લેવાલી જોવા મળી છે.અમેરિકા તથા ભારત વચ્ચે સૂચિત વેપાર કરારને લઈને વિદેશી રોકાણકારો દેશની ઈક્વિટીસમાં ફરી સક્રિય બન્યા છે.

# મહિલા સુરક્ષા માટે અમદાવાદ પોલીસનું મક્કમ પગલું: મહિલા હેલ્પ ડેસ્ક બન્યું ન્યાય અને સહાયનું કેન્દ્ર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણ માટે અમદાવાદ શહેર પોલીસે દરેક પોલીસ સ્ટેશનમાં કાર્યરત 'મહિલા હેલ્પ ડેસ્ક'ને અસરકારક વ્યવસ્થા તરીકે ઉભી કરી છે. આ ડેસ્ક દ્વારા મહિલાઓને કાયદાકીય સહાય, માર્ગદર્શન, કાઉન્સેલિંગ અને ત્વરિત પોલીસ મદદ ઉપલબ્ધ થતાં તે ન્યાય અને સુરક્ષાનું વિશ્વસનીય સરનામું બની રહ્યું છે. મહિલા હેલ્પ ડેસ્ક પર મહિલા પોલીસ કર્મચારીઓ તૈનાત રહેતા પીડિત મહિલાઓ પોતાની સમસ્યા નિ:સંકોચ રજૂ કરી શકે છે. ઘરેલું હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ સહિતના કેસોમાં તાત્કાલિક કાર્યવાહી સાથે કાઉન્સેલિંગ અને કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવે છે. મહિલાઓની ઓળખ ગુપ્ત રાખવામાં પણ વિશેષ કાળજી લેવામાં આવે છે. મહિલા સુરક્ષા માટે અમદાવાદ પોલીસ દ્વારા ઈમરજન્સી હેલ્પલાઈન 100 અને 112, મહિલા હેલ્પલાઈન 181 (અભયમ) અને 1091 સહિત 'શી ટીમ' જેવી વ્યવસ્થાઓ પણ કાર્યરત છે. શી ટીમ શાળા-કોલેજો આસપાસ પેટ્રોલિંગ, મહિલાઓમાં જાગૃતિ અને એકલા રહેતા સિનિયર સિટિઝન સાથે સંપર્ક જાળવી તેમની સુરક્ષા સુનિશ્ચિત કરે છે. અમદાવાદ મહિલા પોલીસ મથકની એસીપી હિમાલા જોશીએ જણાવ્યું હતું કે મહિલાઓએ પોતાની આર્થિક અને સામાજિક સ્વતંત્રતા મજબૂત બનાવી આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધવું જોઈએ. કોઈ પણ પ્રકારના અસામાજિક તત્વો અથવા કુરિવાજો સામે પોલીસ તેમની મિત્ર તરીકે હંમેશા તૈયાર છે.

# ફેબ્રુઆરીમાં 1191 રેક અનલોડ કરીને NFR એ સતત નૂર પ્રદર્શન હાંસલ કર્યું



માલીગાંવ | ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ ફેબ્રુઆરી 2026 માં તેનું મજબૂત નૂર પ્રદર્શન ચાલુ રાખ્યું, અનલોડિંગ પ્રવૃત્તિમાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો. મહિના દરમિયાન, સમગ્ર ઝોનમાં 1191 નૂર રેક અનલોડ કરવામાં આવ્યા હતા, જે ફેબ્રુઆરી 2025 માં અનલોડ કરાયેલા 1137 રેકની તુલનામાં 4.7% નો વધારો દર્શાવે છે. સમગ્ર મહિના દરમિયાન, NFR એ ખાદ્ય અનાજ, ખાતરો, સિમેન્ટ, કોલસો અને અન્ય માલ સહિત આવશ્યક અને ઔદ્યોગિક ચીજવસ્તુઓનું સરળ પરિવહન સુનિશ્ચિત કર્યું. આ માલસામાનને તેના અધિકારક્ષેત્રમાં વિવિધ માલસામાન શેડ પર કાર્યક્ષમ રીતે સંચાલિત કરવામાં આવ્યા હતા, જેનાથી સમયસર પુરવઠો અને કાર્યકારી વિશ્વસનીયતા સુનિશ્ચિત થઈ. આ સમયગાળા દરમિયાન નૂર પરિવહનનો મોટો હિસ્સો ઉત્તરપૂર્વીય રાજ્યોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સમર્પિત હતો. આસામમાં 655 રેક અનલોડ કરવામાં આવ્યા હતા, જેમાંથી 308 રેક આવશ્યક ચીજવસ્તુઓનું વહન કરતા હતા, જે જાહેર વિતરણ પ્રણાલી અને દૈનિક ગ્રાહક જરૂરિયાતોને ટેકો આપવામાં રેલ્વેની મહત્વપૂર્ણ ભૂમિકાને રેખાંકિત કરે છે. આ જ સમયગાળા દરમિયાન, ત્રિપુરામાં 85 રેક, નાગાલેન્ડમાં 17, અરુણાચલ પ્રદેશમાં 9, મણિપુરમાં 16, મેઘાલયમાં 1 અને મિઝોરમમાં 7 રેક અનલોડ કરવામાં આવ્યા હતા. વધુમાં, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેના અધિકારક્ષેત્રમાં, પશ્ચિમ બંગાળમાં 222 રેક અનલોડ કરવામાં આવ્યા હતા, જ્યારે બિહારમાં 179 રેક હતા, જેમાં આવશ્યક અને બિન-આવશ્યક બંને પ્રકારની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે, જે આંતર-પ્રાદેશિક પુરવઠા શૃંખલાઓને વધુ મજબૂત બનાવે છે. આવશ્યક ચીજવસ્તુઓ અને ઔદ્યોગિક માલસામાનની હિલચાલ જાહેર જરૂરિયાતોને પૂર્ણ કરવા અને સમગ્ર પ્રદેશમાં આર્થિક પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે મહત્વપૂર્ણ રહે છે. ક્ષેત્ર એકમો દ્વારા નજીકથી દેખરેખ અને સંકલિત પ્રયાસો દ્વારા, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ ટર્નઅરાઉન્ડ સમય અને અનલોડિંગ કાર્યક્ષમતામાં સુધારો કર્યો છે, જે વિશ્વસનીય માલવાહક કામગીરી અને ઉત્તરપૂર્વના સામાજિક-આર્થિક વિકાસ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુષ્ટિ આપે છે.

# AU સ્મોલ ફાઇનાન્સ બેંક ની 'M' મહિલાઓને વ્યવસ્થિત ફાઇનાન્સિયલ પ્લાનીંગ તરફ આગળ વધવા માં મજબૂત બનાવે છે

મુંબઈ | AU સ્મોલ ફાઈનાન્સ બેંક (AU SFB), ભારતની સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક અને દાયકાથી વધુ સમય બાદ યુનિવર્સલ બેંકમાં રૂપાંતર માટે in-principle મંજૂરી મેળવનાર પ્રથમ બેંક, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે એક મહત્વપૂર્ણ સિદ્ધિની જાહેરાત કરે છે.બેંકની મહિલા કેન્દ્રીત - સ્ત્રી કેન્દ્રીત પ્રોગ્રામ 'M' એ નવેમ્બર 2025 થી અત્યાર સુધી 30,000 મહિલા ગ્રાહકો જોડાયેલા છે (દર મહિને સરેરાશ 7,500 નવી મહિલા ગ્રાહકો) ઔપચારિક અને ડિજિટલ પ્રાથમિકતા જે ભારતમાં ઔપચારિક અને ડિજિટલ પ્રાથમિકતા થકી બેંકીંગમાં મહિલાઓની ભાગીદારી દર્શાવે છે. મહિલાઓના નવા સપનાં, બહુવિધ ભૂમિકાઓ અને પોતાના રીતે જીવન જીવવાની શક્તિને ઉજવણી કરતા 'M' એ Me અને Myself ની ઓળખને મજબૂત બનાવે છે–મહિલાની વ્યક્તિગતતા, તેના પસંદગીના અધિકાર અને પોતાની સફરને નિર્ભય રીતે નિર્માણ કરવાની ક્ષમતાઓનું સન્માન કરે છે. નવેમ્બર 2025માં લોન્ચ થયેલી 'M' મહિલાઓ ને વ્યક્તિગત લાભો, ક્યુરેટેડ ફાઈનેન્શિયલ સોલ્યુશન્સ અને તેમની જરૂરિયાત અને આશાઓ પ્રમાણે લાઈફસ્ટાઈલ ના અનુભવો પ્રદાન કરે છે.હાલમાં, 'M' માં ગૃહિણીઓ અને સ્વરોજગારી મહિલાઓ તરફથી મજબૂત પ્રતિસાદ મળી રહ્યો છે–આ બંને જૂથો હંમેશાં ઔપચારિક નાણાકીય વ્યવસ્થા માં ઓછી પ્રતિનિધિત્વ ધરાવતા હતા. તેમ છતાં, હવે તેઓ વધુ નાણાકીય શિસ્ત અને સહભાગીતા દર્શાવી રહ્યા છે. સ્વરોજગારી મહિલાઓ 'M' સમુદાયમાં સૌથી વધુ નાણાકીય રીતે સક્રિય છે–જેમાં અન્ય જૂથોની તુલનામાં ઉચ્ચ સરેરાશ ટિકિટ સાઈઝ જોવા મળે છે.

# સોલધરા ગામની 'લખપતિ દીદી' અસ્મિતાબેન પટેલ: મધ-ઉત્પાદનથી આત્મનિર્ભરતાનું પ્રેરણાદાયી મોડેલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના ચિખલી તાલુકાના સોલધરા ગામની અસ્મિતાબેન અશોકભાઈ પટેલે ગ્રામ્ય વિસ્તારમાં સ્વરોજગાર અને મહિલા સશક્તિકરણનું પ્રેરણાદાયી ઉદાહરણ ઊભું કર્યું છે. ખેડૂત પરિવારમાંથી આવતી અસ્મિતાબેને મધ-ઉછેરના વ્યવસાયથી શરૂઆત કરી આજે વર્ષમાં ૧૦ લાખથી વધુ આવક મેળવતા સફળ મહિલા ઉદ્યોગકાર તરીકે ઓળખ બનાવી છે. વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન મધ-ઉછેરનો તાલીમ કોર્સ પૂર્ણ કરીને તેમણે ઘરેથી મધ-ઉત્પાદન શરૂ કર્યું. ત્યારબાદ ૨૦૧૫માં ૧૦ મહિલાઓ સાથે મળીને 'સહ્યાદ્રી સખી મંડળ'ની સ્થાપના કરી ગ્રામિણ સ્વસહાય જૂથ દ્વારા અથાણાં, નાગલી આધારિત ઉત્પાદનો, પાપડ, બિસ્કિટ તથા કુદરતી ખાદ્યપદાર્થોના ઉત્પાદનની પ્રવૃત્તિ શરૂ કરી. મિશન મંગલમ હેઠળ મળેલા સહકારથી ઉત્પાદન વિસ્તર્યું અને બાદમાં હળદર પ્રોસેસિંગ સહિત વિવિધ કૃષિ આધારિત ઉત્પાદનોના વ્યવસાયે ગતિ પકડી. આજે અસ્મિતાબેનના માર્ગદર્શન હેઠળ મહિલાઓ મધ પેકિંગ-પ્રોસેસિંગ, અથાણાં, આમળાની કેન્ડી, નાગલી વેફર તથા વાંસના હસ્તકલા ઉત્પાદનો બનાવી સ્થાનિક તેમજ રાજ્ય-રાષ્ટ્રીય સ્તરના મેળાઓમાં વેચાણ કરે છે.

# '૧૮૧ અભયમ' મહિલા હેલ્પલાઈનને ૧૨ વર્ષ પૂર્ણ, લાખો મહિલાઓ માટે સુરક્ષાનું મજબૂત કવચ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મહિલાઓની સુરક્ષા અને સંકટકાળમાં તાત્કાલિક સહાય માટે શરૂ કરાયેલ '૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન' સેવાને ૧૨ વર્ષ પૂર્ણ થયા છે. છેલ્લા બાર વર્ષ દરમિયાન આ સેવા રાજ્યની લાખો મહિલાઓ માટે મજબૂત સુરક્ષા કવચ સાબિત થઈ છે. આ અવધિ દરમિયાન હેલ્પલાઈન દ્વારા કુલ ૧૮.૧૦ લાખથી વધુ મહિલાઓને સલાહ અને માર્ગદર્શન આપી તેમને સશક્ત બનાવવામાં આવી છે. ઉપરાંત ૩.૬૦ લાખથી વધુ કિસ્સાઓમાં અભયમની ટીમ ઘટના સ્થળે પહોંચી તાત્કાલિક સહાય પૂરી પાડી છે. હેલ્પલાઈન ટીમની અસરકારક કામગીરીના પરિણામે ૨.૨૯ લાખથી વધુ કેસોમાં કાઉન્સિલિંગ દ્વારા સ્થળ પર જ વિવાદોનો સુખદ નિકાલ લાવવામાં આવ્યો છે, જ્યારે અત્યંત જોખમી પરિસ્થિતિમાં મુકાયેલી ૧,૦૯,૮૮૬ મહિલાઓનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરીને તેમને સુરક્ષિત આશ્રયસ્થાને પહોંચાડવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા મહિલાઓની સુરક્ષા માટે ટેક્નોલોજી આધારિત સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. '૧૮૧ મોબાઈલ એપ'માં 'પેનિક બટન' અને 'ફોન શેકિંગ' જેવા ફીચર્સ દ્વારા મહિલાઓ ફોન કર્યા વિના પણ પોતાની લોકેશન હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડી તાત્કાલિક મદદ મેળવી શકે છે.

# રાજ્યના જળાશયોમાં ૭૨ ટકા કરતાં વધુ પાણીનો સંગ્રહ, ઉનાળામાં પીવાના પાણી અંગે રાહત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ચાલુ વર્ષે ચોમાસામાં સરેરાશ ૧૨૮ ટકા જેટલા નોંધાયેલા ભારે વરસાદના પરિણામે ગુજરાતના મુખ્ય જળાશયો અને ડેમોમાં પાણીનો જથ્થો સારો નોંધાયો છે. તા. ૫ માર્ચ ૨૦૨૬ની સ્થિતિએ રાજ્યના જળાશયોમાં કુલ ૬.૪૬ લાખ MCFT એટલે કે ૭૨.૪૯ ટકા જેટલું પાણી સંગ્રહાયેલું હોવાથી આગામી ઉનાળામાં પીવાના પાણી અંગે રાહત મળશે તેવી માહિતી જળ સંપત્તિ વિભાગે આપી છે. રાજ્યની જીવાદોરી ગણાતા સરદાર સરોવર જળાશયમાં હાલ ૨.૪૭ લાખ MCFT એટલે કે ૭૪ ટકા કરતાં વધુ પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. વિસ્તારવાર જોવામાં આવે તો રાજ્યમાં સૌથી વધુ ૨.૩૪ લાખ MCFT પાણીનો જથ્થો દક્ષિણ ગુજરાતના જળાશયોમાં સચવાયો છે. જ્યારે મધ્ય ગુજરાતમાં ૬૫,૧૭૯ MCFT, ઉત્તર ગુજરાતમાં ૪૧,૮૪૨ MCFT, સૌરાષ્ટ્રમાં ૫૩,૬૨૧ MCFT અને કચ્છ વિસ્તારમાં ૪,૩૯૨ MCFT પાણી ઉપલબ્ધ છે. ગત વર્ષના માર્ચ ૨૦૨૫ની તુલનામાં આ વખતે રાજ્યમાં કુલ પાણીના જથ્થામાં અંદાજે ૪.૧૫ ટકા વધારો નોંધાયો છે.

# દાહોદથી ગાંધીનગર સુધી નીતાબેન પટેલની પ્રેરણાદાયી સફર, BSFમાં રહી દેશસેવા કરતી ગુજરાતની દીકરી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે દાહોદ જિલ્લાના દેગાવાડા ગામની દીકરી નીતાબેન પટેલે સંઘર્ષ અને સંકલ્પથી સફળતા મેળવતી પ્રેરણાદાયી ગાથા લખી છે. ખેડૂત પરિવારમાં ઉછરેલી નીતાબેન આજે સીમા સુરક્ષા બળ (BSF)માં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવી દેશની સુરક્ષામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. નાનપણથી જ દેશસેવાના સપના સાથે આગળ વધેલી નીતાબેને ધોરણ ૧૨ પછી ITIનો અભ્યાસ પૂર્ણ કર્યો અને સંરક્ષણ દળમાં જોડાવા માટે તૈયારી શરૂ કરી. લગ્ન અને માતૃત્વની જવાબદારીઓ વચ્ચે પણ તેમણે પોતાનું લક્ષ્ય છોડ્યું નહીં. પતિના પ્રોત્સાહન અને પરિવારના સહકારથી તેમણે BSFની પરીક્ષા પાસ કરી અને પંજાબમાં કઠોર તાલીમ પૂર્ણ કરી. વર્ષ ૨૦૧૪માં રાજસ્થાનમાં પ્રથમ નિમણૂક મળ્યા બાદ હાલ તેઓ ગાંધીનગર સ્થિત BSF હેડક્વાર્ટરમાં ફરજ બજાવી રહ્યા છે. શિસ્તબદ્ધ તાલીમ, પરેડ અને જવાબદારીભર્યા કાર્યો વચ્ચે તેઓ નિષ્ઠાપૂર્વક દેશસેવામાં તત્પર છે. નીતાબેન પટેલની સફળતા ગ્રામિણ વિસ્તારની યુવતીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની છે.

# અડિયા ચંદ્રુમાણા રોડ ઉપર થર્ડિયાવાળી માતાના ધામમાં ગૌશાળાનું ભૂમિપૂજન

પાટણ | પાટણ તાલુકાના ચંદ્રુમાણાથી અડિયા રોડ ઉપર આવેલા શ્રી થડિયાવાળા માતાજીના મંદિરે સંતો મહંતોની પાવન નિશ્રામાં ગૌશાળા નું ખાત મુહૂર્ત કરાયું હતું. અત્રે માઈભક્ત ગીતાબેનના પ્રયાસોથી પ્રેતયોનીની ભયાનકતાના બદલે રળિયામણું ધર્મસ્થળ સાકાર થયું છે. આ પ્રસંગે અલખ ધણી આશ્રમ સરવાલ ગૌશાળાના માતાજી પૂ. ઈંદુગીરીજી, ગોધાણા આશ્રમના શિવાભારતીજી મહારાજ, લોલાડાના શિવાનંદજી બાપુ, ભુવાજીઓ જામાભાઈ ખીમાણા, લવાણા ચેહર ધામના પ્રવીણભાઈ , ખાનપુરના ભગાભાઈ , જામાભાઈ કાટડીયા ,કનુભાઈ સુબાપુરા, ઈટોદાના હરજી ભગત ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાધેશ્યામ મહિલા મંડળ થરા અને ઈટોદાના આનંદના ગરબા મંડળે ભક્તિભાવ કર્યો હતો.

# પારાદીપમાં IFFCOના સલ્ફ્યુરિક એસિડ પ્લાન્ટ–IIIનું લોકાર્પણ, ખાતર ઉત્પાદન અને આત્મનિર્ભરતાને મળશે વેગ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે ઓડિશાના પારાદીપ સ્થિત IFFCO એકમમાં સલ્ફ્યુરિક એસિડ પ્લાન્ટ-IIIનું લોકાર્પણ કરી સહકારિતા સંમેલનને સંબોધન કર્યું. કાર્યક્રમમાં ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સહિત અનેક ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અમિત શાહે જણાવ્યું હતું કે પારાદીપમાં સ્થાપિત આ નવું સંયંત્ર સલ્ફ્યુરિક એસિડ ક્ષેત્રમાં 'આત્મનિર્ભર ભારત'ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે. મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ જણાવ્યું કે આ સંયંત્ર ઓડિશાના ઔદ્યોગિક વિકાસને નવી દિશા અને ગતિ આપશે. IFFCOના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ સ્વાગત ભાષણમાં



જણાવ્યું કે પારાદીપમાં વિશ્વનું સૌથી મોટું સિંગલ રિએક્ટર ફોસ્ફોરિક એસિડ પ્લાન્ટ સ્થાપિત છે, જે સંસ્થાની ટેકનિકલ ક્ષમતા અને વ્યવસ્થાપન કુશળતાનું પ્રતિક છે. તેમણે ઉમેર્યું કે સહકારિતાની શક્તિ, ટેકનિકલ ઉત્તમતા અને રાષ્ટ્ર નિર્માણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું આ ઉત્તમ ઉદાહરણ છે.

# વિરપુર અને બાકોર પોલિસ સ્ટેશનના ચાર નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડતી મહીસાગર SOG

જગદીશ ત્રિવેદી | મહીસાગર

વિરપુરના પોલીસે ડિસેમ્બર માસમાં ચાર શંકાસ્પદ મ્યુલ એકાઉન્ટ સંદર્ભે ગુનો નોંધ્યો હતો. આ ચાર એકાઉન્ટના એનાલીસીસમાં અલગ અલગ રાજ્યમાંથી ૨૨મી ડિસેમ્બર ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન સાયબર ક્રાઈમથી થયેલી ઠગાઈના નાણા હેરફેર થયાં હોવાનું જણાયું હતું. ત્રણ રાજ્યના સાયબર ફ્રોડના રૂ.૧૪,૩૧,૬૫૦ની ઓનલાઈન છેતરપિંડી ખુલી હતી.આ દરમિયાન મહીસાગર SOG ના પોલીસ ઈન્સ્પેક્ટર વિમલ ધોરડા ને ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારો મારફતે ચોક્કસ માહિતી મળી હતી કે આ કેસમાં સંડોવાયેલા શખસો હાલ અમદાવાદમાં હોવાની સંભાવના છે. આ બાતમીના આધારે મહિસાગર SOG ની ટીમ દ્વારા અમદાવાદમાં અલગ-અલગ સ્થળોએ તપાસ હાથ ધરી હતી.

# 'એસેન્શિયલ ડ્રગ્સ' યાદીમાં ૧૫૦ દવાઓનો વધારો, સરકારી હોસ્પિટલોમાં હવે ૧૪૭૯ દવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



રાજ્યના નાગરિકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત સરકારે 'એસેન્શિયલ ડ્રગ્સ લિસ્ટ'માં વધુ ૧૫૦ દવાઓનો ઉમેરો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણયને આવકારતા પ્રદેશ ભાજપાના મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલભાઈ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાનો આભાર વ્યક્ત કર્યો છે. ડૉ. અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે નવી દવાઓના સમાવેશ સાથે હવે રાજ્યની સરકારી હોસ્પિટલોમાં વિવિધ રોગોના ઉપચાર માટે કુલ ૧,૪૭૯ દવાઓ અને સર્જિકલ આઈટમ્સ દર્દીઓને વિનામૂલ્યે ઉપલબ્ધ થશે. બે વર્ષ પહેલાં આ સંખ્યા ૭૧૭ હતી, જે વધારીને હવે બમણી કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોથી લઈને સિવિલ હોસ્પિટલો તથા સરકારી મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો સુધી ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને આ દવાઓ નિ:શુલ્ક ઉપલબ્ધ થશે. હૃદયરોગ, કેન્સર, ન્યુરોલોજીકલ અને માનસિક રોગો જેવી ગંભીર બીમારીઓ માટેની દવાઓનો સમાવેશ થવાથી દર્દીઓ પરનો આર્થિક બોજ ઘટાડવામાં મદદ મળશે.

# ડબલ રૂપિયાની લાલચ આપી ૧૫.૪૦ લાખની છેતરપિંડી આચરનાર એજન્ટ વલસાડથી ઝડપાયો.

ડાંગ | ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રોકાણકારો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવાના ગુન્હામાં સંડોવાયેલા એક વોન્ટેડ એજન્ટને પકડી પાડવામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને મોટી સફળતા મળી છે.જિલ્લાના નાસતા-ફરતા અને વોન્ટેડ આરોપીઓને પકડવા માટે આપવામાં આવેલી કડક સૂચનાઓના પગલે ડાંગ-આહવા પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક જે.એચ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ LCBની ટીમ તપાસમાં હતી.આ દરમિયાન PSI જે.જી.અનડકટ અને તેમની ટીમને ચોક્કસ હ્યુમન અને ટેકનિકલ સોર્સ દ્વારા બાતમી મળી હતી કે છેતરપિંડીના ગુન્હામાં સંડોવાયેલ આરોપી સંજયભાઈ ધીરૂભાઈ રાઠોડ વલસાડ જિલ્લાના બલવાડા ગામે એક લગ્ન પ્રસંગમાં આવવાનો છે.

# સુરતમાં સ્વામી વિવેકાનંદ પાર્કના ખાતમુહૂર્તે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલની ઉપસ્થિતિ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સુરત શહેરમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં સ્વામી વિવેકાનંદ પાર્કના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ પાર્ક CSR સહયોગથી નિર્માણ પામનાર હોવાનું જણાવાયું હતું, જે સમાજના સહકારથી શહેરના વિકાસનું ઉત્તમ ઉદાહરણ બનશે. કાર્યક્રમમાં સાંસદ મુકેશભાઈ દલાલ, શહેર પ્રમુખ પરેશભાઈ પટેલ, મેયર દક્ષેશભાઈ માવાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન રાજનભાઈ પટેલ, ડેપ્યુટી મેયર ડો. નરેન્દ્રભાઈ પાટીલ, શાસક પક્ષના નેતા શશીબેન ત્રિપાઠી તેમજ પૂર્વ મેયર હેમાલિબેન બોઘાવાલા સહિત અગ્રણીઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# હેપી વુમન્સ ડે



- રુપાલી દવે

લવયુ ઝિંદગી..લવ મી ઝિંદગી..

આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ લગભગ એક સદીથી વિશ્વભરમાં ઉજવાય છે ૮મી માર્ચ એ વિશ્વ મહિલા દિવસ મનાવવાનો મુખ્ય હેતુ મહિલાઓ તાકતવર બને અને એના અધિકારો ને સમજે એ ચળવળ નો ખાસ ઉદ્દેશ્ય હતો. વાસ્તવિકતા માં "મહિલા દિવસ" ને નારી વાદ નો મુદ્દો માનવામાં આવતો હોવાથી ભારત માં વીસમી સદી માં પણ પુરુષો અધિકારત્વ સમાજ માટે મહિલા દિવસ એ મજાક થી વધારે કશુંય નથી. મહિલા દિવસ ના નામે થતા ઠેર ઠેર કાર્યક્રમો ના સ્ટેજ પર પુરુષ વક્તા દ્વારા સૌથી વધારે મહિલાઓની જ ઠઠ્ઠા મશ્કરી થતી જોવા મળશે.ખૂબ ઓછા લોકોને ખબર હશે કે ૮ માર્ચ ના દિવસે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ કેમ ઉજવાય છે? ૮માર્ચ ૧૮૫૭ માં ન્યૂયોર્ક ના કાપડ ઉદ્યોગ માં કામ કરતી મહિલાઓ એ પોતાની ખાસ માંગણીઓ માટે આવજ ઉઠાવ્યો ત્યારે કપડા ઉદ્યોગ ના માલિકો એ મહિલાઓ નો અવાજ દબાવી દીધો હતો.૮માર્ચ ૧૯૦૮ એ મહિલાઓએ પુનઃ પોતાની ખાસ માગણીઓ માટે ન્યૂયોર્ક ના રસ્તા ગજાવ્યા હતા.૮ માર્ચ ૧૯૦૮ ના દિવસે જ માલિકો એ થાકી હારી ને મહિલાઓની માગણી સ્વીકારવી પડી હતી.મહિલા દિવસનું આયોજન ૧૯૧૧ માં જર્મની ના માર્કસવાદી નેતા ક્લેરા ઝાટકીન એ સૌ પ્રથમ વાર જાહેર માં કર્યું હતું.૧૯૧૦ ની ૨૮ ફેબ્રુઆરી એ ક્લેરા ઝાટકીન એ પરિષદ માં વિશ્વ મહિલા દિવસ ઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો એ ૧૯૧૧ માં સર્વ માન્ય બન્યા ના બે વર્ષ બાદ ૨૮ ફેબ્રુઆરી ના દિવસે મહિલા દિવસ ઉજવાયો હતો. આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ ને ૮માર્ચ ૧૯૧૩માં કાયદા ની મહોર લાગી હતી.

કદાચ દર વર્ષે ૮માર્ચ ૧૯૧૩ બાદ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તો વિશ્વભર માં ઉજવાય છે પરંતુ ભારત માં છેલ્લા પાંચ સાત વર્ષથી સોશિયલ મીડિયા ને લીધે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ ને ખાસ કરીને ઘર પરિવાર માં સ્થાન મળ્યું છે.આજે પણ ગામડા માં "મહિલા દિવસ" વિશે પૂછશો તો ખુદ મહિલાઓને જ જાણકારી નહી હોય.પુરુષ પ્રધાન ભારત દેશ માં સમાજ એ સ્ત્રીઓને અમુક થી વધારે સ્વતંત્રતા આપી નથી એટલે અધિકાર જાણવા છતાંય અમુક રાજ્યો માં સ્ત્રીઓ ચૂપ રહેવાનું પસંદ કરતી હોય છે. આ કારણોસર ભારતીય સ્ત્રીઓ અને વિશ્વ ની સ્ત્રીઓના જીવન વચ્ચે જમીન આસમાન નો ફર્ક છે.લગ્ન સંબંધ ને સાત જન્મ ના સબંધો માન્યા છે એટલે "ડિવોર્સ" શબ્દ પુરુષો ને ઓછો ને સ્ત્રીઓ માટે વધારે પરેશાની નું કારણ બની જતું હોય છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ અનુસાર ટકાઉ લગ્ન સબંધ ની વ્યાખ્યા giv & take પર આધારિત છે.ત્યાં વરસો થી ડિવોર્સ બાદ કોર્ટ નો નિર્ણય સ્ત્રીઓ તરફી છે એટલે તો સશકિતકરણ ના મામલે ભારતીય સ્ત્રીઓ કરતા પશ્ચિમ ના દેશો ની સ્ત્રીઓ આગળ છે. લશ્કર થી લઈને બધા જ મોરચે સ્ત્રીઓનો બહોળો ફાળો છે.ભારતના સામાજિક જુનવાણી દકયાનુસી વિચારો વીસ માં પણ બદલાયા નથી.વર્તમાન સમયમાં પણ લગ્ન સબંધો નો બધો ભાર સ્ત્રીઓના ખંભે એમનો એમ જ છે એટલે તો લગ્ન સબંધ નિભાવવા માટે મોટાભાગે સ્ત્રીઓ એ જ સમાધાન કારી વલણ અપનાવવું પડતું હોય છે.

યત્ર નાર્યેસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ"

સ્ત્રીઓનું પરિવાર પ્રત્યે સમર્પણ શું?આ વિશે અનુભવવું હોય તો એક મહિનો મમ્મી કે પત્ની વગર જીવી જુવો. પરિવાર માં સ્ત્રીની ગેર હાજરીમાં ઘર ની નિર્જીવ દીવાલ પણ ઉદાસ ભાસે છે.આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે આપણે બધાએ જીવનના ખાસ પાત્ર "મમ્મી"ની નિસ્વાર્થ સેવા અને પ્રેમ માટે વિચારવા ની જરૂર છે કે:
૧ તમે તમારા દિલ પર હાથ રાખીને પૂછો કે રાત દિવસ પરિવાર ની સેવા અને સુખ ચિંતા મમ્મી ની ખુશી શેમાં છે?
૨ બાળપણ માં મમ્મી એ ખુલ્લી આંખે જોયેલ સ્વપ્ના ક્યાં હતા?
૩ મમ્મીની પસંદ નાપસંદ શું છે?
૪ ખુશી ખુશી એકધારું પારિવારિક જવાબદારીઓ નિભાવ્યા બાદ નિવૃતિ માં એ શું ઈચ્છે છે?
૫ માતૃત્વ એ એક એવી પીડા છે કે જેમાં સ્ત્રીઓના શારીરિક સૌંદર્ય બગડવાથી લઈને અનેક સમસ્યાઓ થતી હોય છે. તમે ક્યારેય વહાલ થી તમારી મમ્મીને પૂછ્યું છે કે તે નવ મહિના અને મારા જન્મ બાદ મારા પાલન પોષણ માં તારા શોખ અને ઈચ્છાને માર્યા હતા છતાંય કેમ તારા મુખ પર નાની અમથી પણ દર્દ ની રેખા નહતી?
૬ થાકીને કંટાળી જાવ ત્યારે ખોટે ખોટો ગુસ્સો તારા પર કાઢું છું છતાંય તું ગુસ્સે કેમ મારા પર નથી થતી?

ઘરમા કામવાળા,રસોયા અને નોકર ચાકર ને રાખો છતાંય મમ્મી ની સવાર થી રાત સુધીની ડ્યુટી માં ખાસ ફર્ક પડતો નથી. વર્તમાન સમયમાં મહિલાઓ ની ડ્યુટી નોકરીઓ સાથે પરિવાર અને બાળકો ની સાંભળવાની પણ વધી છે.સમાજ ના વિચારકો નું માનવું છે કે યુવતીઓ પોતાના કેરિયર પર વધારે ફોકસ કરતી હોવાના લીધે ડિવોર્સ ની સમસ્યા એ વર્તમાન સમય નો મુખ્ય મુદ્દો બની ગયો છે. પુરુષ પ્રભુત્વ ધરાવતા સમાજ એ પશ્ચિમી રંગીન ચશ્મા તો પહેરી ને ખુદને મોર્ડન તો સાબિત કરી લીધા છે પણ "સમાન અધિકાર" વાળી પશ્ચિમી દેશો ની વાત ને નજર અંદાજ કરી દીધી છે. થોડા દિવસ પહેલા આઈ ટી એન્જિનિયર મહિને દોઢ લાખ પગાર કમાતી બત્રીસ વર્ષની દીકરીની વાતો સાંભળી ને થયું કે ભલે મારા અને એના વચ્ચે એજ ગેપ છે પણ સરખી સમસ્યા થી બન્ને પરેશાન છીએ.સવારે વહેલા ઊઠીને બાળકો અને પતિના નાસ્તા ટિફિન. ઓફિસ જતી વખતે કાર માં બન્ને બાળકો ને પોતાની સાથે લઈ જઈને સ્કૂલ પણ મૂકવા જવા.. સ્કૂલ થી બાળકો સ્કૂલ બસ માં પરત આવે ત્યારે એને સાચવવા માટે આયા અને ઘરકામ માટે માણસો રાખવાટૂંક માં નોકરી ની આઠ કલાક ની ડ્યુટી નિભાવવા સાથે ઘરની ડ્યુટી પણ ફરજિયાત.. દીકરી એ એના જીવનની દિનચર્યા વર્ણવ્યા બાદ મેં એને ધીમેથી પૂછ્યું કે તારા પતિદેવ તને રૂટિન કામ માં સાથ નથી આપતા.. એ ખડખડાટ હસતા હસતા બોલી કે એ એને શું આવડે? ભોજન કર્યા બાદ થાળી પણ ઉપાડતા આવડતી નથી. અરે!!બાથરૂમ માંથી બહાર નીકળી ને ભીનો ટુવાલ પણ બેડ પર મૂકીને ભાગી જાય છે.. એ શું સાથ નિભાવશે? એના માટે પ્રયત્ન કરવામાં પણ એને આળસ આવે છે.સાચું કહું હું મારા નીરસ અને બોરિંગ એકધારા લગ્નજીવન થી થાકી ગઈ છું..

સંસ્કૃતા સ્ત્રી શિવા શક્તિ જ્યારે પણ ગુજરાત ના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા ના વ્યક્તિત્વ ને જોતા એના ચહેરા પર સંસ્કાર ની ગરિમા અને શિક્ષણ ના તેજ નું દર્શન થાય છે.મારી કોલેજ ની બિલ્ડિંગ પર લખેલ લાલ મોટા અક્ષરે "સંસ્કૃતા સ્ત્રી શિવા શક્તિ" વાક્ય મને એના માટે પરફેક્ટ લાગે છે. દેવી ભાગવત નું વાક્ય "શક્તિ વગર પ્રાણ ટકાવી રાખવા મુશ્કેલ છે ને સ્ત્રી વગર પુરુષનું અસ્તિત્વ અશક્ય છે" સમગ્ર સૃષ્ટી નું ચક્ર "શક્તિ" ના પ્રભાવ થી જ ચાલે છે એટલે તો દેવતાઓ અને ભગવાન ને પણ અસુરો ને હરાવવા માટે "શક્તિ ની ઉપાસના" કરવી પડતી હોય છે.હાલ માં ભારત માં મહિલાઓનું યોગદાન એના ભણતર અને કુનેહ ને લીધે બિઝનેસ ક્ષેત્રે વધ્યું છે.હાલ માંજ આઠ શક્તિશાળી મહિલાઓ એ સ્ટાર્ટ અપ માં સફળતા પ્રાપ્ત કરીને લાખો લોકો માટે રોજગારી નું નિર્માણ કર્યું છે.સફળ મહિલાઓનાં કાર્ય ને બિરદાવવા માટે દર વર્ષે ૮મી માર્ચ એ ખાસ એવોર્ડ સમારંભ નું આયોજન ખાનગી ક્ષેત્રે અને સરકારી ક્ષેત્રે થતું હોય છે.



# 'પાકિસ્તાન કા મુસ્તકબિલ અબ હિન્દુસ્તાન તય કરેગા'

## 'ધુરંધરઃ ધ રિવેન્જ'માં રણવીર સિંહનું રૌદ્ર સ્વરૂપ, બદલાની એક્શનથી ભરપૂર લોહિયાળ કહાની; ટ્રેલર રિલીઝ



(એજન્સી) મુંબઈ તા.07

'રહેમાન ડકૈતની મોત બાદ લૈયારીનો બાદશાહ કોણ બનશે?' આ પ્રશ્નની રાહ જોઈ રહેલા દર્શકોની આતુરતાનો અંત આવી ગયો છે. આદિત્ય ધરે 2026ની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મ 'ધુરંધરઃ ધ રિવેન્જ'નું ટ્રેલર રિલીઝ કરી દીધું છે. ભારતના જસકિરત સિંહ રાંગી કેવી રીતે પાકિસ્તાના લૈયારીના બાદશાહ રહેમાન ડકૈતની કબર ખોદનાર હમઝા અલી મઝારી બને છે, તેની લોહિયાળ વાર્તાની ઝલક ટ્રેલરમાં જોવા મળી રહી છે. રણવીર સિંહના રૌદ્ર સ્વરૂપ ઉપરાંત સંજય દત્તનો એ જ એસપી ચૌધરી અસલમનો 'ખલનાયક' અંદાજ જોવા મળશે.

ટ્રેલરની શરૂઆત ફ્લેશબેકથી થાય છે, જ્યારે પાકિસ્તાની આતંકવાદી ભારતને ધમકી આપે છે. ત્યારબાદ શરૂ થાય છે, પાકિસ્તાનનું ભવિષ્ય નક્કી કરનાર જસકિરત સિંહ રાંગીના હમઝા અલી મઝારી બનવાની દિલધડક સફર. ટ્રેલરમાં જસકિરતના મનમાં ચાલતી ઉથલપાથલ, તેનો આક્રોશ અને રગેરગમાં ઉકળતો દેશભક્તિનો જુવાળ અને આતંકીઓ સાથે બદલો લેવાની જ્વાળાને ખૂબ સુંદર રીતે દર્શાવવામાં આવ્યું છે.

'ધુરંધર'નો અંત રહેમાન ડકૈતની હત્યાથી થાય છે. જ્યારે 'ધુરંધરઃ ધ રિવેન્જ'ની શરૂઆતમાં દર્શાવવામાં આવ્યું છે કે, રહેમાન ડકૈતના મોત પછી લૈયારીમાં અરાજકતા ફેલાઈ ગઈ છે. સત્તા માટે ખેંચતાણની હિંસક ગેંગવોર શરૂ થાય તેની વચ્ચે લૈયારીનો બાદશાહ બનવા હમઝા પોતાના લોહિયાળ સામ્રાજ્યનો પાયો નાખે છે. તેના રૌદ્ર સ્વરૂપ અને ખતરનાક ઈરાદાઓ સામે પાકિસ્તાનનું આખું અંડરવર્લ્ડ થથરી રહ્યું છે.

રણવીર સિંહના રૌદ્ર સ્વરૂપ ઉપરાંત ટ્રેલરમાં એસપી ચૌધરી અસલમ તરીકે સંજય દત્તનો પણ દબદબો જોવા મળી રહ્યો છે. ટ્રેલરમાં તે એક વ્યક્તિને કહે છે કે, 'જહા દર્દ હૈ વહા મર્દ હૈ' અને તેને ગોળીઓથી વીંધી નાખે છે.

રણવીર સિંહ અને સંજય દત્તના જોરદાર એક્શન વચ્ચે આર. માધવન અને અર્જુન રામપાલે પણ પોતાની નોંધનીય છાપ છોડી છે. અર્જુન રામપાલનું પાત્ર પહેલા ભાગ કરતા પણ વધુ ખતરનાક લાગી રહ્યુ છે, જ્યારે બીજા ભાગમાં આર. માધવનના પાત્રમાં વધુ ગંભીરતા જોવા મળશે. તે જસકિરત રાંગી (રણવીર)ને 'હોસલા, ઈંધન, બદલા' કહીને

**સારા અર્જુનનો અલગ અંદાજ |** પહેલા ભાગની જેમ જ 'ધુરંધરઃ ધ રિવેન્જ'માં લોહિયાળ દ્રશ્યો, એક્શન પેક્ડ સીન્સ, સત્તા માટે રમાતું રાજકારણ જોવા મળશે. ઉપરાંત ટ્રેલરમાં એક સરપ્રાઈઝ એલિમેન્ટ પર દેખાડવામાં આવ્યું છે, જેમાં ફિલ્મની હીરોઈન સારા અર્જુન બંદૂક તાણીને ઊભેલી જોવા મળે છે. જિયો સ્ટુડિયોઝની પ્રસ્તુતિ અને બી62 સ્ટુડિયોઝના બેનર હેઠળ બની છે. ફિલ્મને આદિત્ય ધરે લખી, ડિરેક્ટ અને પ્રોડ્યુસ કરી છે. આ સાથે જ જ્યોતિ દેશપાંડે અને લોકેશ ધર પણ ફિલ્મના મેકર્સ છે. 'ધુરંધર: ધ રિવેન્જ'ને પાંચ ભાષાઓ- હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડમાં રિલીઝ કરવામાં આવશે. આ બહુપ્રતીક્ષિત ફિલ્મ 19 માર્ચ 2026ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મની રિલીઝનો સમય પણ ખાસ છે, કારણ કે તે ગુડી પડવા અને ઉગાડીના અવસરે અને ઈદ પહેલા જ દર્શકો સમક્ષ આવશે.

# IND vs ENG સેમિ ફાઈનલ મેચ બાદ ભીડ પર ભડક્યો વરુણ ધવન! ગુસ્સામાં ઝૂંટવ્યો ફોન

મુંબઈ | મુંબઈના વાનખડે ક્રિકેટ સ્ટેડિયમમાં 5 માર્ચ, 2026ના રોજ ઈન્ડિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે T20 વર્લ્ડ કપની સેમિફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં ઈન્ડિયાની ઐતિહાસિક જીત મેળવી છે. સ્ટેડિયમમાં અનેક બોલિવૂડના સ્ટાર્સ પહોંચ્યા હતા. જેમાં વરુણ ધવન, અનિલ કપૂર, રણવીર કપૂર, આલિયા ભટ્ટ સહિત ઘણાં સેલિબ્રિટિ ટીમ ઈન્ડિયાને ચિયર-અપ કરવા પહોંચ્યા હતા. સેમિફાઈનલ મેચ બાદ ભીડ પર વરુણ ધવન ભડક્યો હોવાનો વીડિયો વાઈરલ થયો છે. વીડિયોમાં જોવા મળે છે કે, વરુણે ગુસ્સામાં ફેન્સનો ફોન ઝૂંટવવાનો પ્રયાસ કર્યો હતો.

મેચ પછી બધા સ્ટાર્સ ખૂબ ખુશ દેખાતા હતા. જો કે, વરુણ ધવન સાથે જોડાયેલી એક ઘટના સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહી છે. જેમાં સ્ટેડિયમથી વરુણ પોતાની કાર તરફ ચાલવા લાગ્યો ત્યારે, તે ફેન્સથી ઘેરાઈ ગયો હતો. ફેન્સ વરુણ સાથે ફોટો લેવા માંગતા હતા. આ દરમિયાન એક ફેન્સે વરુણ સાથે ફોટો પાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ વરુણ અચાનક ગુસ્સે થઈ ગયો અને તેના હાથમાંથી ફોન ઝૂંટવી લેવાનો પ્રયાસ કર્યો હતો.

આ દરમિયાન વરુણનો ચહેરો ઘણો ગંભીર દેખાતો હતો. જો કે, આ ઘટના પહેલા વરુણે સ્ટેડિયમની બહાર કેટલાક ફેન્સનો દિવસ બનાવી દીધો હતો. તેમણે તેમની સાથે સેલ્ફી લીધી હતી અને તેમને ભેટો આપી હતી. જો કે, આ વીડિયોને લઈને સોશિયલ મીડિયા યુઝર્સ વરુણના વર્તનની સખત નિંદા કરી રહ્યા છે. કેટલાક લોકો કહે છે કે, અભિનેતાએ જાહેર સ્થળે આવું ન કરવું જોઈતું હતું. અન્ય લોકો કહી રહ્યા છે કે, વરુણ ઘમંડી બની ગયો છે.

વરુણ ધવનની છેલ્લી ફિલ્મ 'બોર્ડર 2' બોક્સ ઓફિસ પર સક્સેસફૂલ રહી હતી. આ ફિલ્મે વર્લ્ડવાઈડ 450 કરોડ રૂપિયાની કમાણી કરી છે. વરુણ હવે તેના પિતા ડેવિડ ધવનના ડાયરેક્શનમાં બની રહેલી કોમેડી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'માં દેખાશે. આ ફિલ્મ 4 જૂનથી સિનેમાઘરમાં જોવા મળશે. આ ફિલ્મ સાથે વરુણની સાથે મૃણાલ ઠાકુર, પૂજા હેગડે અને મોની રોય જેવા સ્ટાર્સનો સામવેશ થયો છે.



# પ્રીતિ ઝિન્ટાએ 18 કરોડમાં મુંબઈનો ફ્લેટ વેચ્યો

## 1700 ચોરસ ફૂટના ફ્લેટનો સોદો કર્યો : બિલ્ડિંગ રિડેવલપમેન્ટમાં જતાં તેના ભાગરૂપે ફ્લેટ મળ્યો હતો

મુંબઇ : પ્રીતિ ઝિન્ટાએ મુંબઇના પાલી હિલ વિસ્તારનો પોતાનો ૧૭૦૦ થી વધુ સ્કે.ફૂટનો ફ્લેટ ૧૮.૫ કરોડમાં વેચ્યો છે.

આ ફ્લેટ બિલ્ડિંગના ૧૧મા માળ પર આવેલો હતો. તેણે આ ફ્લેટ ખરીદ્યો ન હતો. પરંતુ, આ ફ્લેટ તેને ૨૦૨૩માં બિલ્ડિંગના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના ભાગરુપે મળ્યો હતો. પ્રીતિ ભારત ઉપરાંત અમેરિકામાં પણ પ્રોપર્ટી ધરાવે છે. આ ફ્લેટ સાથે ત્રણ પાર્કિંગનો પણ સમાવેશ છે.

આ ફ્લેટનું રજિસ્ટ્રેશન બીજી માર્ચના રોજ થયું હતું. જેના માટે ૧.૧૧ કરોડ રૂપિયા સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવામાં આવી હતી.

# સલીમ ખાનની તબિયતમાં સુધારો : જાવેદ અખ્તરે કહ્યું, 'હવે તે ખુરશી પર બેસીને વાતચીત કરવા લાગ્યા છે'...

મુંબઈ : દિગ્ગજ પટકથા લેખક અને સલમાન ખાનના પિતા સલીમ ખાનની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે અને હવે તેઓ ખુરશી પર બેસીને વાતચીત કરવા લાગ્યા છે. આ માહિતી દિગ્ગજ લેખક જાવેદ અખ્તરે તાજેતરમાં દિલ્હીમાં એક પુસ્તક વિમોચન કાર્યક્રમ દરમિયાન આપી હતી. સલીમ ખાન 17 ફેબ્રુઆરીથી મુંબઈની લીલાવતી હૉસ્પિટલમાં દાખલ છે.

સલીમ ખાન હૉસ્પિટલમાં દાખલ થયા પછી શાહરૂખ ખાન, આમિર ખાન સહિત અનેક સેલેબ્સ તેમને મળવા પહોંચ્યા હતા. જાવેદ અખ્તર પણ ઘણી વખત હૉસ્પિટલ જઈને તેમને મળી ચૂક્યા છે. આ પહેલા સલીમ ખાનની તબિયત અંગે આમિર ખાને કહ્યું હતું કે, તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે અને તેઓ જલ્દી ઘરે પરત ફરી શકે છે. અગાઉ મુંબઈ પ્રેસ ક્લબના કાર્યક્રમમાં હાજરી આપતી વખતે આમિર ખાને કહ્યું હતું કે, 'હું સલીમ સાહેબને મળવા ગયો હતો. અમે બધા દુઆ કરી રહ્યા છીએ કે, તેઓ જલ્દીથી જલ્દી સાજા થઈ જાય. કારણ કે તેઓ ICUમાં હતા, હું તેમને વ્યક્તિગત રીતે મળી શક્યો નહોતો. હું તેમના પરિવાર સાથે બેઠો હતો. મને અલવીરાજી (સલમાન ખાનની બહેન) દરરોજ જણાવી રહ્યા છે કે, તેમની તબિયત સુધરી રહી છે. અમે બધા પ્રાર્થના કરી રહ્યા છીએ, દુઆ કરી રહ્યા છીએ કે તેઓ ફરી એકવાર ઘરે આવી જાય.'

નોંધનીય છે કે, 18 ફેબ્રુઆરીના રોજ મુંબઈની લીલાવતી હૉસ્પિટલના ડૉક્ટરે સલીમ ખાનની હેલ્થ અપડેટ આપી હતી.



# રણબીરે રામાયણ ટુ ફિલ્મ માટે શૂટિંગ શરૂ કરી દીધું : પહેલો ભાગ હાલ પોસ્ટ પ્રોડક્શનમાં છે...



મુંબઇ : રણબીર કપૂરે 'રામાયણ ટુ' માટે શૂટિંગ શરુ કરી દીધું છે. ફિલ્મનો પહેલો ભાગ ઓલરેડી પોસ્ટ પ્રોડકશનમાં છે પરંતુ તે પહેલાં જ બીજા ભાગનું શૂટિંગ શરુ થઈ ગયું છે. વાસ્તવમાં રણબીર આ મહિને 'લવ એન્ડ વોર'નું શૂટિંગ કરવાનો હતો.

પરંતુ, સંજય લીલા ભણશાળીએ નાદુરસ્ત તબિયતના કારણે શૂટિંગ કેન્સલ કર્યું હતું. હવે 'લવ એન્ડ વોર'નું શૂટિંગ મે માસમાં ફરી શરુ થવાનું છે. આથી, રણબીરે હાલ 'રામાયણ ટુ' માટે તારીખો આપી દીધી છે. આ જ મહિનાના અંતે સની દેઓલ પણ 'રામાયણ ટુ'ના સેટ પર હાજર થઈ પોતાના ભાગનું શૂટિંગ પૂર્ણ કરશે.

## જન્મદિવસે ભગવાન વેંકટેશ્વરના આશીર્વાદ લીધા, બર્થ ડે સેલિબ્રેશનના ફોટો શેર કર્યા

# જાહ્નવી ઉઘાડા પગે 3,550 સીડીઓ ચઢી મંદિર પહોંચી

(એજન્સી) મુંબઈ તા.07

બોલિવૂડ એક્ટ્રેસ જાહ્નવી કપૂરનો દર વર્ષની જેમ આ વર્ષનો જન્મદિવસ પણ ખૂબ જ ખાસ અને આધ્યાત્મિક રહ્યો. પોતાના જન્મદિવસના અવસરે તેણે આંધ્ર પ્રદેશના પ્રસિદ્ધ તિરુમાલા મંદિરમાં દર્શન કર્યાં. ખાસ વાત એ રહી કે, તેણે મંદિર સુધી પહોંચવા માટે લગભગ 3,550 સીડીઓ ઉઘાડા પગે ચઢી.

એક્ટ્રેસે પોતાની આસ્થા અને શ્રદ્ધા વ્યક્ત કરવા માટે આ કઠિન યાત્રા પગપાળા પૂરી કરી. તિરુમાલાની ટેકરીઓ પર સ્થિત ભગવાન વેંકટેશ્વરના આ પ્રસિદ્ધ મંદિર સુધી પહોંચવા માટે શ્રદ્ધાળુઓ અવારનવાર પગપાળા માર્ગ પસંદ કરે છે, જેમાં હજારો સીડીઓ ચઢવી પડે છે. જાહ્નવી કપૂરે પણ આ જ પરંપરાગત રસ્તો પસંદ કર્યો અને આખો રસ્તો ઉઘાડા પગે ચઢીને પોતાની ભક્તિનો પરિચય આપ્યો.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જાહ્નવી કપૂરે આ યાત્રા વહેલી સવારે શરૂ કરી હતી. રસ્તામાં ઘણા શ્રદ્ધાળુઓએ તેની સાદગીના ખૂબ વખાણ કર્યા. કોઈ ખાસ દેખાડા વગર, સાદા કપડામાં જાહ્નવી ભગવાનના દર્શન કરવા પહોંચી હતી. મંદિરે પહોંચીને તેમણે વિધિવત પૂજા-અર્ચના કરી અને ભગવાન વેંકટેશ્વરના આશીર્વાદ લીધા.

તેની જન્મદિવસને આ રીતે આધ્યાત્મિક શૈલીમાં ઉજવવાની આ પહેલ સોશિયલ મીડિયા પર પણ ઘણી ચર્ચામાં છે. ચાહકો તેની આ ભક્તિ અને સાદગીની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે. ઘણા લોકોનું કહેવું છે કે ગ્લેમરની દુનિયામાં રહેવા છતાં પણ જાહ્નવી પોતાની સંસ્કૃતિ અને ધાર્મિક આસ્થા સાથે જોડાયેલી છે.

નોંધનીય છે કે જાહ્નવી કપૂર દિવંગત એક્ટ્રેસ શ્રીદેવી અને ફિલ્મ નિર્માતા બોની કપૂરની દીકરી છે. તેનો જન્મ 6 માર્ચ 1997ના રોજ મુંબઈમાં થયો હતો. તેણે બોલિવૂડમાં પોતાની અલગ ઓળખ બનાવી છે અને આજે તે ઈન્ડસ્ટ્રીની ચર્ચિત યુવા એક્ટ્રેસિસમાંની એક ગણાય છે.

# યામી ગૌતમને ક્રિતી સેનનની અદેખાઈ આવે છે?

## એક્ટ્રેસને રોસ્ટ કરતા વીડિયોમાં લાઇક કરી, ટ્રોલ થતાં 'ઉરી'ની એક્ટ્રેસે ખુલાસો આપવો પડ્યો

(એજન્સી) મુંબઈ તા.07

બોલિવૂડ એક્ટ્રેસ યામી ગૌતમને ક્રિતી સેનનની અદેખાઈ આવે છે તેવી ચર્ચાઓએ સોશિયલ મીડિયા પર જોર પકડ્યું છે. આ ચર્ચાઓ ત્યારે શરૂ થઈ, જ્યારે યામીએ સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર એક એવી રીલ લાઈક કરી હતી, જેમાં ક્રિતી સેનનને મળેલા બેસ્ટ એક્ટ્રેસના એવોર્ડ પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા હતા.

આ રીલ પર યામીની લાઈક જોઈને ક્રિતીના ચાહકો સહિતના સોશિયલ મીડિયા યુઝર્સ યામીનો વિરોધ કરી રહ્યા છે. તેને સતત ટ્રોલ કરવામાં આવી રહી છે. મામલો વકરતા હવે યામીએ આ મામલે સ્પષ્ટતા કરી છે. એક્ટ્રેસે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, તેણે જાણી જોઈને લાઈક કરી નથી. તેનો ઈરાદો કોઈને નીચું બતાવવાનો નહોતો.

વિવાદ વધતો જોઈને યામી ગૌતમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) એકાઉન્ટ પર એક લાંબી પોસ્ટ લખીને સ્પષ્ટતા કરી. યામીએ લખ્યું, 'મારા ધ્યાનમાં આવ્યું છે કે, મેં એક એવી રીલને લાઈક કરી છે, જે બીજી એક્ટ્રેસ પ્રત્યે અપમાનજનક છે. અમને રોજ ઘણી વસ્તુઓમાં ટેગ કરવામાં આવે છે, આ રીલ પણ તે જ રીતે સામે આવી હતી. તે લાઈક જાણી જોઈને કરવામાં આવી ન હતી, કદાચ ભૂલથી ક્લિક થઈ ગઈ હશે.'

'ક્લિકબેટ દુનિયામાં ગપસપ બનાવવી સરળ છે' યામીએ તે લોકોને પણ જવાબ આપ્યો, જેઓ તેને પબ્લિસિટી સ્ટંટ કહી રહ્યા હતા. તેણે લખ્યું, મેં મારી લાઈફમાં ક્યારેય પણ ચીપ પીઆરની યુક્તિઓ અપનાવી નથી. મેં હંમેશા મારા કામ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આજની ક્લિકબેટ દુનિયામાં ગપસપ બનાવવી સરળ છે, પરંતુ મારી પ્રતિષ્ઠા તેનાથી ક્યાંય સારી છે. મારી કોઈ પીઆર ટીમ નથી. તાજેતરમાં ઝી સિને એવોર્ડ્સમાં ક્રિતી સેનનને ફિલ્મ 'તેરે ઈશ્ક મેં' માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો. જ્યારે, ફિલ્મ 'હક'માં શાઝિયા બાનોનું પાત્ર ભજવવા છતાં યામી ગૌતમને કોઈ એવોર્ડ મળ્યો નહોતો. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક રીલ વાયરલ થઈ. આ રીલમાં એક તરફ ક્રિતી એવોર્ડની ઉજવણી કરી રહી હતી અને બીજી તરફ યામીનો એક જૂનો ઈન્ટરવ્યુ ચાલી રહ્યો હતો. તે રીલ દ્વારા ક્રિતીના એવોર્ડ પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા, જેને યામીએ લાઈક કરી દીધો હતો. રીલમાં ચાલી રહેલા ઈન્ટરવ્યુ દરમિયાન યામીએ એવોર્ડ્સને લઈને પોતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કર્યો હતો. તેણે કહ્યું હતું કે, 'તમે દરેક સંભવ પ્રયાસ કરો છો.

### યામી ગૌતમ રાષ્ટ્રીય પુરસ્કારની 'હક'દાર!

2025માં રિલીઝ થયેલી ફિલ્મ 'હક'માં યામી ગૌતમે તેના પાત્ર, શાઝિયા બાનોના પાત્રમાં પોતાનો આત્મા રેડી દીધો હતો. તેની નેચરલ એક્ટિંગે દર્શકોને જકડી રાખ્યા હતાં. ફિલ્મ રિલીઝ થઈ ત્યારથી તેના ઠેર ઠેર વખાણ થઈ રહ્યા હતાં. તેવામાં ફિલ્મ રિલીઝ બાદ કેટલાક દર્શકોએ તેને નેશનલ એવોર્ડ આપવાની પણ માંગ કરી હતી.

આલિયા ભટ્ટે તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'હક' જોયા પછી યામી ગૌતમની ખૂબ પ્રશંસા કરી હતી. આલિયાએ સોશિયલ મીડિયા પર એક્ટ્રેસના ખૂલીને વખાણ કર્યાં હતાં. એક્ટ્રેસે લખ્યું- 'ક્વીન યામી ગૌતમ, તમે 'હક'માં અદ્ભુત છો. તમારા અભિનયમાં સત્યતા, હૃદય અને ક્લાસ સ્પષ્ટપણે દેખાય છે. આ અત્યાર સુધીની મારી સૌથી પ્રિય મહિલા પરફોર્મન્સમાંથી એક છે. મેં ફોન પર પણ કહ્યું તેમ, હું તમારી ફેન છું અને તમારા આવનારા કામની આતુરતાથી રાહ જોઈ રહી છું.



એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## તજિન્દરપાલ સિંહ તૂર શૉટ પુટ સમાચાર પટિયાલામાં શક્તિ પ્રદર્શન



પટિયાલા | ભારતના દિગ્ગજ શૉટ પુટર અને બે વખતના એશિયન ગેમ્સ ચેમ્પિયન તજિન્દરપાલ સિંહ તૂર ફરી એકવાર મેદાન પર પોતાનું કૌશલ્ય બતાવવા સજ્જ થયા છે. પટિયાલાના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પોર્ટ્સ (NIS) કેમ્પસ ખાતે શનિવારથી શરૂ થઈ રહેલી પાંચમી 'ઈન્ડિયન ઓપન થ્રો સ્પર્ધા' માં તૂર આકર્ષણનું કેન્દ્ર રહેશે. ૩૧ વર્ષીય તૂર માટે આ સ્પર્ધા માત્ર મેડલ જીતવા માટે જ નહીં, પરંતુ આગામી વ્યસ્ત આંતરરાષ્ટ્રીય સિઝન પહેલા પોતાના ફોર્મનું મૂલ્યાંકન કરવા માટે અત્યંત મહત્વની છે. તજિન્દરપાલ સિંહ તૂરે ગયા મહિને ચીનમાં યોજાયેલી એશિયન ઈન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ૨૦.૦૫ મીટરના થ્રો સાથે સિલ્વર મેડલ જીતીને શાનદાર શરૂઆત કરી હતી. તૂરે જણાવ્યું હતું કે, "મારું મુખ્ય ધ્યાન માર્ચ મહિનામાં મારા પ્રદર્શનનું મૂલ્યાંકન કરવાનું છે." ૨૧.૧૭ મીટરના રાષ્ટ્રીય રેકોર્ડ ધારક એવા તૂરનું લાંબા ગાળાનું લક્ષ્ય ૨૦૨૬માં જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં પોતાનો ખિતાબ જાળવી રાખવાનો અને કોમનવેલ્થ ગેમ્સમાં શ્રેષ્ઠ દેખાવ કરવાનો છે.પટિયાલામાં યોજાનારી આ બે દિવસીય સ્પર્ધામાં પુરુષોના શૉટ પુટ વિભાગમાં ૩૦ જેટલા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. મધ્યપ્રદેશના ઉભરતા ખેલાડી સમરદીપ સિંહ ગિલ પણ તૂરને ટક્કર આપવા તૈયાર છે. આ ઉપરાંત, જેવલિન થ્રો (ભાલા ફેંક) માં પણ ૨૯ ખેલાડીઓ વચ્ચે જોરદાર જંગ જામશે, જેમાં આર્મીના શિવમ લોહાકરે પર સૌની નજર રહેશે. સિનિયર કેટેગરીની સાથે સાથે અંડર-૨૦ અને અંડર-૧૮ વિભાગમાં પણ પ્રતિભાઓ પોતાની તાકાત બતાવશે.

## ડી ગુકેશ પ્રાગ માસ્ટર્સ વિજય સાથે ટુર્નામેન્ટનો અંત



પ્રાગ | ચેક રિપબ્લિકની રાજધાની પ્રાગમાં યોજાયેલી પ્રતિષ્ઠિત 'પ્રાગ ઈન્ટરનેશનલ ચેસ ફેસ્ટિવલ'ના માસ્ટર્સ વિભાગમાં ભારતીય વર્લ્ડ ચેમ્પિયન ડી ગુકેશે અંતિમ રાઉન્ડમાં શાનદાર જીત મેળવીને ટુર્નામેન્ટનો ગૌરવપૂર્ણ અંત કર્યો છે. સતત ડ્રો અને હારના સિલસિલા બાદ ગુકેશે નવમા રાઉન્ડમાં સ્પેનના ડેવિડ એન્ટોન ગુઇઝારોને પરાજય આપીને પોતાની લય પાછી મેળવી છે. જોકે, સમગ્ર ટુર્નામેન્ટમાં ઉઝબેકિસ્તાનના નોદિરબેક અબ્દુસત્તોરોવ અપરાજિત રહીને ચેમ્પિયન બન્યા છે. મીડિયા અહેવાલ મુજબ, અન્ય એક ભારતીય ખેલાડી અરવિંદ ચિત્તામ્બરમે પણ ટુર્નામેન્ટના છેલ્લા તબક્કામાં અસાધારણ રમત બતાવી હતી.

દક્ષિણ આફ્રિકાનો ઐતિહાસિક સ્કોર તાન્ઝાનિયા પસ્ત

## ફ્રેડ કર્લી ડોપિંગ પ્રતિબંધ સમાચારથી રમતજગતમાં ખળભળાટ

વોશિંગ્ટન | વિશ્વના સૌથી ઝડપી દોડવીરોમાં સામેલ અને અમેરિકન સ્પ્રિન્ટર ફ્રેડ કર્લી પર એથ્લેટિક્સ ઈન્ટિગ્રિટી યુનિટ (AIU) દ્વારા બે વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવતા ખેલ જગત સ્તબ્ધ થઈ ગયું છે. શુક્રવારે જાહેર કરાયેલા આદેશ મુજબ, કર્લીએ ૧૨ મહિનાના સમયગાળામાં ત્રણ વખત આઉટ-ઓફ-કોમ્પિટિશન ડ્રગ ટેસ્ટ ગુમાવ્યા હતા, જેને વિશ્વ એન્ટી-ડોપિંગ કોડ હેઠળ ગંભીર શિસ્તભંગ માનવામાં આવ્યો છે. આ પ્રતિબંધને કારણે ૩૦ વર્ષીય કર્લી આગામી બે વર્ષ સુધી સત્તાવાર સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે નહીં. એઆઈયુ એ સ્પષ્ટ કર્યું છે કે કર્લીના કેસમાં 'વ્હેરઅબાઉટ ફેઈલ્યોર'ના નિયમો લાગુ પડે છે. નોંધાયેલા ટેસ્ટિંગ પૂલમાં રહેલા ખેલાડીઓએ દરરોજ તેમના લોકેશનની વિગતો આપવી પડે છે જેથી ગમે ત્યારે નોટિસ આપ્યા વગર તેમનું પરીક્ષણ કરી શકાય.




પ્રો સ્વિમ સિરીઝમાં સમરનો દબદબો, 200 મીટર બટરફ્લાયમાં ઐતિહાસિક વિજય

# ઓલિમ્પિક ચેમ્પિયન સમર મેકઈન્ટોશે ગોલ્ડ મેડલ જીત્યો



(એજન્સી) લોસ એન્જલસ/વેસ્ટમોન્ટ । તા. 07

સ્વિમિંગની દુનિયામાં કેનેડાની યુવા સનસનાટી અને ઓલિમ્પિક વિજેતા સમર મેકઈન્ટોશે ફરી એકવાર પોતાની સર્વોપરિતા સાબિત કરી છે. શિકાગોના ઉપનગરીય વિસ્તાર વેસ્ટમોન્ટ ખાતે યોજાયેલી '૨૦૨૬ પ્રો સ્વિમ સિરીઝ' માં સમર મેકઈન્ટોશે ૨૦૦ મીટર બટરફ્લાય સ્પર્ધામાં પ્રચંડ તાકાત બતાવીને સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો છે. ૧૯ વર્ષની આ સ્ટાર સ્વિમરે અમેરિકાની હરીફ લિન્ડસે લૂનીને જંગી અંતરથી હરાવીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ જીત સાથે સમરે આગામી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે વિરોધી ખેલાડીઓને કડક ચેતવણી આપી દીધી છે.

ગુરુવારે રમાયેલી આ ફાઈનલ મેચમાં સમર મેકઈન્ટોશે ૨:૪.૭૨ મિનિટનો પ્રભાવશાળી સમય નોંધાવ્યો હતો. તેણે અમેરિકાની લિન્ડસે લૂનીને ૪.૩૧ સેકન્ડના વિશાળ માર્જિનથી પરાજય આપ્યો હતો. સ્વિમિંગ જેવી સેકન્ડના સોમા ભાગની રમત ગણાતી સ્પર્ધામાં ચાર સેકન્ડથી વધુનું અંતર રાખવું એ સમરની અસાધારણ ક્ષમતા દર્શાવે છે. વર્તમાન ઓલિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયન સમર હાલમાં ટેક્સાસમાં માઈકલ ફેલ્પ્સના ભૂતપૂર્વ મેન્ટર બોબ બોમેન હેઠળ તાલીમ લઈ રહી છે, જેની અસર તેની રમત પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે.

સમર મેકઈન્ટોશ હવે ૨૦૦ મીટર બટરફ્લાયમાં વિશ્વ વિક્રમની ખૂબ જ નજીક છે. તે આ કેટેગરીમાં ઈતિહાસના બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા સૌથી ઝડપી સમય ધરાવવાનો અનોખો રેકોર્ડ ધરાવે છે. હાલમાં ચીનની લિયુ ઝિગે દ્વારા સ્થાપિત ૨:૦૧.૮૧ નો વિશ્વ વિક્રમ અતૂટ છે, જે તે સમયે ઉપયોગમાં લેવાતા 'સુપર સૂટ્સ' ના યુગમાં બન્યો હતો. નિષ્ણાતોના મતે, સમર જે રીતે પ્રદર્શન કરી રહી છે તે જોતા ટૂંક સમયમાં જ તે આ વિશ્વ વિક્રમ પણ પોતાના નામે કરી શકે છે. ૨૦૨૫ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ચાર ગોલ્ડ મેડલ જીત્યા બાદ તેનો આત્મવિશ્વાસ સાતમા આસમાને છે.

# દિવ્યા દેશમુખ મહિલા ચેસ લાઈવ રેન્કિંગમાં ટોપ 10માં

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ભારતીય મહિલા ચેસ જગતમાં એક નવો ઈતિહાસ રચાયો છે. ભારતની ૨૦ વર્ષીય ગ્રાન્ડમાસ્ટર દિવ્યા દેશમુખે પોતાની કારકિર્દીમાં પ્રથમ વખત વિશ્વની ટોપ-૧૦ મહિલા ચેસ ખેલાડીઓની યાદીમાં સ્થાન મેળવીને સમગ્ર દેશનું ગૌરવ વધાર્યું છે. પ્રાગ ચેસ ચેલેન્જર્સ ૨૦૨૬ માં શાનદાર પ્રદર્શન અને ત્રીજું સ્થાન મેળવ્યા બાદ દિવ્યાના લાઈવ રેટિંગમાં મોટો ઉછાળો આવ્યો છે. આ સાથે જ દિવ્યા હવે વિશ્વની ૧૦મી સર્વશ્રેષ્ઠ મહિલા ચેસ ખેલાડી બની ગઈ છે, જે તેની વધતી જતી પ્રતિભા અને મહેનતનું પરિણામ છે.

તાજેતરના લાઈવ રેન્કિંગ મુજબ, દિવ્યા દેશમુખનું રેટિંગ હવે તેની કારકિર્દીના સર્વોચ્ચ સ્તર ૨૫૦૯.૩ પર પહોંચી ગયું છે. આ સિદ્ધિ સાથે તેણે રેન્કિંગમાં બે સ્થાનનો કુદકો મારીને ૧૦મું સ્થાન હાંસલ કર્યું છે. પ્રાગમાં રમાયેલી સ્પર્ધામાં દિવ્યાએ અત્યંત સંયમ અને પરિપક્વતા દર્શાવી હતી. નવ રાઉન્ડની આ ટુર્નામેન્ટમાં તેણે બે વિજય અને છ ડ્રો સાથે કુલ પાંચ પોઈન્ટ મેળવ્યા હતા. છેલ્લા રાઉન્ડમાં તેણે ચેક રિપબ્લિકના હર્બેક સ્ટેપન સામે કાળા મહોરાં સાથે શાનદાર વિજય મેળવીને



ટુર્નામેન્ટનો યાદગાર અંત કર્યો હતો.

વિશ્વની ટોપ-૧૦ મહિલા ખેલાડીઓની યાદીમાં હવે ભારતની બે ખેલાડીઓ સામેલ છે. દિગ્ગજ ખેલાડી કોનેરુ હમ્પી ૨૫૩૫ પોઈન્ટ સાથે પાંચમા ક્રમે છે, જ્યારે દિવ્યા દેશમુખ હવે ૧૦મા ક્રમે આવી ગઈ છે. ચીનની હોઉ યીફાન ૨૫૯૬ પોઈન્ટ સાથે હજુ પણ વિશ્વમાં પ્રથમ ક્રમે બિરાજમાન છે. ટોપ-૧૦ માં ચીનનો દબદબો સ્પષ્ટ દેખાય છે, પરંતુ દિવ્યા જેવી યુવા ખેલાડીના પ્રવેશથી ભારતીય ચેસના ભવિષ્ય માટે આશાસ્પદ ચિત્ર ઉભું થયું છે. ૨૦૨૬ ના આંકડા મુજબ ભારત હવે વિશ્વની ચેસ મહાસત્તા તરીકે ઉભરી રહ્યું છે.

પ્રાગ ચેસ ચેલેન્જર્સ ૨૦૨૬ માં ચેક રિપબ્લિકના ફિનેક વાનક્લાવે ૬.૫ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે સ્પેનના ડેનિયલ યુફા બીજા ક્રમે રહ્યા હતા. દિવ્યા દેશમુખ પાંચ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહીને પોડિયમ ફિનિશ કરવામાં સફળ રહી હતી. આ ટુર્નામેન્ટ દિવ્યા માટે માત્ર રેન્કિંગ વધારવા માટે જ નહીં, પરંતુ આગામી મોટી સ્પર્ધાઓ માટે આત્મવિશ્વાસ વધારવા માટે પણ મહત્વની સાબિત થઈ છે. ખાસ કરીને યુરોપિયન ખેલાડીઓ સામે તેની રણનીતિ અને સમય સૂચકતાની સરાહના કરવામાં આવી રહી છે. દિવ્યા દેશમુખ હવે આગામી સમયમાં ક્લાસિકલ ચેસની સૌથી મહત્વની ગણાતી 'કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ' માં રમતી જોવા મળશે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૫ માં ચેસ વર્લ્ડ કપનું ટાઈટલ જીતીને તેણે આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય કર્યું હતું. વિશ્વ ચેમ્પિયનશિપ તરફ જવાના માર્ગમાં આ એક નિર્ણાયક કડી છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતની અન્ય ત્રણ ખેલાડીઓ પણ કેન્ડિડેટ્સની રેસમાં સામેલ છે, જે દર્શાવે છે કે ભારતીય મહિલા ચેસ અત્યારે તેના સુવર્ણકાળમાંથી પસાર થઈ રહી છે.

## ભારત અને જાપાન વચ્ચે એશિયન કપમાં મહાજંગ ખેલાશે

### બ્લુ ટાઈગ્રેસ સામે દિગ્ગજ જાપાનનો પડકાર



(એજન્સી) પર્થ । તા. 07

ઓસ્ટ્રેલિયાના પર્થ રેક્ટિંગ્યુલર સ્ટેડિયમમાં શનિવારે 'એએફસી મહિલા એશિયન કપ ૨૦૨૬' ના ગ્રુપ-સીના અત્યંત રસાકસીભર્યા મુકાબલામાં ભારતની મહિલા ફૂટબોલ ટીમ (બ્લુ ટાઈગ્રેસ) નો સામનો એશિયાની હેવીવેઈટ ટીમ જાપાન સામે થશે. પ્રથમ મેચમાં વિયેતનામ સામે ૧-૨ થી પરાજય અનુભવ્યા બાદ ભારતીય ટીમ અત્યારે ગ્રુપમાં ત્રીજા સ્થાને છે. બીજી તરફ, જાપાન જેવી મજબૂત ટીમ સામે ટકી રહેવું એ ભારતીય ખેલાડીઓ માટે હિમાલય ચઢવા જેવું કઠિન કામ છે. જાપાનની ટીમ વિશ્વ રેન્કિંગમાં આઠમા સ્થાને છે, જ્યારે ભારત ૬૭માં ક્રમે છે, જે બંને ટીમો વચ્ચેના તફાવતને સ્પષ્ટ કરે છે.

જો ઐતિહાસિક આંકડાઓ પર નજર કરીએ તો જાપાનનું પલ્લું અત્યંત ભારે છે. અત્યાર સુધી રમાયેલી ત્રણ સત્તાવાર મેચોમાં જાપાને ભારતને પછાડ્યું છે. આ મેચોમાં જાપાને કુલ ૧૯ ગોલ ફટકાર્યા છે, જેમાં ૨૦૨૩ ના ઓલિમ્પિક ક્વોલિફાયરની ૭-૦ ની એકતરફી હારનો પણ સમાવેશ થાય છે. જાપાનની ટીમ ૨૦૧૪ અને ૨૦૧૮ માં એશિયન ચેમ્પિયન રહી ચૂકી છે અને ૨૦૧૧ માં વર્લ્ડ કપ પણ જીત્યો છે. આવા ભવ્ય ઈતિહાસ ધરાવતી ટીમ સામે ભારતે પોતાની વ્યૂહરચના અત્યંત મજબૂત બનાવવી પડશે.

ભારતીય ટીમના મુખ્ય કોચ અમેલિયા વાલવર્ડેએ મેચ પૂર્વે જણાવ્યું હતું કે, વિયેતનામ સામેની શારીરિક રીતે થકવી નાખનારી મેચ બાદ ખેલાડીઓની રિકવરી સૌથી મહત્વની હતી. તેમણે સ્વીકાર્યું હતું કે જાપાન બોલ પઝેશન અને ગતિશીલતામાં માહિર છે. વાલવર્ડેએ ઉમેર્યું કે, "જાપાન રમત પર પ્રભુત્વ મેળવવાનું પસંદ કરે છે, પરંતુ અમારે અમારી પોતાની રમત તૈયાર કરવી પડશે. જરૂરિયાત મુજબ અમે ટેક્ટિકલ ફેરફારો માટે પણ તૈયાર છીએ." બ્લુ ટાઈગ્રેસ માટે પ્રથમ મિનિટથી જ જાપાનના આક્રમણને રોકવું અનિવાર્ય છે.

આંતરરાષ્ટ્રીય ટેનિસ ટુર્નામેન્ટમાં બ્રિટિશ સ્ટારનો જાદુ

ટેનિસ સ્ટાર એલા અવતાર ધારણ કરીને અજ્ઞાત રહી માણે છે

# એમ્મા રાડુકાનુ ઈન્ડિયન વેલ્સ વિજય સાથે ફોર્મમાં પરત ફરી



(એજન્સી) ઈન્ડિયન વેલ્સ । તા. 07

અમેરિકાના કેલિફોર્નિયામાં રમાઈ રહેલી પ્રતિષ્ઠિત ઈન્ડિયન વેલ્સ ટેનિસ ટુર્નામેન્ટમાં બ્રિટિશ ટેનિસ સ્ટાર એમ્મા રાડુકાનુએ શાનદાર પુનરાગમન કર્યું છે. ટુર્નામેન્ટમાં ૨૫મો ક્રમાંક ધરાવતી રાડુકાનુએ શુક્રવારે રશિયન ક્વોલિફાયર એનાસ્તાસિયા ઝાખારોવાને સીધા સેટોમાં ૬-૧, ૬-૩ થી પરાજય આપીને બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો છે. માત્ર ૯૦ મિનિટ કરતા પણ ઓછા સમયમાં મેળવેલી આ જીતે રાડુકાનુના આત્મવિશ્વાસમાં વધારો કર્યો છે, જે છેલ્લા કેટલાક સમયથી ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહી હતી. ૨૦૨૧ યુએસ ઓપન જીત્યા બાદ વિશ્વવિખ્યાત બનેલી એમ્મા ક્યારેક સામાન્ય જીવન જીવવા માટે 'એલા' નામનું પાત્ર ધારણ કરે છે. મીડિયા અહેવાલ મુજબ, કેલિફોર્નિયાના એક કોફી શોપમાં તેણે પોતાનું નામ 'એલા' જણાવીને પોતે ગેપ યર પર હોવાની વાર્તા કહી હતી. રાડુકાનુએ હસતા હસતા જણાવ્યું હતું કે, ક્યારેક અજાણ્યા બનીને નવી વાર્તાઓ બનાવવી તેને તાજગી આપે છે. આ રીતે તે પ્રસિદ્ધિના દબાણથી દૂર રહીને પોતાનો સમય માણે છે.

આંતરરાષ્ટ્રીય ગોલ્ફ ટૂર્નામેન્ટ ૨૦૨૬ માં ભારતની ધાક

# ભારતીય ગોલ્ફર પ્રણવી ઉર્સ સફળતા ઓસ્ટ્રેલિયામાં છવાઈ

(એજન્સી) મેલબોર્ન/ચેન્નાઈ । તા. 07

વિશ્વના રમતગમતના ફલક પર ભારતીય ખેલાડીઓ સતત પોતાની પ્રતિભા સાબિત કરી રહ્યા છે. શુક્રવારે ઓસ્ટ્રેલિયન વુમન્સ ક્લાસિકમાં ભારતીય ગોલ્ફર પ્રણવી ઉર્સની સફળતાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. પ્રણવીએ બીજા રાઉન્ડમાં શાનદાર ૬-અંડર ૬૬નો સ્કોર કરીને ટોપ-૧૦માં મજબૂત સ્થાન મેળવી લીધું છે. ૩૬ હોલ્સ બાદ તે સંયુક્ત રીતે સાતમા ક્રમે છે, જે આ સપ્તાહે રમી રહેલા ચાર ભારતીય ગોલ્ફરોમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

માત્ર ઓસ્ટ્રેલિયા જ નહીં પરંતુ ચીન અને હોંગકોંગમાં પણ ભારતીય ગોલ્ફરો ચમક્યા છે. અદિતી અશોકે ચાઈનામાં બ્લુ બે એલપીજીએ (LPGA) ના પ્રથમ રાઉન્ડમાં ૪-અંડર ૬૮નો સ્કોર કરીને સાતમું સ્થાન હાંસલ કર્યું છે. ૨૦૨૬ની સીઝનની તેની આ પ્રથમ ટૂર્નામેન્ટ છે, જેની શરૂઆત ખૂબ જ પ્રોત્સાહક રહી છે. બીજી તરફ, હોંગકોંગમાં રમાઈ રહેલી લિવ ગોલ્ફ ટૂર્નામેન્ટમાં અનિર્બાન લાહિરી પણ જોરદાર લયમાં જોવા મળી રહ્યો છે. તેણે ૯-અંડરના સ્કોર સાથે ટોપ-૧૦માં પોતાની જગ્યા સુરક્ષિત કરી છે.

ભારતીય રમતગમત સમાચાર અપડેટ મુજબ, સ્થાનિક સ્તરે પીજીટીઆઈની '૭૨ ધ લીગ'ની પ્રથમ આવૃત્તિમાં રાજસ્થાન રીગલ્સની ટીમ વિજેતા બની છે. ફાઈનલમાં રાજસ્થાનની ટીમે યુપી પ્રોમેથિઅન્સને ૧૨-૩ના જંગી માર્જિનથી હરાવીને ટ્રોફી અને ૧ કરોડ રૂપિયાની ઈનામી રકમ જીતી લીધી હતી. ટીમના કેપ્ટન અજીતેશ સંધુએ ખેલાડીઓના પ્રદર્શન અને ટીમના પરસ્પર તાલમેલની પ્રશંસા કરતા આ જીતને ઐતિહાસિક ગણાવી હતી. જોકે, ઓસ્ટ્રેલિયામાં દીક્ષા ડાગરે પણ કટ મેળવીને ૨૨મા ક્રમે સ્થાન જાળવ્યું છે, પરંતુ અવની પ્રશાંત અને હિતાશ્રી બક્ષી કટ મેળવવામાં નિષ્ફળ રહ્યા હતા.

ચેમ્પિયન // યુપી પ્રોમિથિયન્સ સામે 12-3થી ભવ્ય વિજય, ગોલ્ફના મેદાનમાં રાજસ્થાન રિગલ્સનો દબદબો

# રાજસ્થાન રિગલ્સ PGTI 72 ધ લીગના પ્રથમ ચેમ્પિયન બન્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ભારતીય વ્યાવસાયિક ગોલ્ફના ઈતિહાસમાં શુક્રવારે એક સુવર્ણ અધ્યાય લખાયો છે. કુતબ ગોલ્ફ કોર્સ ખાતે રમાયેલી પીજીટીઆઈ (PGTI) ની '૭૨ ધ લીગ' ની પ્રથમ સીઝનની ફાઈનલમાં રાજસ્થાન રિગલ્સે શાનદાર પ્રદર્શન કરતા ટેબલ-ટોપર યુપી પ્રોમિથિયન્સને ૧૨-૩ થી પરાજય આપીને ઉદ્ઘાટન ચેમ્પિયન બનવાનું બહુમાન મેળવ્યું છે. લીગ સ્ટેજમાં બીજા ક્રમે રહ્યા બાદ ફાઈનલમાં રાજસ્થાનના ખેલાડીઓએ રમત પર સંપૂર્ણ પકડ જમાવી રાખી હતી અને વિરોધી ટીમને હંફાવી દીધી હતી. આ ઐતિહાસિક વિજય સાથે રાજસ્થાન રિગલ્સે ગોલ્ફ જગતમાં પોતાની તાકાતનો પરચો આપ્યો છે.

લીગ સ્ટેજના પાંચમા રાઉન્ડમાં યુપી પ્રોમિથિયન્સ સામે રાજસ્થાન રિગલ્સનો ૪-૧૦ થી કારમો પરાજય થયો હતો. જોકે, ફાઈનલના મહત્વના મુકાબલામાં રાજસ્થાને આ હારનો મધુર બદલો લીધો હતો. વિજેતા ટીમને પ્રખ્યાત ડિઝાઈનર વિભોર સોગાની દ્વારા તૈયાર કરવામાં આવેલી ભવ્ય ટ્રોફી અને ૧ કરોડ રૂપિયાનું રોકડ ઇનામ એનાયત કરવામાં આવ્યું હતું. બીજી તરફ, રનર-અપ બનેલી યુપી પ્રોમિથિયન્સની ટીમને ૫૦ લાખ રૂપિયા અને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. યુપી પ્રોમિથિયન્સે તેમના સૌથી મજબૂત ખેલાડીઓ અને અજેય કેપ્ટન શૌર્ય ભટ્ટાચાર્ય તેમજ અર્જુન પ્રસાદને સિંગલ્સમાં




ઉતાર્યા હતા. જોકે, રાજસ્થાનના જયરાજ સિંહ સંધુએ ભટ્ટાચાર્યને ૪-૩ થી અને અક્ષય શર્માએ પ્રસાદને ૨-૧ થી હરાવીને યુપીની રણનીતિને છિન્ન-ભિન્ન કરી નાખી હતી. આ જીતે રાજસ્થાન માટે વિજયનો પાયો નાખ્યો હતો. રાજસ્થાન રિગલ્સના કેપ્ટન અજીતેશ સંધુએ આ જીતનો શ્રેય ટીમના ખેલાડીઓ વચ્ચેના શાનદાર તાલમેલ અને ઊંડાણને આપ્યો હતો. જ્યારે ટીમને વિજય માટે માત્ર એક જ પોઈન્ટની જરૂર હતી, ત્યારે યુવા ગોલ્ફર આર્યમન મોહન અને યુવરાજ સિંહની જોડીએ ફોર્સમ્સ કેટેગરીમાં જોશુઆ સીલ અને અર્જુન શર્માને હરાવીને ટાઈટલ પર મહોર મારી દીધી હતી. આર્યમને ૧૮મા હોલ પર નિર્ણાયક પુટ લગાવીને ટીમને વિજય અપાવ્યો હતો. વિજય બાદ આર્યમને ભાવુક થતા જણાવ્યું હતું કે, "તે ચાર ફૂટનો પુટ હતો જે અમે દરરોજ લગાવીએ છીએ, પરંતુ ફાઈનલનું દબાણ એટલું હતું કે મારા હાથ ધ્રૂજી રહ્યા હતા. સદભાગ્યે યુવરાજની મદદથી હું તે હોલ પૂરો કરી શક્યો." ફોર-બોલ્સ મેચમાં જોકે રાજસ્થાનના કેપ્ટન અજીતેશ સંધુ અને મિશેલ ઓર્ટોલાનીની જોડીને અભિનવ લોહાન અને મનોજ એસ સામે ૩-૨ થી હારનો સામનો કરવો પડ્યો હતો, જે આ ટુર્નામેન્ટમાં અજીતેશની પ્રથમ હાર હતી. જોકે, ચિક્કા રંગપ્પા અને ધ્રુવ શ્યોરાનની જોડીએ ગૌરવ પ્રતાપ સિંહ અને પ્રણવ માર્ડિકરને ૨-૧ થી હરાવીને જીતનું અંતર ૧૨-૩ કરી દીધું હતું. આ વિજય બાદ રાજસ્થાનની છાવણીમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને ખેલાડીઓએ એકબીજાને અભિનંદન પાઠવ્યા હતા.

ટુર્નામેન્ટમાં અન્ય ટીમોની વાત કરીએ તો, ચાર્મિનાર ચેમ્પિયન્સે પ્લેટ ચેમ્પિયનશિપ જીતીને ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે, જ્યારે કોલકાતા ક્લાસિક્સ ચોથા ક્રમે રહી હતી. ચાર્મિનાર ચેમ્પિયન્સને ૨૦ લાખ રૂપિયાનું ઈનામ મળ્યું હતું. ઉલ્લેખનીય છે કે, લીગ સ્ટેજમાં ચાર્મિનાર અને રાજસ્થાન બંનેના ૪૩ પોઈન્ટ્સ હતા, પરંતુ કાઉન્ટબેક નિયમને આધારે રાજસ્થાન ફાઈનલમાં પહોંચ્યું હતું અને અંતે ચેમ્પિયન બન્યું હતું. આ ટુર્નામેન્ટની સફળતા સાથે ભારતમાં ગોલ્ફ પ્રત્યેનો ક્રેઝ અને ખેલાડીઓનું કૌશલ્ય નવી ઊંચાઈએ પહોંચ્યું છે.

આંતરરાષ્ટ્રીય ટેનિસ સુરક્ષા વિવાદ વકરતા ખેલાડીઓ ભયભીત

# પાન્ના ઉદ્વાર્ડી મેચ ફિક્સિંગ ધમકીથી ટેનિસ જગત સ્તબ્ધ

(એજન્સી) અંતાલ્યા (તુર્કી) । તા. 07



વિશ્વની ૯૫મા ક્રમની હંગેરિયન ટેનિસ ખેલાડી પાન્ના ઉદ્વાર્ડીએ સોશિયલ મીડિયા પર એક અત્યંત ચોંકાવનારો ખુલાસો કર્યો છે, જેનાથી રમતજગતમાં ખળભળાટ મચી ગયો છે. તુર્કીમાં રમાઈ રહેલી અંતાલ્યા ચેલેન્જર ટુર્નામેન્ટ દરમિયાન ઉદ્વાર્ડીને મેચ હારી જવા માટે ગંભીર ધમકીઓ મળી હોવાનો અહેવાલ છે. આ ધમકીઓમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે જો તે જાણી જોઈને મેચ નહીં હારે, તો તેના પરિવારને ગંભીર નુકસાન પહોંચાડવામાં આવશે. આ ઘટનાએ રમતગમતની નૈતિકતા અને ખેલાડીઓની સુરક્ષા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિન્હો ઊભા કર્યા છે. ૨૭ વર્ષીય ઉદ્વાર્ડીએ આ બાબતે તાત્કાલિક મહિલા ટેનિસ સંઘ (WTA) ને જાણ કરી હતી. ધમકીની ગંભીરતાને જોતા તેના માતા-પિતાએ તુર્કીના કોન્સ્યુલેટનો સંપર્ક સાધ્યો હતો. પરિણામે, ઉદ્વાર્ડી જ્યારે મેચ રમવા મેદાનમાં ઉતરી ત્યારે તેની સાથે ત્રણ પોલીસ અધિકારીઓ સુરક્ષા માટે તૈનાત કરવામાં આવ્યા હતા. મેચ પૂર્ણ થયા બાદ તેણે તુર્કી પોલીસમાં સત્તાવાર ફરિયાદ પણ નોંધાવી છે. હંગેરીમાં રહેતા તેના વાલીઓ અને દાદીના ઘરે પણ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ઉદ્વાર્ડીએ તેના લખાણમાં એક અત્યંત ચિંતાજનક મુદ્દો ઉઠાવ્યો છે. તેને જણાવવામાં આવ્યું છે કે તાજેતરમાં અન્ય ખેલાડીઓને પણ આવી જ ધમકીઓ મળી છે. એવી શંકા સેવાઈ રહી છે કે ડબલ્યુટીએ (WTA) ના ડેટાબેઝમાંથી ખેલાડીઓની અંગત માહિતી લીક થઈ છે.

### ઈરાનની શાળા પર મિસાઈલ હુમલો થયો, મિડલ ઈસ્ટ યુદ્ધમાં માનવતા શરમાઈ ગઈ છે

# યુદ્ધમાં AIની ટેકનિકલ ભૂલથી મોટી હોનારત સર્જાઈ

(એજન્સી) તેહરાન I તા. 07

મધ્ય પૂર્વના રણમેદાનમાં ટેકનોલોજી અને માનવતા વચ્ચેના જંગમાં એક એવી ભયાનક દુર્ઘટના ઘટી છે જેણે વિશ્વના અંતરાત્માને હચમચાવી દીધો છે. ઈરાનના દક્ષિણી શહેર મિનાબમાં ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત હવાઈ હુમલા દરમિયાન એક પ્રાથમિક કન્યા શાળા પર મિસાઈલ પડતા ૧૬૦થી વધુ માસૂમ બાળકીઓના કરૂણ મોત નિપજ્યા છે. આ ઘટનાએ આધુનિક યુદ્ધમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના ઉપયોગ અને તેની ચોકસાઈ સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. જ્યારે વિશ્વ ૨૧મી સદીની ટેકનોલોજીના ગુણગાન ગાઈ રહ્યું છે, ત્યારે મશીનની એક નાનકડી ભૂલે સેંકડો પરિવારોના ચિરાગ ઓલવી નાખ્યા છે.

મિનાબ શહેરની શજારેહ તૈય્યબહ ગર્લ્સ સ્કૂલમાં જ્યારે ૭ થી ૧૨ વર્ષની બાળકીઓ પોતાના ઉજ્જવળ ભવિષ્યના સપના સાથે અભ્યાસ કરી રહી હતી, ત્યારે



અચાનક આકાશી મિસાઈલે કાળ બનીને ત્રાટકી હતી. એક ક્ષણમાં હસતા-રમતા ક્લાસરૂમ સ્મશાનમાં ફેરવાઈ ગયા હતા. સ્થાનિક સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ હુમલો ૨૦૨૬ના ઈરાન યુદ્ધની અત્યાર સુધીની સૌથી ઘાતક અને કમનસીબ ઘટના સાબિત થઈ છે. કાટમાળ નીચે દબાયેલી માસૂમ બાળકીઓની ચીસોએ સમગ્ર વિસ્તારને ગમગીન કરી દીધો હતો. રાહત અને બચાવ કાર્ય દરમિયાન જે દ્રશ્યો સામે આવ્યા તે જોઈને પથ્થર દિલના માણસોની આંખો પણ ભીની થઈ ગઈ હતી.

### એલ્ગોરિધમ વોરફેર: જ્યારે મશીન ટાર્ગેટ નક્કી કરે

વર્તમાન સમયમાં યુદ્ધનું સ્વરૂપ બદલાયું છે. હવે સૈનિકોની બંદૂકો કરતા મશીનોના એલ્ગોરિધમ વધુ શક્તિશાળી બન્યા છે. 'એલ્ગોરિધમ વોરફેર' હેઠળ એઆઈ સિસ્ટમ્સ સેટેલાઈટ તસવીરો અને જૂના ડેટાના વિશ્લેષણ દ્વારા હુમલાના સ્થળો નક્કી કરે છે. અમેરિકાએ આ યુદ્ધમાં મોટા પાયે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવા માટે અગ્રણી ટેક કંપનીઓ સાથે સૈન્ય કરાર કર્યા છે. આ સિસ્ટમનો હેતુ માનવીય ભૂલો ઘટાડવાનો અને ચોકસાઈ વધારવાનો હોય છે, પરંતુ મિનાબની ઘટનાએ સાબિત કર્યું છે કે ટેકનોલોજી પરની અતિશય નિર્ભરતા જીવલેણ સાબિત થઈ શકે છે.

તપાસના પ્રાથમિક અહેવાલો મુજબ, જે જગ્યાએ આ શજારેહ તૈય્યબહ ગર્લ્સ સ્કૂલ આવેલી હતી, ત્યાં ભૂતકાળમાં ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) નો સૈન્ય બેઝ હતો. એવું માનવામાં આવે છે કે એઆઈ સિસ્ટમે જૂના ડેટાના આધારે આ સ્થળને હજુ પણ સૈન્ય મથક સમજીને નિશાન બનાવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, જો સિસ્ટમને સમયસર અપડેટ કરવામાં ન આવી હોય કે ત્યાં હવે સૈનિકો નહીં પણ વિદ્યાર્થીનીઓ છે, તો આવી વિનાશક ભૂલ થવી સ્વાભાવિક છે. મશીન પાસે ડેટા છે પણ સંવેદના નથી, અને આ જ તફાવત ૧૬૦ માસૂમ જીવ લેવાનું કારણ બન્યો છે.

આ ભયાનક હોનારત બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે રોષ જોવા મળી રહ્યો છે. અમેરિકન સૈન્ય અધિકારીઓએ આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. તેમણે દાવો કર્યો છે કે તેમનો હેતુ ક્યારેય નાગરિકો કે શાળાઓને નિશાન બનાવવાનો હોતો નથી. જોકે, સંરક્ષણ નિષ્ણાતો ચેતવણી આપી

### અમેરિકા ઈઝરાયલ યુદ્ધ રણનીતિ સામે પુતિનનો દાવ

# રશિયાએ ગુપ્ત માહિતી આપી અમેરિકાને ભીંસમાં લીધું

(એજન્સી) વોશિંગ્ટન/તેહરાન I તા. 07

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ જંગમાં હવે રશિયાએ એન્ટ્રી કરતા આખું સમીકરણ બદલાઈ ગયું છે. અત્યાર સુધી પડદા પાછળ રહેલા રશિયાએ હવે ઈરાનને અમેરિકન સૈન્ય અસ્કયામતોની અત્યંત સચોટ અને ગુપ્ત વિગતો પૂરી પાડી હોવાનો સનસનીખેજ ખુલાસો થયો છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, રશિયાની આ મદદને કારણે તેહરાન હવે ખાડી દેશોમાં તૈનાત અમેરિકન યુદ્ધજહાજો, વિમાનો અને સૈન્ય ઠેકાણાઓને સચોટ નિશાન બનાવવામાં સક્ષમ બન્યું છે, જે વોશિંગ્ટન માટે ચિંતાનો વિષય છે.

રશિયાએ અમેરિકન સૈન્યના ચોક્કસ લોકેશન ઈરાન સાથે શેર કરીને યુક્રેન યુદ્ધનો બદલો લીધો હોવાનું મનાય છે. યુક્રેનને અમેરિકા દ્વારા મળી રહેલી મદદથી નારાજ પુતિને હવે ઈરાનનો હાથ પકડીને અમેરિકાને ભીંસમાં લીધું છે. રશિયાની આ ઈન્ટેલિજન્સ ઈરાન માટે વરદાન સાબિત થઈ છે, કારણ કે યુદ્ધના પ્રારંભિક તબક્કામાં જ ઈરાની ટ્રેકિંગ સિસ્ટમ નબળી પડી ગઈ હતી. હવે રશિયન ડેટાના આધારે ઈરાન વધુ આક્રમક બન્યું છે. રશિયા પાસેથી મળેલી ક્રોસલાઈન માહિતીના આધારે ઈરાને અબુ ધાબી, કતાર અને કુવૈત સહિતના સાત દેશોમાં ફેલાયેલા અમેરિકન સૈન્ય મથકો પર હુમલા તેજ કર્યા છે.

#### વધતું જતું જોખમ અને અનિશ્ચિતતા

મધ્ય પૂર્વમાં સૈન્ય સંઘર્ષ વકરી રહ્યો છે ત્યારે અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે રશિયાની દખલ હોવા છતાં તેમનું મિશન ચાલુ રહેશે. બીજી તરફ, ચીને આ મામલે મૌન જાળવીને અંતર જાળવ્યું છે. ઈરાન અને તેની સહયોગી ગેંગ હિઝબુલ્લાહ તેમજ હૂથી બળવાખોરો પણ હવે રશિયન માહિતીના જોરે વધુ સક્રિય થયા છે. હવે જોવાનું એ રહેશે કે અમેરિકા અને ઈઝરાયલની જોડી રશિયાના આ માસ્ટરસ્ટ્રોકનો સામનો કેવી રીતે કરે છે.

## ન્યૂઝ બ્રીફ

### ઓરેકલ કર્મચારી છટણી સમાચારથી ટેક જગતમાં ભારે ફાળ પડી




વોશિંગ્ટન | અમેરિકાની અગ્રણી મલ્ટિનેશનલ ટેકનોલોજી કંપની ઓરેકલ દ્વારા એકાએક ૩૦,૦૦૦ કર્મચારીઓની છટણી કરવાની તૈયારીઓ શરૂ કરવામાં આવતા આઈટી ક્ષેત્રમાં હડકંપ મચી ગયો છે. વિશ્વભરમાં અંદાજે ૧,૬૨,૦૦૦ કર્મચારીઓ ધરાવતી આ દિગ્ગજ કંપની પોતાના અસ્તિત્વના ઈતિહાસમાં સૌથી મોટો કાપ મૂકવા જઈ રહી છે. મીડિયા અહેવાલ મુજબ, કંપની આગામી એક મહિનામાં અસરગ્રસ્ત કર્મચારીઓને સત્તાવાર નોટિસ પાઠવી દેશે, જેમાં તમામ વિભાગોના કર્મચારીઓનો સમાવેશ થાય છે. ઓરેકલના સ્થાપક લેરી એલિસન અત્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ડેટા સેન્ટરના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

### પાકિસ્તાન લઘુમતી પલાયન સમાચાર UNHRCમાં ગુંજ્યા

જીનીવા/રાજસ્થાન | સ્વિટ્ઝર્લેન્ડના જીનીવા ખાતે યોજાયેલ સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદના ૬૧મા સત્રમાં પાકિસ્તાનમાં લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારોનો મુદ્દો વૈશ્વિક સ્તરે ગાજ્યો છે. રાજસ્થાન સ્થિત સામાજિક સંસ્થા 'સંભાળી ટ્રસ્ટ'ના સ્વયંસેવક લારા ડેલુટિસે પાકિસ્તાનથી ભારત પલાયન કરી રહેલા લઘુમતી સમુદાયોની વેદનાને વાચા આપી હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, પાકિસ્તાનમાં વ્યાપ્ત અસહ્ય ધાર્મિક ભેદભાવને કારણે હજારો પરિવારો પોતાનું વતન છોડીને ભારત આશ્રય લેવા માટે મજબૂર બન્યા છે. લારા ડેલુટિસે રાજસ્થાનની મુલાકાત દરમિયાન અનેક એવી મહિલાઓ અને પરિવારો સાથે મુલાકાત કરી હતી જેઓ વર્ષો પહેલા પાકિસ્તાનથી ભાગીને ભારત આવ્યા હતા.

### બાલેન્દ્ર શાહ નેપાળ વડાપ્રધાન રેસ માં સૌથી આગળ નીકળ્યા



કાઠમંડુ | પાડોશી દેશ નેપાળમાં વર્ષો જૂની રાજકીય પદ્ધતિને ઉથલાવીને એક નવો યુગ શરૂ થવા જઈ રહ્યો છે. તાજેતરમાં યોજાયેલી પંચાયત (સંસદ)ની ચૂંટણીની મતગણતરીના પ્રારંભિક વલણોએ આખા દક્ષિણ એશિયાનું ધ્યાન ખેંચ્યું છે. 'બાલન' તરીકે લોકપ્રિય બનેલા યુવા નેતા બાલેન્દ્ર શાહની રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (આરએસપી) અત્યારે પ્રચંડ બહુમતી તરફ આગળ વધી રહી છે. ૫૭ નિર્વાચન ક્ષેત્રોમાંથી ૪૭ બેઠકો પર મળેલી સ્પષ્ટ લીડ બાદ હવે બાલેન્દ્ર શાહ નેપાળના આગામી વડાપ્રધાન બને તે લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. બાલેન્દ્ર શાહની સફર અત્યંત પ્રેરણાદાયી છે.

### રશિયન તેલ પરના પ્રતિબંધોમાં મોટી ઢીલ, ટ્રમ્પ પ્રશાસનનો યુ-ટર્ન અને ભારતને ફાયદો

# વૈશ્વિક તેલ સંકટ અને ભારતની કૂટનીતિક જીત થઈ છે

(એજન્સી) વોશિંગ્ટન/નવી દિલ્હી I તા. 07

વિશ્વના રાજકીય ફલક પર એક અત્યંત ચોંકાવનારો વળાંક આવ્યો છે, જેણે વૈશ્વિક ઉર્જા બજારના સમીકરણો રાતોરાત બદલી નાખ્યા છે. હંમેશા રશિયા પ્રત્યે કડક વલણ રાખનારા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે આશ્ચર્યજનક રીતે રશિયન તેલ પરના કડક પ્રતિબંધોમાં ઢીલ આપવાની જાહેરાત કરી છે. અમેરિકાના આ યુ-ટર્ન પાછળ મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અને તેના કારણે પેદા થયેલા તેલના અછતની મજબૂરી જવાબદાર હોવાનું મનાય છે. આ સમગ્ર ઘટનાક્રમમાં ભારત એક મજબૂત કૂટનીતિક ખેલાડી તરીકે ઉભરી આવ્યું છે, જેને હવે સત્તાવાર રીતે સસ્તું રશિયન તેલ ખરીદવાની છૂટ મળી ગઈ છે.



વૈશ્વિક તેલ બજારમાં હાહાકાર મચ્યા બાદ અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે શુક્રવારે એક સૂચક સંકેત આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે અમેરિકન સરકાર હાલમાં દરિયામાં ફસાયેલા કરોડો બેરલ રશિયન તેલના શિપમેન્ટ પરથી પ્રતિબંધો હટાવવા માટે ગંભીરતાથી વિચારી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકા આ તેલને વૈશ્વિક બજારમાં લાવીને પુરવઠો વધારવા માંગે છે જેથી આસમાને પહોંચેલા તેલના ભાવને અંકુશમાં લઈ શકાય. જોકે, વ્હાઈટ હાઉસે આ અંગે સ્પષ્ટતા કરી છે કે આ પગલું રશિયાને ટેકો આપવા માટે નહીં, પરંતુ વિશ્વ અર્થતંત્રને પતનના આરેથી બચાવવા માટે લેવામાં આવ્યો છે.

અમેરિકાની આ નીતિગત પીછેહઠ પાછળ ઈરાન સાથેનો વર્તમાન સંઘર્ષ મુખ્ય કારણ હોવાનું વિશ્લેષકો માની રહ્યા છે. ઈરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધના પરિણામે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ એવા 'હોર્મુઝ સ્ટ્રેટ' માંથી થતો વેપાર લગભગ ઠપ્પ થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે દુનિયાનું અંદાજે ૨૦ ટકા ક્રૂડ ઓઈલ આ માર્ગેથી પસાર થાય છે. આ જળમાર્ગ બંધ થતાની સાથે જ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં માત્ર એક સપ્તાહમાં ૩૦ ટકા જેટલો તોતિંગ ઉછાળો જોવા મળ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ સારી રીતે જાણે છે કે જો તેલના ભાવ કાબૂમાં નહીં આવે, તો અમેરિકામાં મોંઘવારી ફાટી નીકળશે અને અર્થતંત્ર મંદીમાં ધકેલાઈ જશે.

આ આંતરરાષ્ટ્રીય ખેંચતાણ વચ્ચે ભારત સૌથી મોટા વિજેતા તરીકે ઉભરી આવ્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, અમેરિકાએ ભારતને ૩ એપ્રિલ ૨૦૨૬ સુધી દરિયામાં ફસાયેલું રશિયન તેલ ખરીદવાની વિશેષ અને હંગામી મંજૂરી આપી દીધી છે. ભારત પોતાની ઉર્જા જરૂરિયાતના ૮૫ ટકાથી વધુ તેલની આયાત કરે છે, તેથી આ નિર્ણય ભારત માટે આર્થિક બુસ્ટર સમાન સાબિત થશે. હવે ભારત આ પ્રતિબંધિત તેલ રશિયા પાસેથી મોટા ડિસ્કાઉન્ટ પર ખરીદી શકશે. આનાથી દેશની તિજોરી પર પડતો આયાત બિલનો બોજ ઘટશે અને સામાન્ય જનતા પરની મોંઘવારીની અસર પણ ઓછી થશે.

ભારતની આ સફળતા તેની દૂરોગામી વિદેશ નીતિ અને 'સ્ટ્રેટેજિક ઓટોનોમી' એટલે કે વ્યૂહાત્મક સ્વાયત્તતાને આભારી છે. પશ્ચિમી દેશોના ભારે દબાણ છતાં, ભારતે ન તો અમેરિકા સાથે સંબંધો વણસાવ્યા કે ન તો રશિયા સાથેના જૂના મિત્રતાના સંબંધોમાં તિરાડ પડવા દીધી. ભારતે અત્યંત સંયમ સાથે પોતાના રાષ્ટ્રીય હિતોને સર્વોપરી રાખ્યા. પરિણામ એ આવ્યું કે જે રશિયન તેલ ખરીદવા સામે અગાઉ પ્રતિબંધોનો ડર બતાવવામાં આવતો હતો, હવે તે જ તેલ ખરીદવા માટે અમેરિકાએ પોતે સામેથી લાલ જાજમ બિછાવી છે. આ વિજય સાબિત કરે છે કે બદલાતા વૈશ્વિક સંજોગોમાં ભારતની ભૂમિકા નિર્ણાયક બની રહી છે.

### બજારની અસ્થિરતા અને ભાવિ અંદાજો

નિષ્ણાતોના મતે, રશિયન તેલ બજારમાં પ્રવેશતા જ ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. મોંઘા પેટ્રોલ અને ડીઝલથી પીડાતા સામાન્ય લોકો માટે આ સમાચાર ચોક્કસપણે રાહત આપનારા છે. જોકે, હજુ પણ અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા છે કારણ કે ઈરાન સાથેનો સંઘર્ષ કઈ દિશામાં જશે તે કહેવું મુશ્કેલ છે. તેમ છતાં, હાલના તબક્કે તો ભારત પોતાની કૂટનીતિના બળે વૈશ્વિક તેલના દમદાર ખેલાડી તરીકે સ્થાપિત થઈ ચૂક્યું છે. આગામી દિવસોમાં રશિયાથી આવનારા તેલના જથ્થાને કારણે દેશના વિદેશી હૂંડિયામણની પણ મોટી બચત થવાની પ્રબળ શક્યતા છે.

### મધ્ય પૂર્વ યુદ્ધ રાજનીતિ વચ્ચે તેલ અવીવે મૌન તોડ્યું

# ઈઝરાયલ ભારત સંબંધો સ્પષ્ટતા પીએમ મોદીને નહોતી જાણ



(એજન્સી) તેલ અવીવ I તા. 07

માર્ચ મહિનાના પ્રારંભે મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલા ભીષણ જંગ અને ઈરાનના સર્વોચ્ચ નેતાના નિધન બાદ ઉભા થયેલા રાજકીય વંટોળ વચ્ચે ઈઝરાયલે ભારત મુદ્દે અત્યંત મહત્ત્વની જાહેરાત કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઈઝરાયલ પ્રવાસના ઠીક ૪૮ કલાક બાદ થયેલા આ હુમલાને લઈને ફેલાયેલી અફવાઓ પર લગામ લગાવતા ઈઝરાયલે સ્પષ્ટ કર્યું છે કે ભારતને આ સૈન્ય કાર્યવાહી અંગે કોઈ જ પૂર્વ જાણકારી આપવામાં આવી નહોતી. વડાપ્રધાન મોદી ૨૫-૨૬ ફેબ્રુઆરીના રોજ ઈઝરાયલમાં હતા, જેના કારણે વૈશ્વિક સ્તરે ભારતની ભૂમિકા અંગે અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતા. ઈઝરાયલના વિદેશ મંત્રી ગિદોન સારએ રાયસીના ડાયલોગમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે પીએમ મોદીના પ્રવાસ દરમિયાન કોઈ પણ પ્રકારની સૈન્ય 'બ્રીફિંગ' કરવામાં આવી નહોતી. તેમણે ભારપૂર્વક કહ્યું કે ભારત સાથેના સંબંધો અત્યંત મજબૂત છે, પરંતુ ઈરાન પર હુમલાનો અંતિમ નિર્ણય પીએમ મોદી ભારત રવાના થયા ત્યારબાદ શનિવારની વહેલી સવારે લેવામાં આવ્યો હતો. ઈઝરાયલના રાજદૂતે પણ આક્ષેપો ફગાવતા જણાવ્યું હતું કે આ કોઈ પૂર્વ-આયોજિત વ્યૂહરચના નહોતી, પરંતુ ઈન્ટેલિજન્સ રિપોર્ટના આધારે મળેલી એક તાત્કાલિક તક હતી. અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટો નિષ્ફળ ગયા બાદ ઈઝરાયલના અસ્તિત્વ પર ખતરો વધી ગયો હતો. ઈરાનનો વધતો પરમાણુ કાર્યક્રમ અને હમાસ-હિઝબુલ્લાહ જેવા સંગઠનોને મળતા સમર્થનને કારણે આ પગલું લેવું અનિવાર્ય બન્યું હતું. ઈઝરાયલે હવે ઈરાનમાં સત્તા પરિવર્તનના પણ સંકેત આપ્યા છે. જોકે, ભારતમાં વિપક્ષી નેતાઓ દ્વારા આ મુલાકાત પર સવાલો ઉઠાવવામાં આવતા ઈઝરાયલે સામે ચાલીને સ્પષ્ટતા કરવી પડી છે જેથી ભારતની આંતરરાષ્ટ્રીય છબી અને તટસ્થતાને કોઈ આંચ ન આવે.

## પાકિસ્તાન સાઉદી સંરક્ષણ બેઠકથી ઈરાન છાવણીમાં ફફડાટ

(એજન્સી) રિયાદ I તા. 07

મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા બાદ સર્જાયેલી યુદ્ધની સ્થિતિ વચ્ચે એક અત્યંત મહત્ત્વપૂર્ણ રાજદ્વારી હિલચાલ જોવા મળી છે. સાઉદી અરેબિયાના સંરક્ષણ મંત્રી પ્રિન્સ ખાલિદ બિન સલમાન અને પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ આસિમ મુનીર વચ્ચે રિયાદમાં હાઈ-લેવલ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અબુ ધાબી અને રિયાદ ક્ષેત્રની સુરક્ષા તેમજ વર્તમાન ભૌગોલિક-રાજકીય અસ્થિરતા અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી, જેણે સમગ્ર મુસ્લિમ જગત અને પશ્ચિમી દેશોનું ધ્યાન ખેંચ્યું છે.

આ બેઠક દરમિયાન સાઉદી અરેબિયા અને પાકિસ્તાને સંયુક્ત રીતે ઈરાન દ્વારા અમેરિકન એરબેઝ પર કરવામાં આવેલા વળતા હુમલાઓને સખત શબ્દોમાં વખોડી કાઢ્યા હતા. બંને દેશોએ



એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે ક્ષેત્રમાં વધતી જતી અરાજકતા ચિંતાજનક છે અને ઈરાને તેની વર્તમાન આક્રમક નીતિઓ પર પુનઃવિચાર કરવાની જરૂર છે. બંને પક્ષોએ ભાર પૂર્વક જણાવ્યું હતું કે કોઈપણ જટિલ સમસ્યાનો કાયમી ઉકેલ માત્ર લોકશાહી ઢબે વાતચીત અને રાજદ્વારી વ્યૂહનીતિ દ્વારા જ શક્ય છે. પાકિસ્તાન અને સાઉદી અરેબિયા વચ્ચે વર્ષો જૂની મિત્રતા રહી છે, જે આ સંકટના સમયે વધુ ગાઢ બની રહી છે.

## પુતિન ઈરાન પ્રમુખ વાતચીતથી અમેરિકાની ચિંતા વધી

મોસ્કો/તેહરાન | મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલા ભીષણ યુદ્ધ અને તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન સાથે ટેલિફોનિક વાતચીત કરીને વૈશ્વિક સમીકરણો તેજ કર્યા છે. પુતિને ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈના નિધન પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી. આ મહત્વપૂર્ણ સંવાદમાં રશિયાએ મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સૈન્ય સંઘર્ષને તાત્કાલિક અટકાવવા અને બળપ્રયોગના બદલે રાજદ્વારી વાતચીતનો માર્ગ અપનાવવા પર ભાર મૂક્યો છે. રશિયાના વિદેશ મંત્રાલય દ્વારા ટેલિગ્રામ પર શેર કરવામાં આવેલી વિગતો અનુસાર, રાષ્ટ્રપતિ પુતિને સ્પષ્ટ કર્યું છે કે રશિયા કોઈપણ પ્રશ્નોના ઉકેલ માટે હિંસાનો વિરોધ કરે છે.

## અમેરિકા એક્વાડોર સૈન્ય કાર્યવાહીથી ડ્રગ માફિયાઓ ધ્રૂજ્યા

### આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયા વિરોધ માં મોટી સફળતા, નાર્કો ટેરરિસ્ટ નેટવર્ક નાશ કરવા અમેરિકા મેદાને

(એજન્સી) ફ્લોરિડા/ક્વિટો I તા. 07

દક્ષિણ અમેરિકાના દેશ એક્વાડોરમાં ફેલાયેલા ખતરનાક ડ્રગ કાર્ટેલ અને આતંકી સંગઠનો વિરુદ્ધ અમેરિકાએ મોટું લશ્કરી અભિયાન છેડ્યું છે. શુક્રવારે અમેરિકન સધર્ન કમાન્ડે એક્વાડોરના સશસ્ત્ર દળો સાથે મળીને નાર્કો-ટેરરિસ્ટો વિરુદ્ધ અત્યંત ઘાતક 'કાઈનેટિક ઓપરેશન' પાર પાડ્યું છે. આ સંયુક્ત કાર્યવાહીમાં ડ્રગ માફિયાઓના સપ્લાય નેટવર્ક અને લોજિસ્ટિક્સ કેન્દ્રોને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે, જેણે પશ્ચિમી ગોળાર્ધમાં સક્રિય ગુનાહિત ટોળકીઓમાં ફફડાટ ફેલાવી દીધો છે.

અમેરિકાના યુદ્ધ સચિવ પીટ હેગસેથના આદેશ પર જનરલ ફ્રાન્સિસ એલ. ડોનોવને આ મિશનનું સંચાલન કર્યું હતું. જનરલ ડોનોવને જણાવ્યું હતું કે, આ નિર્ણાયક કાર્યવાહી એ નાર્કો-ટેરરિઝમને હરાવવા માટે કટિબદ્ધ તમામ રાષ્ટ્રો માટે એક વ્યૂહાત્મક સફળતા છે. આ ઓપરેશન દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે નશીલા દ્રવ્યોના વેપાર અને આતંકવાદ સાથે સંકળાયેલા નેટવર્કને હવે ક્યાંય આશ્રય મળશે નહીં. અમેરિકા અને એક્વાડોરના સૈનિકોએ ખભેખભા મિલાવીને માફિયાઓના અડ્ડાઓ પર ત્રાટકીને તેમની કમર તોડી નાખી છે. પેન્ટાગોનના પ્રવક્તા સીન પાર્નેલે એક્વાડોરના રાષ્ટ્રપતિ નોબોઆ અને ત્યાંના સુરક્ષા દળોની પ્રશંસા કરી છે. એક્વાડોરની સરકારની વિનંતી બાદ જ અમેરિકાએ આ લક્ષિત હુમલા કર્યા છે. આ કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ્ય ડ્રગ્સની હેરાફેરી અને ભ્રષ્ટાચારના નેટવર્કને જડમૂળથી ઉખેડી નાખવાનો છે.

**નિષ્ફળતા** | વ્યૂહાત્મક શાયબાહ ઓઈલ ફિલ્ડ સુરક્ષિત, ખાડી દેશોમાં ઈરાની આક્રમકતા સામે સંરક્ષણ

# સાઉદી તેલ ક્ષેત્રો પર ડ્રોન હુમલા નિષ્ફળ રહ્યા છે

(એજન્સી) રિયાધ I તા. 07

મધ્ય પૂર્વમાં વકરી રહેલા યુદ્ધની વચ્ચે સાઉદી અરેબિયાએ શનિવારે વહેલી સવારે એક મોટી હોનારત ટાળી દીધી છે. સાઉદી વાયુસેનાના મજબૂત સંરક્ષણ કવચે દેશના અત્યંત વ્યૂહાત્મક એવા શાયબાહ તેલ ક્ષેત્રને નિશાન બનાવીને કરવામાં આવેલા ૧૬ ડ્રોન હુમલાઓને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યા છે. ઈરાન તરફથી કરવામાં આવેલા આ હુમલાઓએ વૈશ્વિક ઉર્જા પુરવઠા સામે ખતરો ઉભો કર્યો હતો, પરંતુ સાઉદી સંરક્ષણ પ્રણાલીએ તમામ જોખમોને હવામાં જ નષ્ટ કરી દીધા છે. આ ઘટના બાદ મધ્ય પૂર્વમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

સાઉદી અરેબિયાના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા મેજર જનરલ તુર્કી અલ-મલિકીએ સોશિયલ મીડિયા દ્વારા માહિતી આપી હતી કે, દુશ્મન દેશ દ્વારા ચાર અલગ-અલગ લહેરમાં કુલ ૧૬ ડ્રોન છોડવામાં આવ્યા હતા. આ તમામ માનવરહિત વિમાનો 'એમ્પ્ટી ક્વાર્ટર' નામના રણ વિસ્તાર ઉપરથી પસાર થઈ રહ્યા



હતા ત્યારે જ સાઉદી એર ડિફેન્સે તેમને આંતરીને તોડી પાડ્યા હતા. આ ડ્રોનનો મુખ્ય હેતુ શાયબાહ સ્થિત ઉર્જા પ્લાન્ટને નુકસાન પહોંચાડવાનો હતો, જે સાઉદીના અર્થતંત્ર માટે લાઈફલાઈન સમાન માનવામાં આવે છે.

માત્ર ડ્રોન જ નહીં, પણ ઘાતક બેલેસ્ટિક અને ક્રૂઝ મિસાઈલો દ્વારા પણ સાઉદી અરેબિયાને દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અલ-ખાર્જમાં આવેલા પ્રિન્સ સુલતાન એર બેઝને નિશાન બનાવીને છોડવામાં આવેલી મિસાઈલોને પણ સાઉદી સંરક્ષણ દળોએ તોડી પાડી છે. મીડિયા અહેવાલ મુજબ, રિયાધના પૂર્વ વિસ્તારમાં પણ ડ્રોન તોડી પાડવામાં આવ્યા છે. અલ-ખાર્જ એક મોટું ઔદ્યોગિક કેન્દ્ર હોવાથી તેના પર છેલ્લા ત્રણ દિવસથી સતત હુમલાના પ્રયાસો થઈ રહ્યા છે, જે ઈરાની આક્રમકતાનું સ્પષ્ટ સંકેત આપે છે.

રુબ અલ-ખલી રણની ઊંડાઈમાં આવેલું શાયબાહ તેલ ક્ષેત્ર સાઉદી અરેબિયાના 'સુપર-જાયન્ટ' ફિલ્ડ્સમાંનું એક છે. તે માત્ર તેલ જ નહીં, પણ કુદરતી ગેસ પ્રવાહી (NGL) ના પુરવઠા માટે પણ વિશ્વમાં જાણીતું છે. પેટ્રોકેમિકલ ઉદ્યોગ માટે આ પ્લાન્ટ અત્યંત મહત્વનો હોવાથી, તેના પરનો હુમલો એ સાઉદીના આર્થિક હિતો પરનો સીધો પ્રહાર છે. ૨૮ ફેબ્રુઆરી પછી શાયબાહ પરનો આ પ્રથમ મોટો હુમલો છે, જે અમેરિકા-ઈઝરાયેલની ઈરાન વિરુદ્ધની સૈન્ય ઝુંબેશનો બદલો હોવાનું માનવામાં આવે છે.

# અમેરિકા ઈરાન નૌકાદળ સંઘર્ષમાં 'IRIS ડેના' ડૂબ્યું

(એજન્સી) ન્યૂયોર્ક/તેહરાન I તા. 07

હિંદ મહાસાગરના આંતરરાષ્ટ્રીય જળસીમામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષે ભયાનક વળાંક લીધો છે. સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના રાજદૂત અમીર-સઈદ ઈરવાનીએ અમેરિકા પર ગંભીર આરોપ લગાવતા જણાવ્યું છે કે, ઈરાની નૌકાદળના જહાજ 'આઈઆરઆઈએસ ડેના' (IRIS Dena) ને ડૂબાડવું એ આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન અને દેખીતો યુદ્ધ અપરાધ છે. આ હુમલામાં ૧૦૦ થી વધુ ઈરાની નાવિકો શહીદ થયા હોવાના અહેવાલ છે, જેના કારણે મધ્ય પૂર્વ અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં યુદ્ધનું જોખમ અનેકગણું વધી ગયું છે.

મીડિયા અહેવાલ મુજબ, ઈરાની રાજદૂતે સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલય ખાતે આક્રમક વલણ અપનાવતા કહ્યું કે, ઈરાની ફ્રિગેટ 'ડેના' ભારતીય નૌકાદળના આમંત્રણ પર સદ્ભાવના મુલાકાતે હતું. ઈરાનથી લગભગ ૨૦૦૦ માઈલ દૂર આંતરરાષ્ટ્રીય જળસીમામાં અમેરિકાએ કરેલો આ હુમલો જળમાર્ગોની સ્વતંત્રતાના મૂળભૂત સિદ્ધાંતોનું હનન છે. ઈરાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને આ બાબતે તાત્કાલિક દખલ કરવા અને અમેરિકા તેમજ ઈઝરાયલના સંયુક્ત સૈન્ય અભિયાનને રોકવા માટે સખત અપીલ કરી છે.

બીજી તરફ, ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ અમેરિકા સામે વળતો પ્રહાર કરવાની ચીમકી આપી છે. તેમણે સોશિયલ મીડિયા દ્વારા આક્ષેપ કર્યો કે અમેરિકાએ આરબ દેશોની ધરતીનો ઉપયોગ કરીને ઈરાનમાં નિર્દોષ બાળકોને નિશાન બનાવ્યા છે. હોરમોઝગાન પ્રાંતમાં એક કન્યા પ્રાથમિક શાળા પર થયેલા મિસાઈલ હુમલામાં ૧૬૦ થી વધુ નિર્દોષ બાળકીઓના મોત થયા છે.

## ઈરાને હોર્મુઝ ખાડી બંધ કરતા સપ્તાહથી ભારે તંગદિલી

# ભારતના ફળોના એક હજાર કન્ટેનર ખાડી દેશોમાં ફસાયા, ખેડૂતોને ફટકો

## ભારતના હજારો ટન કેળા, દ્રાક્ષ, દાડમ, તરબુચ સપ્તાહથી ખાડી દેશોના પોર્ટો પર પડયા છે, ખેડૂતોએ સરકારની મદદ માગી



નવી દિલ્હી/દુબઇ : અમેરિકા-ઇઝરાયેલના હુમલામાં ઈરાનના વડા અલી ખામેનેઈના મોતને પગલે ઈરાને આક્રામક રીતે વળતા પ્રહારો કર્યા છે. એટલુ જ નહીં સમુદ્રી વેપાર માટે મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝ ખાડીને ઈરાને બંધ કરી દીધી છે. જેથી ભારતનો વેપાર પણ અટકી પડયો છે. કૃષિ પ્રોડક્ટ્સના એક હજારથી વધુ કન્ટેનર દુબઈના જેબલ અલી પોર્ટ પર ફસાયેલા પડયા છે. છેલ્લા એક સપ્તાહથી વેપાર થંભી ગયો હોય તેવી સ્થિતિ છે, કૃષિ પેદાશોના કન્ટેનરો ફસાતા ભારતના ખેડૂતોને ભારે નુકસાનીનો સામનો કરવો પડી રહ્યો છે. જે પણ ભારતીય કન્ટેનરો ફસાયા છે તેમાં વિવિધ ફળો જેમ કે કેળા, દ્રાક્ષ, દાડમ, તરબુચ ઉપરાંત ડુંગળી સહિતના શાકભાજી પણ ફસાયેલા પડયા છે. આ તમામ વસ્તુઓ ભારતીય ખેડૂતો દ્વારા વિદેશમાં નિકાસ કરવામાં આવે છે. હાલ ખાડી દેશોનો બધો વેપાર અટવાઇ ગયો હોવાથી ભારતને ભારે નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે, ૨૮ ફેબ્રુઆરીથી આવી તમામ વસ્તુઓ અટવાયેલી હોવાથી હવે તે ખરાબ થવા લાગી છે. ખાડી દેશોમાં રમઝાન દરમિયાન ફળો, શાકભાજી વગેરેની માગણી વધુ હોય છે એવા સમયે આ કન્ટેનરો અટવાયેલા પડયા છે. જોકે ઈરાને હોર્મોઝની ખાડીમાંથી રશિયા અને ચીનના કન્ટેનરોની અવર જવર નથી અટકાવી તેથી તે દેશોને નુકસાનની શક્યતાઓ ઓછી છે. હાલમાં યુદ્ધને કારણે હજારો ટન ફળો પડયા છે જ્યારે હાલ જે ખેડૂતોએ પોતાના ફળો ખાસ કરીને દ્રાક્ષને પકવીને તૈયાર રાખી છે તેને વેચવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે અને મોટું નુકસાન પણ થઇ શકે છે. ભારતના ખેડૂતોની નિકાસ જાણે થંભી ગઇ હોય તેવી સ્થિતિ છે, વિવિધ પોર્ટ પર આશરે પાંચથી છ હજાર ટન દ્રાક્ષ અટવાયેલી પડી છે. જ્યારે ૧૦ હજાર ટન જેટલી દ્રાક્ષ વિદેશ નિકાસના અભાવે ભારે નુકસાની સાથે વેચવી પડી શકે છે. મુંબઇના જવાહરલાલ નેહરુ પોર્ટ પરથી નિકાસ થનારી દ્રાક્ષના ૮૦ કન્ટેનરો ખાલી પડયા છે. ખેડૂતોએ આ પરિસ્થિતિને પહોંચી વળવા અને નુકસાન ભરપાઇ માટે સરકાર સમક્ષ મદદ માગી છે. માત્ર નિકાસ જ નહીં આયાતને પણ નુકસાન થઇ રહ્યું છે, સફરજન, કીવી, ખડૂર જેવી ખાદ્ય વસ્તુઓના ૬૦૦થી ૭૦૦ કન્ટેનરો ઈરાનના ટાપુઓ પર અટવાયેલા પડયા છે. કીવીના કન્ટેનરનું મૂલ્ય ૩૦થી ૩૨ લાખ રૂપિયા જ્યારે ખજૂરનું મૂલ્ય ૪૫ લાખ રૂપિયા છે. કેન્દ્ર સરકારે આ વર્ષે ૨૦ લાખ ટન ખાંડની નિકાસની છૂટ આપી હતી જોકે ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરી દેતા અને યુદ્ધની સ્થિતિને જોતા ૨૦ લાખ ટન નહીં પણ પાંચ લાખ ટન ખાંડ જ માર્કેટ સુધી પહોંચી શકે તેમ છે.સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે હાલમાં પુરા વિસ્તારમાં પરિસ્થિતિ બહુ જ તંગદીલ છે, ખાસ કરીને હોર્મુઝ ખાડી, ફારસની ખાડી, ઓમાનની ખાડીને સૌથી વધુ જોખમકારક સમુદ્રી ક્ષેત્રો જાહેર કરવામાં આવ્યા છે. આ વિસ્તારમાં ભારતીય ઝંડાવાળા ૩૬ જહાજો હાજર છે, જેમાંથી ૨૪ જહાજ હોર્મુઝ ખાડીના પશ્ચિમમાં અને ૧૨ જહાજ પૂર્વી વિસ્તારમાં છે. સદનની ખાડીમાં પણ ત્રણ જહાજ ફસાયા છે. ભારતીય નાવિક સંગઠન ફોર્વર્ડ સીમેન યુનિયને કેન્દ્ર સરકારને વિનંતી કરી છે.

## રિફાઇનરીઓને રાંધણ ગેસનું ઉત્પાદન વધારવા સરકારનો આદેશ : એસ્મા લાગુ



નવી દિલ્હી : સરકારે ઓછા ઉપયોગમાં લેવાતી ઈમરજન્સી સત્તાનો ઉપયોગ કરી ઓઇલ રિફાઇનરીઓને એલપીજી પ્રોડક્શન વધારવાના નિર્દેશ આપ્યા છે. સરકાર ખાડીના દેશોમાં વધતા વિવાદથી થનારી સંભવિત મુશ્કેલીઓથી બચવા માટે ડોમેસ્ટિક રસોઇ ગેસની ઉપલબ્ધતા વધારવા માંગે છે.૨૦૨૪-૨૫માં ભારતમાં ૩૧.૩ મિલિયન ટન એલપીજી વપરાયો હતો. જે પૈકી ૧૨.૮ મિલિયન ટન એલપીજીનું ઉત્પાદન દેશમાં કરવામાં આવ્યું હતું જ્યારે બાકીના એલપીજીની અન્ય દેશોમાંથી આયાત કરવામાં આવી હતી. આયાત ઝડપથી ઘટી રહી છે કારણકે ૮૫ થી ૯૦ ટકા આયાત સઉદી અરેબિયા જેવા દેશોમાંથી થાય છે જે ટ્રાન્ઝિટ માટે હોર્મુઝ સમુદ્ર માર્ગ પર નિર્ભર છે. ઇઝરાયેલ અને અમેરિકાનાં હુમલા પછી ઈરાને હોર્મુઝ સમુદ્ર માર્ગ બંધ કરી દીધો છે અને તેણે ખાડીનાં દેશોમાં અમેરિકન સ્થળો પર જવાબી કાર્યવાહી કરી છે. જેના કારણે આ દેશોમાં છેલ્લા એક સપ્તાહથી તંગદિલી વધી ગઇ છે. ભારતની પાસે ઓઇલનો અનામત જથ્થો છે પણ એલપીજી પ્રોડક્શનમાં તેની અછત છે. પાંચ માર્ચનાં સરકારનાં આદેશ અનુસાર પબ્લિક અને પ્રાઇવેટ સેક્ટરની રિફાઇનરીઓને જણાવવામાં આવ્યું છે કે તે પ્રોપેન અને બ્યુટેન સ્ટ્રીમનો વધારેમાં વધારે ઉપયોગ કરી સુનિશ્ચિત કરે કે ઉત્પન્ન થનારા પ્રોપેન અને બ્યુટેન સ્ટ્રીમનો ઉપયોગ લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી)નાં ઉત્પાદન માટે કરવામાં આવે. એલપીજી પ્રોપેન અને બ્યુટેનનું મિક્સચર છે. એસેન્શિયલ કોમોડિઝ એક્ટ, ૧૯૫૫ (જેને સામાન્ય રીતે એસ્મા કહેવામાં આવે છે)થી મળેલ સત્તાઓ હેઠળ જારી આ આદેશમાં રિફાઇનરીઓને જણાવવામાં આવ્યું છે કે તે આવા પ્રોડયુસ કરવામાં આવેલા એલપીજીને ફક્ત ત્રણ પબ્લિક સેક્ટર ઓઇલ માર્કેટિંગ કંપનીઓ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન (આઇઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) અને હિંદુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન (એચપીસીએલ)ને ઉપલબ્ધ કરાવે.

## News Brief

### અમિત શાહની ઓડિશા મુલાકાત દરમિયાન ભગવાન જગન્નાથની તસ્વીર ભેટમાં મળી



પારાદીપ (ઓડિશા): કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ શનિવારે ઓડિશાના પ્રવાસે હતા, જ્યાં તેમણે રાજ્યના આર્થિક અને સામાજિક વિકાસ માટે અનેક મહત્વની જાહેરાતો કરી હતી. અમિત શાહની ઓડિશા મુલાકાત દરમિયાન એક ભાવુક ક્ષણ ત્યારે જોવા મળી જ્યારે તેમણે જગન્નાથ ભક્ત અનંત બિસ્વાલ પાસેથી ભગવાન જગન્નાથની સુંદર તસ્વીર સ્વીકારી હતી. ગૃહમંત્રીએ બિસ્વાલને રૂબરૂ મંચ પર બોલાવી તેમની કલાની પ્રશંસા કરી હતી અને તેમની સાથે ટૂંકો સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે અનંત બિસ્વાલે અત્યંત આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી અને અમિત શાહ સૌને સાથે લઈને રાષ્ટ્રને આગળ વધારી રહ્યા છે.

પારાદીપ સ્થિત ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (IFFCO) ના એકમમાં અમિત શાહની ઓડિશા મુલાકાત મુખ્યત્વે ત્રીજા સલ્ફ્યુરિક એસિડ પ્લાન્ટ (SAP-III) ના ઉદઘાટન માટે હતી. આ પ્લાન્ટના વિસ્તરણથી ભારત ખાતર ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ વધુ એક ડગલું આગળ વધશે. ગૃહમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટથી ખેડૂતોને પૂરતા પ્રમાણમાં અને સમયસર ખાતર ઉપલબ્ધ થશે, જે કૃષિ ક્ષેત્રની ઉન્નતિ માટે અનિવાર્ય છે.અમિત શાહની ઓડિશા મુલાકાતનું એક મહત્વનું પાસું ગ્રામીણ આજીવિકા મજબૂત કરવાનું રહ્યું હતું.

# 'કેર ઇકોનોમી': વિકસિત ભારત @2047નો પાયો

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરતી વખતે, આપણે ફક્ત ભારતની મહિલાઓની સિદ્ધિઓનું જ નહીં, પરંતુ તેમની દ્રઢતા, સંવર્ધન, દ્રઢનિશ્ચયી અને પરિવર્તનની અદમ્ય ભાવનાનું પણ સન્માન કરીએ છીએ. મહિલા દિવસ ફક્ત કેલેન્ડર પરની એક તારીખ નથી; તે એક પુષ્ટિ છે કે ભારતની વિકાસ યાત્રામાં મહિલાઓની ભૂમિકા કેન્દ્રિય રહી છે, પેરિફેરલ નહીં. આપણી મહિલાઓ સંસ્થાઓ અને બોર્ડરૂમ સુધી મર્યાદિત નથી; તેઓ આંગણા, ક્ષેત્રો, પ્રયોગશાળાઓ, વર્ગખંડો, સુરક્ષા દળો અને વહીવટી પ્રણાલીઓમાં નેતૃત્વનો એક નવો અધ્યાય લખી રહી છે.

ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓની ભાગીદારી સતત વધી રહી છે. તેઓ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) ક્ષેત્રોમાં નવી સિદ્ધિઓ મેળવી રહ્યા છે. સંરક્ષણ સેવાઓમાં મહિલા અધિકારીઓ વિશિષ્ટ સેવા આપી રહી છે - ફાઇટર એરક્રાફ્ટ ઉડાવવાથી લઈને રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમીમાં તાલીમ લેવા સુધી, તેઓ નવી ક્ષિતિજોનો વિસ્તાર કરી રહી છે.

ગ્રામીણ ભારતમાં, સ્વ-સહાય જૂથો સાથે સંકળાયેલી લાખો મહિલાઓ સ્થાનિક અર્થતંત્રોને સશક્ત બનાવી રહી છે. તેઓ આર્થિક સ્વતંત્રતાના પાયા પર સામૂહિક સમૃદ્ધિનું નિર્માણ કરી રહી છે. પંચાયતી રાજ સંસ્થાઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વૈશ્વિક સ્તરે નવા ધોરણો સ્થાપિત કરી રહ્યું છે. આ સાબિત કરે છે કે પાયાના સ્તરે નેતૃત્વ સમાવિષ્ટ અને અસરકારક બંને છે. વૈશ્વિક રમતગમતના મંચ પરભારતીય મહિલાઓ શ્રેષ્ઠતા અને દ્રઢતા દર્શાવીને દેશને ગૌરવ અપાવવાનું ચાલુ રાખે છે.

ઇતિહાસ સાક્ષી છે કે ભારતીય નારીનું સામર્થ્ય કોઈ નવી વાત નથી. રાણી લક્ષ્મીબાઈએ નિર્ભયતાથી પોતાના દેશનું રક્ષણ કર્યું. સાવિત્રીબાઈ ફૂલેએ સામાજિક ધોરણોને પડકાર્યા અને કન્યાઓના શિક્ષણનો પાયો નાખ્યો. દેવી અહલ્યાબાઈ હોલકરે, બુદ્ધિમત્તા અને કરુણા સાથે જાહેર કલ્યાણને શાસનના કેન્દ્રમાં રાખ્યું. નીતિગત સુધારા અને દ્રઢ નિશ્ચયનો તેમનો વારસો આજે પણ આપણને માર્ગદર્શન આપે છે.

આજે, આ અવિસ્મરણીય વારસો તમામ ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારીને મજબૂત બનાવવાના સતત પ્રયાસોમાં પ્રતિબિંબિત થાય છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, મહિલાઓને ફક્ત લાભાર્થી તરીકે જ નહીં પરંતુ વિકાસના પ્રેરક તરીકે પણ ઓળખવામાં આવે છે. 'મહિલા-આગેવાની હેઠળનો વિકાસ' આજે એક મજબૂત નીતિ વિઝન છે, જે બજેટ, કાર્યક્રમો અને સંસ્થાકીય સુધારાઓમાં પ્રતિબિંબિત થાય છે. મહિલા દિવસ આપણને યાદ અપાવે છે કે ઉજવણી પરિવર્તનમાં પરિણમવી જોઈએ. પ્રત્યેક મહિલા- તે પછી કોઈ પણ કોર્પોરેશનનું નેતૃત્વ કરતી હોય, યુનિફોર્મમાં સેવા કરતી હોય, ખેતરમાં પરસેવો પાડતી હોય, નાના ઉદ્યોગ ચલાવતી હોય કે ઘરમાં પોતાના પરિવારનું ભરણ પોષણ કરતી હોય, મોદી સરકાર તેમનું અભિનંદન કરે છે.

આપણી પ્રાચીન સભ્યતા પરંપરામાં, સ્ત્રી શક્તિ પ્રત્યેનો આદર ફક્ત શબ્દો પૂરતો મર્યાદિત નથી; તે આપણા અસ્તિત્વનો પાયો છે. તે પરંપરાના વારસાને જાળવી રાખે છે અને પરિવર્તનના પવનને દોરી જાય છે. તેમનું વ્યક્તિત્વ કરુણાનો મહાસાગર અને હિંમતનો અવિશ્વસનીય શિખર બંને છે; જ્યારે તે નૈતિક મૂલ્યોની મર્યાદાઓથી બંધાયેલી છે, ત્યારે તે પોતાના સપનાઓને અનુસરવામાં પણ એટલી જ મહત્વાકાંક્ષી છે. બહુપક્ષીય ભૂમિકાઓ ભજવવાની તેમની કુશળતા સદીઓથી ભારતીય મહિલાની જીવનશૈલીનો અભિન્ન ભાગ રહી છે. તેમણે પોતાની જવાબદારીઓ સરળતાથી નિભાવી, ધીરજથી પોતાના પરિવારનો પાયો મજબૂત કર્યો અને પોતાના શાંત નેતૃત્વથી સમાજને નવી દિશા અને શક્તિ પ્રદાન કરે છે.

સમાજની દરેક દૃશ્યમાન સિદ્ધિ પાછળ, એક મૂળભૂત શક્તિ અથાક કામ કરે છે - 'દેખભાળની અર્થવ્યવસ્થા' (Care Economy). આ શાંત ઊર્જા જ ભારતના અસ્તિત્વને દરેક ક્ષણે ટકાવી રાખે છે. તે એક માતાનું સમર્પણ છે જે સૂર્યોદય પહેલાં પોતાના પ્રિયજનો માટે ચૂલો પ્રગટાવે છે અને પછી આજીવિકાના પડકારોનો સામનો કરવા માટે નીકળી પડે છે. તે એક પત્નીની અતૂટ વફાદારી છે જે, સૌથી મુશ્કેલ સમયમાં પણ, પરિવારનો પાયો અકબંધ રાખે છે. તે એક પુત્રીની નિઃસ્વાર્થતા છે જે, થકાવટવાળા દિવસ પછી પણ, રાત્રે તેના વૃદ્ધ માતાપિતાના સાંત્વના આપવા બેસે છે. આ શક્તિ કોઈ ખ્યાતિ કે પ્રશંસાની ઇચ્છા રાખતી નથી; તે ફક્ત ફરજના અવિરત પ્રવાહ જેવી છે, જે કોઈપણ અવાજ વિના સર્જન કરે છે.



**- શ્રીમતી અન્નપૂર્ણા દેવી**
**મહિલા અને બાળ વિકાસ મંત્રી, કેન્દ્ર સરકાર**

ઐતિહાસિક રીતે, મહિલાઓના યોગદાનનો મોટો હિસ્સો - ખાસ કરીને અવેતન સંભાળ, અનૌપચારિક શ્રમ અને સમુદાય સેવા - પરંપરાગત આર્થિક ગણતરીઓના અવકાશની બહાર રહી છે. જો કે, આ વાસ્તવિકતાને ઓળખીને, મોદી સરકારે સતત સંભાળના આ 'અદ્રશ્ય પાસાં'ને ઘટાડવા, તેને સામાજિક માન્યતા આપવા અને તેના સમાન પુનઃવિતરણને સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો છે. સરકારનું વિઝન સંભાળ સેવાઓને વ્યાવસાયિક બનાવવા અને તેમને સમાવિષ્ટ વિકાસના નવા 'એન્જિન'માં રૂપાંતરિત કરવાનું છે.

ભારતમાં મહિલા શ્રમબળ ભાગીદારી દર (FLFPR) નોંધપાત્ર રીતે વધ્યો છે, જે 2017-18માં 23.3 ટકાથી વધીને 2023-24માં 41.7 ટકા થયો છે. આ આંકડો ભારતીય મહિલાઓની વધતી જતી આકાંક્ષાઓ અને આર્થિક પ્રવૃત્તિઓમાં તેમના વધતા પ્રભુત્વને પ્રતિબિંબિત કરે છે. પગારદાર કામમાં મહિલાઓની આ ભાગીદારી માત્ર ઘરગથ્થુ સમૃદ્ધિનો આધાર જ નથી બનાવતી પરંતુ રાષ્ટ્રીય ઉત્પાદકતાને નવી ઊંચાઈઓ સુધી પણ પહોંચાડે છે.

આર્થિક સર્વેક્ષણ એ હકીકત પર ભાર મૂકે છે કે જો આપણે વેતન વગર દેખભાળનો બોજ ઘટાડી શકીએ અને આ સેવાઓનું વ્યાપારીકરણ કરી શકીએ, તો મહિલાઓના રોજગારના લેન્ડસ્કેપમાં ક્રાંતિકારી પરિવર્તન આવશે. ભારતીય કેર ઇકોનોમી પહેલાથી જ લાખો લોકોની આજીવિકાને ટેકો આપે છે, અને આગામી દાયકામાં રોજગાર સર્જનની અપાર સંભાવનાઓ ધરાવે છે.

આ જ કારણ છે કે 2026-27ના કેન્દ્રીય બજેટમાં 'કેર ઈકોનોમી'ને મજબૂત બનાવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. 'મહિલા-સંચાલિત વિકાસ' પ્રત્યેની અમારી અતૂટ પ્રતિબદ્ધતા ઐતિહાસિક 'જેન્ડર બજેટ'માં પ્રતિબિંબિત થાય છે, જેમાં ફાળવણી 5 લાખ કરોડથી વધુની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચી છે. સરકારના સર્વાંગી અભિગમના ભાગરૂપે, અમે 1.5 લાખ સંભાળ રાખનારાઓ માટે કૌશલ્ય વિકાસમાં રોકાણ કરી રહ્યા છીએ, કાર્યકારી મહિલા છાત્રાલયોનો વિસ્તાર કરી રહ્યા છીએ અને બાળપણની સંભાળ સુનિશ્ચિત કરવા માટે આંગણવાડી કેન્દ્રોનું આધુનિકીકરણ કરી રહ્યા છીએ. આરોગ્ય અને પોષણ પ્રણાલીઓનું સંકલન પણ મજબૂત કરવામાં આવી રહ્યું છે. આ બધા પ્રયાસો સ્પષ્ટ રાજકીય અને નૈતિક પ્રતિબદ્ધતા દર્શાવે છે: જ્યારે મહિલાઓને જરૂરી સમર્થન અને પ્લેટફોર્મ મળે છે, ત્યારે સમગ્ર અર્થતંત્ર વેગ આપે છે.

સામાજિક સુરક્ષા સંહિતા અને વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ સંહિતા જેવા વૈધાનિક માળખા બાળ સંભાળ કેન્દ્રો અને કાર્યકર કલ્યાણ માટેની જોગવાઈઓને મજબૂત બનાવે છે. આ સુધારાઓ એક ઊંડા સિદ્ધાંતને સ્થાપિત કરે છે: બાળ સંભાળ સહાય એ ગૌણ વિકલ્પ કે સુવિધા નથી, પરંતુ આર્થિક ન્યાયનો આવશ્યક માળખાકીય પાયો છે.

અમારી સરકાર દેશની કુલ વસ્તીના 65 ટકાથી વધુ હિસ્સો ધરાવતી મહિલાઓ અને બાળકોને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓના કેન્દ્રમાં રાખે છે. તેથી, તેમની સર્વાંગી સુખાકારી એક આવશ્યક વ્યૂહાત્મક જરૂરિયાત છે. 2050 સુધીમાં, વરિષ્ઠ નાગરિકોની સંખ્યામાં વધારો થશે, જેના કારણે પરિવારોમાં સંભાળ રાખવાની જવાબદારીઓ વધશે. વધુમાં, લાખો બાળકોને તેમના જીવનના સૌથી મહત્વપૂર્ણ રચનાત્મક વર્ષો દરમિયાન - જ્યારે શિક્ષણ અને ભાવિ ઉત્પાદકતાનો પાયો નાખવામાં આવશે - વ્યવસ્થિત બાળપણ શિક્ષણ, મજબૂત પોષણ અને આરોગ્ય સહાયની સખત જરૂર પડશે.

જેમ જેમ ભારત 'અમૃતકાલ' થી 'વિકસિત ભારત @2047' તરફ આગળ વધી રહ્યું છે, તેમ તેમ આપણે પરિવર્તનકારી સત્યને ઓળખી રહ્યા છીએ કે સામાજિક પાયાને મજબૂત કર્યા વિના વિકાસ ટકાવી શકાતો નથી - અને કેર ઈકોનોમીએ આવશ્યક પાયો છે.

આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે, અમે દેખરેખના અદ્રશ્ય શ્રમને સન્માનિત કરવા અને સંસ્થાકીય રીતે સશક્ત બનાવવાની અમારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરીએ છીએ. 'મહિલા-આગેવાની હેઠળ, વિકસિત ભારત'નું અમારું વિઝન બોર્ડરૂમ અને સંસ્થાઓમાં મહિલાઓની ભાગીદારી સુધી મર્યાદિત નથી, પરંતુ તે મજબૂત દેખરેખ પ્રણાલીઓ પર આધારિત છે જે મહિલાઓની પસંદગીઓ, ગૌરવ અને આર્થિક શક્તિનો વિસ્તાર કરે છે.

## યુવકની હત્યામાં સીબીઆઇ તપાસની માંગ સાથે દિલ્હીમાં પરિવારનો આક્રોશ

નવી દિલ્હી: દેશની રાજધાનીના ઉત્તમ નગર વિસ્તારમાં હોળીના તહેવાર દરમિયાન થયેલી એક હિંસક ઘટનાએ હવે ગંભીર વળાંક લીધો છે. ૨૫ વર્ષીય તરુણ નામના યુવકની નિર્મમ હત્યા બાદ તેના પિતાએ શનિવારે આ મામલે કેન્દ્રીય તપાસ બ્યુરો (CBI) પાસે તપાસ કરાવવાની માંગ કરી છે. પરિવારે સ્થાનિક પોલીસ પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, 'યુવકની હત્યામાં સીબીઆઈ તપાસની માંગ' એટલા માટે કરવામાં આવી રહી છે કારણ કે દિલ્હી પોલીસ આ કેસમાં યોગ્ય તપાસ કરી રહી નથી અને ધરપકડ કરાયેલા આરોપીઓની વિગતો પણ છુપાવી રહી છે.૧૫-૨૦ લોકોના ટોળાએ કર્યો જીવલેણ હુમલો મૃતક તરુણના પિતાએ અત્યંત ગમગીન હૈયે મીડિયાને જણાવ્યું હતું કે, "મારો દીકરો જેવો ઘરે આવ્યો કે તરત જ ૧૫-૨૦ લોકોના ટોળાએ તેના પર હુમલો કરી દીધો અને તેને સ્થળ પર જ પતાવી દીધો. આ તમામ લોકો વિસ્તારમાં ખુલ્લેઆમ ફરી રહ્યા હતા, પરંતુ પોલીસે કોઈની ધરપકડ કરી નથી." તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે જ્યારે તેઓ ન્યાય માંગવા પોલીસ સ્ટેશને ગયા ત્યારે દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા અને રસ્તા પર વિરોધ પ્રદર્શન કરવા બદલ પોલીસ દ્વારા લાઠીચાર્જ પણ કરવામાં આવ્યો હતો.

હોળીના ઝઘડાએ લીધું હિંસક સ્વરૂપ આ ઘટના ગત ૪ માર્ચના રોજ હોળીની ઉજવણી દરમિયાન બની હતી. પડોશમાં રહેતા બે અલગ-અલગ સમુદાયના લોકો વચ્ચે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં તરુણ ગંભીર રીતે ઘાયલ થયો હતો. સારવાર દરમિયાન હોસ્પિટલમાં તેનું મોત નીપજતા વિસ્તારમાં કોમી તણાવ વધી ગયો છે. દિલ્હી પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં ચાર લોકોની ધરપકડ કરી હોવાનો દાવો કર્યો છે, પરંતુ પરિવાર આ કાર્યવાહીથી સંતુષ્ટ નથી અને સતત 'યુવકની હત્યામાં સીબીઆઈ તપાસની માંગ' કરી રહ્યો છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને શાંતિની અપીલ ઘટનાની ગંભીરતાને જોતા દ્વારકા જિલ્લાના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (DCP) કુશલ પાલ સિંહે ઉત્તમ નગર વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા સખત કરી દીધી છે. સમગ્ર વિસ્તારને ઝોન અને સેક્ટરમાં વહેંચી દેવામાં આવ્યો છે અને સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

### વાર્ષિક પરફોર્મન્સ રિવ્યુ પછી લેવાયેલો નિર્ણય

## ઇ કોમર્સ કંપની ફ્લિપકાર્ટે 300 કર્મચારીઓને કાઢી મૂક્યા




નવી દિલ્હી : ઇ-કોમર્સની મોટી કંપની ફ્લિપકાર્ટે પોતાના વાર્ષિક પરફોમન્સ રિવ્યુ પછી પોતાના કર્મચારીઓની સંખ્યામાં ૨૫૦ થી ૩૦૦નો ઘટાડો કર્યો છે તેમ સંબધિત સૂત્રોએ એક નિવેદનમાં જણાવ્યું હતું. કર્મચારીઓની સંખ્યામાં આ ઘટાડો અનેક ડિપાર્ટમેન્ટ અને કર્મચારી લેવલે કરવામાં આવ્યો છે કારણકે વોલમાર્ટની માલિકીની આ કંપની આઇપીઓ અગાઉ સિનિયર લેવલે હાયરિંગ કરી રહી છે.ફ્લિપકાર્ટે એક નિવેદનમાં જણાવ્યું છે કે કંપની નિયમિતપણે કર્મચારીઓની કામગીરીની સમીક્ષા કરે છે. આ પ્રક્રિયાના ભાગરૂપે કેટલાક કર્મચારીઓને કંપનીમાંથી કાઢી મૂકવામાં આવી શકે છે.કંપનીએ વધુમાં જણાવ્યું છે કે તે અસરગ્રસ્ત કર્મચારીઓને ટ્રાન્ઝિશન સપોર્ટ આપશે. જો કે આ પ્રક્રિયામાં અસરગ્રસ્ત કર્મચારીઓની સંખ્યા દર્શાવવામાં આવી નથી. જો કે સૂત્રોએ આ સંખ્યા ૨૫૦થી ૩૦૦ની વચ્ચે બતાવી છે.ડિસેમ્બર, ૨૦૨૫માં કંપનીને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (એનસીએલટી)થી પોતાનું લિગલ ડોમિસાઇલ સિંગાપોરથી ભારત શિફ્ટ કરવાની મંજૂરી મળી હતી. જે સંભવિત ડોમેસ્ટિક લિસ્ટિંગની તેની યોજનાઓમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે. રીસ્ટ્રક્ચરિંગનો હેતુ ગ્રુપના હોલ્ડિંગ સ્ટ્રક્ચરને સરળ બનાવવાનો છે. તેના ફેશન, હેલ્થ અને લોજિસ્ટિકનાં બિઝનેસ અને તેમાં સિંગાપોરની આઠ કંપનીઓનું ફ્લિપકાર્ટ ઇન્ટરનેટ પ્રાઇવેટ લિમિટેડમાં મર્જર સામેલ છે જેથી તે ભારતીય રેગ્યુલેટરી જરૂરિયાતોના હિસાબથી થઇ શકે.

### મફત નહીં, રોજગાર આપો

## દેશની સૌથી મોટી બેન્ક પણ 'મફતની રેવડી' અંગે ચિંતિત, કહ્યું - સરકાર રોજગાર આપવા પર ધ્યાન આપે

(એજન્સી) નવી દિલ્હી | તા.07

ચૂંટણી સમયે મતદારોને રીઝવવા માટે રાજકીય પક્ષો દ્વારા અપાતા 'મફત ભેટ' (Freebies) અને બેંક ખાતામાં સીધા રોકડ જમા કરાવવાના વાયદાઓ હવે દેશના અર્થતંત્ર માટે ચિંતાનો વિષય બન્યા છે. ભારતીય સ્ટેટ બેંક (SBI) ના તાજેતરના રિપોર્ટમાં આ અંગે ગંભીર ચેતવણી આપવામાં આવી છે.SBI ના સંશોધન અહેવાલ મુજબ, ચૂંટણીલક્ષી મફત યોજનાઓ પાછળ રાજ્યોના જીએસડીપી (GSDP) ના 0.1% થી 2.7% જેટલો જંગી ખર્ચ થાય છે. આ ખર્ચ રાજ્યોની પોતાની કુલ મહેસૂલી આવકના લગભગ 5 થી 10% જેટલો હોય છે. રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી છે કે આવી યોજનાઓ પરના ખર્ચની મર્યાદા GSDP ના ચોક્કસ ટકા સુધી મર્યાદિત હોવી જોઈએ.




# રાહુલ ગાંધીની કેરળ મુલાકાત દરમિયાન શ્રમિકો સાથે સીધો સંવાદ

કુટ્ટીક્કનમ (કેરળ): લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અત્યારે કેરળના પ્રવાસે છે, જ્યાં તેમણે આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ના પ્રચારના શ્રીગણેશ કરી દીધા છે. શનિવારે ઇડુક્કી જિલ્લાના કુટ્ટીક્કનમ ખાતે રાહુલ ગાંધીની કેરળ મુલાકાત દરમિયાન તેમણે ચાના બગીચામાં કામ કરતા શ્રમિકો સાથે અત્યંત સાદગીપૂર્વક સંવાદ સાધ્યો હતો. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય પાયાના સ્તરના લોકોની સમસ્યાઓ જાણવાનો અને આગામી ચૂંટણી માટે જનમત કેળવવાનો છે. કેરળમાં આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની આગેવાની હેઠળનું યુડીએફ ગઠબંધન સત્તા પર વાપસી કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યું છે.પોતાના પ્રવાસના ભાગરૂપે રાહુલ ગાંધીએ વરકલા સ્થિત શિવગિરી મઠની પણ મુલાકાત લીધી હતી. અહીં તેમણે મહાન સમાજ સુધારક શ્રી નારાયણ ગુરુની સમાધિ પર પુષ્પાંજલિ અર્પિત કરી હતી. શુક્રવારે તેમણે મહાત્મા ગાંધી અને શ્રી નારાયણ ગુરુની ઐતિહાસિક મુલાકાતની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. "શ્રી નારાયણ ગુરુ પાસે અપાર સંપત્તિ કે શારીરિક બળ નહોતું, છતાં તેઓ કેરળના સૌથી શક્તિશાળી વ્યક્તિત્વ હતા કારણ કે તેમની પાસે સત્ય અને અહિંસાનું બળ હતું." ઇડુક્કીની મારિયન કોલેજના વિદ્યાર્થીઓ સાથેની વાતચીત દરમિયાન રાહુલ ગાંધીએ 'ધ કેરળ સ્ટોરી ૨' અને ફિલ્મોના માધ્યમથી ફેલાવવામાં આવતા રાજકીય પ્રચારની આકરી ટીકા કરી હતી.

# લોકસભા અધ્યક્ષ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવને તૃણમૂલ કોંગ્રેસનું સમર્થન મળશે

નવી દિલ્હી: દેશની સંસદમાં આગામી સપ્તાહથી શરૂ થઈ રહેલા બજેટ સત્રના બીજા તબક્કા પૂર્વે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પદ પરથી હટાવવા માટે કોંગ્રેસ દ્વારા લાવવામાં આવનારા 'લોકસભા અધ્યક્ષ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ' ને હવે અખિલ ભારતીય તૃણમૂલ કોંગ્રેસ (AITC) એ પણ સમર્થન જાહેર કર્યું છે. પક્ષના સુપ્રીમો મમતા બેનર્જીના નિર્દેશ બાદ તૃણમૂલના સાંસદો આ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કરશે. વિરોધ પક્ષોના આ આક્રમક વલણને કારણે 9 માર્ચથી શરૂ થનારું સત્ર અત્યંત તોફાની બની રહેવાના એંધાણ છે. કોંગ્રેસના ત્રણ સાંસદો - મોહમ્મદ જાવેદ, કોડિકુન્નીલ સુરેશ અને મલ્લુ રવિ દ્વારા આ ઠરાવ રજૂ કરવામાં આવનાર છે. વિરોધ પક્ષોનો મુખ્ય આરોપ છે કે અધ્યક્ષ ઓમ બિરલા પક્ષપાતી વલણ અપનાવી રહ્યા છે અને વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સહિતના અન્ય નેતાઓને ગૃહમાં બોલવાની પૂરતી તક આપી રહ્યા નથી. 'લોકસભા અધ્યક્ષ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ' ના દસ્તાવેજમાં જણાવાયું છે કે, અધ્યક્ષે વિરોધ પક્ષની મહિલા સાંસદો સામે બિનજરૂરી આક્ષેપો કર્યા છે અને જાહેર જનતાના મુદ્દા ઉઠાવનારા વિપક્ષી સાંસદોને આખા સત્ર માટે નિલંબિત કર્યા છે, જ્યારે સત્તાધારી પક્ષના સભ્યો સામે કોઈ પગલાં લેવાયા નથી. સંસદમાં આ નિર્ણાયક જંગ પૂર્વે ભારતીય જનતા પાર્ટી (BJP) અને મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ બંનેએ પોતપોતાના સાંસદોને 9 થી 11 માર્ચ દરમિયાન ગૃહમાં ફરજિયાત હાજર રહેવા માટે 'થ્રી-લાઈન વ્હિપ' જારી કર્યો છે.

### 25 વર્ષનો સંઘર્ષ | હાઈકોર્ટે પુરાવાના અભાવે ગુરમીત રામ રહીમને મુક્ત કર્યા

# પત્રકારની હત્યા કેસમાં ગુરમીત રામ રહીમ હાઈકોર્ટથી મુક્ત, પણ ડેરા પ્રમુખે જેલમાં જ રહેવું પડશે

(એજન્સી) નવી દિલ્હી | તા.07

ડેરા સચ્ચા સૌદાના પ્રમુખ ગુરમીત રામ રહીમ સિંહને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. શનિવારે હાઈકોર્ટે વર્ષ 2002ના પત્રકાર રામચંદ્ર છત્રપતિ હત્યા કેસમાં રામ રહીમને નિર્દોષ જાહેર કર્યા છે. જાન્યુઆરી 2019માં પંચકુલાની વિશેષ સીબીઆઈ કોર્ટે આ મામલામાં રામ રહીમ અને અન્ય ત્રણ આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી, પરંતુ હાઈકોર્ટે નીચલી અદાલતના આ ચુકાદાને રદ ઠેરવ્યો છે.



આ કેસની વિગત મુજબ ઓક્ટોબર 2002માં સિરસાના પત્રકાર રામચંદ્ર છત્રપતિએ તેમના અખબાર 'પૂરા સચ'માં ડેરાની અંદર થતી શંકાસ્પદ પ્રવૃત્તિ અને સાધ્વીઓના યૌન શોષણ અંગેના અહેવાલો પ્રકાશિત કર્યા હતા. આ કારણસર તેમની હત્યા કરાવાઈ હોવાનો રામ રહીમ પર આરોપ હતો. પ્રારંભિક તપાસ બાદ આ હાઈ-પ્રોફાઈલ કેસ સીબીઆઈને સોંપવામાં આવ્યો. જાન્યુઆરી 2019માં પંચકુલાની એક ખાસ સીબીઆઈ કોર્ટે રામ રહીમ અને અન્ય લોકોને હત્યાના કાવતરાના દોષી ઠેરવ્યા અને તેમને આજીવન કેદની સજા ફટકારી હતી. જો કે, હવે હાઈકોર્ટે પુરાવાના અભાવે અને દલીલોને ગ્રાહ્ય રાખીને ડેરા પ્રમુખને આ ગંભીર આરોપોમાંથી મુક્ત કર્યા છે. એક અહેવાલ પ્રમાણે પત્રકાર રામચંદ્ર છત્રપતિના પુત્ર 46 વર્ષીય અંશુલ છત્રપતિએ હાઈકોર્ટના નિર્ણય પર ઊંડી નિરાશા વ્યક્ત કરી છે તેને એક મોટો ઝટકો ગણાવ્યો છે. અંશુલે સ્પષ્ટ કર્યું છે કે, 'અમે હાર નહીં માનીશું. અમે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવીશું. અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. અમારી કાનૂની લડાઈ ચાલુ રહેશે અને અમે તમામ કાનૂની વિકલ્પોનો ઉપયોગ કરીશું.'કોર્ટ દ્વારા આરોપીઓની સજા યથાવત રાખવા અંગે અંશુલે કહ્યું કે, 'અમારી લડાઈ ડેરા પ્રમુખ ગુરમીત રામ રહીમ સિંહ સામે હતી. મારા પિતાની દુશ્મની એ શૂટરો અથવા ડેરા મેનેજર સાથે નહોતી. તે સમયે મારા પિતા માત્ર રામ રહીમનો જ પર્દાફાશ કરી રહ્યા હતા. જો મુખ્ય આરોપીને જ નિર્દોષ જાહેર કરી દેવામાં આવ્યો, તો તે ચોક્કસપણે અમારા માટે એક મોટો ઝટકો છે.'પોતાની કાનૂની લડાઈને યાદ કરતા તેમણે કહ્યું કે, 'છેલ્લા લગભગ 25 વર્ષોથી હું આ કાનૂની લડાઈ લડી રહ્યો છું.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ**

**EOI નોટીફિકેશન નં. ADI/OPTG/01/2026 તારીખ : ૦૫/૦૩/૨૦૨૬**

**વિગત : ઈ-બિડ**

**કામનું નામ:** અમદાવાદ મંડળ (પ.રે.) ના સંચાલન વિભાગના મલ્ટી-ડિસિપ્લિનરી ડિવિઝનલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ માટે મિનિએચર મોડ્યુલ અને સિમ્યુલેશન-આધારિત મોડેલ રૂમના વિકાસ માટે એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ (EOI) માટે માંગણી.

**ઈ-બિડ જમા કરાવવાની અને તેની ખુલવાની તારીખ અને સમય :- તારીખ : ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે.** અધિકૃત સહીકર્તા દ્વારા યોગ્ય રીતે સહી કરેલ કવર લેટર સહિતની એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ તમામ જરૂરી દસ્તાવેજો સહિત સીલબંધ કવારમાં રજૂ કરવાની રહેશે અથવા eoimrsbt@gmail.com ખાતે ઈમેઇલ દ્વારા અથવા GEM મારફતે ઓનલાઈન મોકલી શકાશે. પ્રસ્તાવોની રજૂઆત અને પુછપરછ માટે ઓફિસની વિગતો નીચે આપવામાં આવેલ છે.

**વેબસાઈટ વિગતો જ્યાંથી બિડ દસ્તાવેજ ડાઉનલોડ કરી શકાશે, ઓફિસનું સરનામું અને નોટીસ બોર્ડનું સ્થાન જ્યાં બિડની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે : વેબસાઈટ : https://gem.gov.in/ ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઓપરેશન્સ) ઓફિસ, ડીઆરએમ ઓફિસ, પ્રથમ માળ, ઓપરેટીંગ વિભાગ, ચામુંડા માતા મંદિર પાસે, ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, પોસ્ટ: સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૫ (ગુજરાત).

ADI-301

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

સિટી એક્સપ્રેસ

SUNDAY 08 MARCH-2026

AHMEDABAD

## સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોને સરકારની સેવાઓ ઘરઆંગણે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | વિછીયા તાલુકાના ભડલી ગામે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં નાગરિકોને સરકારની વિવિધ પ્રજાલક્ષી સેવાઓનો લાભ આપવામાં આવ્યો. આ કાર્યક્રમનો શુભારંભ વિસ્તારના ધારાસભ્ય તથા ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજી બાવલીયાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેમણે ઉપસ્થિત નાગરિકો સાથે સંવાદ કરી તેમની સમસ્યાઓ અને જરૂરિયાતો અંગે માહિતી મેળવી હતી.

## એક વર્ષથી ફરાર આરોપી ગાંધીનગર એલસીબી-૨ દ્વારા ઝડપાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના બે ગુનાઓમાં બે વર્ષની સજા થયા બાદ એક વર્ષથી ફરાર રહેલા આરોપીને ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડી કોર્ટમાં રજૂ કર્યો છે. માહિતી મુજબ ગાંધીનગર પોલીસને અદાલત તરફથી ધરપકડ વોરંટ મળ્યા બાદ ફરાર આરોપીઓને પકડવા માટે વિશેષ મુહિમ હાથ ધરવામાં આવી હતી. આરોપી ધર્મેશભાઈ શૈલેષભાઈ ફતેકર, રહે. નવરાત્રી ચોક, સેક્ટર-૫, ગાંધીનગરને નેગોસિબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ સેક્શન 138 હેઠળના બે અલગ અલગ કેસોમાં એક વર્ષ પહેલાં બે વર્ષની સજા ફટકારવામાં આવી હતી.



### "પરિવર્તન લાવો, કિસાન બચાવો યાત્રા" ના સમાપન અંતર્ગત યોજાનાર સભામાં અરવિંદ કેજરીવાલજી હાજરી આપશે

# ગુજરાતના રણે ચઢશે કેજરીવાલ: આજથી બે દિવસીય પ્રવાસ, ગાંધીનગર અને સુરતમાં ગજવશે સભા

(એજન્સી) અમદાવાદ | તા. 07

આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વિડિયોના માધ્યમથી અરવિંદ કેજરીવાલના ગુજરાત પ્રવાસની માહિતી આપતા જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજી બે દિવસીય ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. છેલ્લા ઘણા દિવસથી ઈસુદાનભાઈ ગઢવી અને પ્રવીણભાઈ રામના નેતૃત્વમાં "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો" યાત્રા ચાલી રહી છે. ગામડે ગામડે આ યાત્રાને વિશાળ જનપ્રતિસાદ મળી રહ્યો છે. જે રીતે ગુજરાતમાં ત્રીસ વર્ષથી ભાજપની સરકાર હોવા છતાં પણ સિંચાઈનું પાણી, વીજળી, ખાતર, જમીન મહેસૂલની બાબતો હોય કે ટેકાના ભાવે ખરીદી હોય, બિયારણની બાબત હોય આ તમામ ક્ષેત્રોમાં ખેડૂત દુખી છે. ત્યારે પરિવર્તન એ જ એક ઉપાય છે. પરિવર્તન લાવવાથી જ ગુજરાતના ગામડાં, ખેતી, ખેડૂત અને ખેતી મજૂરોનુ ભલુ થશે,એવો સંદેશ લઈને ઈસુદાન ગઢવી અને પ્રવીણભાઈ રામ જે યાત્રા લઈને નીકળ્યા છે, એ યાત્રાનું સમાપન આવતીકાલે એટલે કે ૮ માર્ચ ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે રામકથા મેદાનમાં થવાનું છે. ગાંધીનગર ખાતે બપોરે ત્રણ વાગ્યે અરવિંદ કેજરીવાલજી ઉપસ્થિત રહીને ગુજરાતના ગામડાં, ખેતી, ખેડૂત અને ખેત મજૂરો વિશે માર્ગદર્શન આપશે અને આમ આદમી પાર્ટીના સંઘર્ષને રજૂ કરશે. ખૂબ વિશાળ સંખ્યામાં ગુજરાતભરમાંથી ખેડૂતો અને કાર્યકરો ઉપસ્થિત રહેવાના છે. આ ઉપરાંત ૯ માર્ચના રોજ સુરતના મોટા વરાછા પાસે ગોથાણ ગામમાં અરવિંદ કેજરીવાલની ઉપસ્થિતિમાં બપોરે ત્રણ વાગ્યે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓની હાજરીમાં ક્ષેત્રીય બુથ કાર્યકર સંમેલન યોજાવાનું છે. આમ આદમી પાર્ટીએ ડોર-ટુ-ડોર પ્રચાર, નાની નાની જનસભાઓ, મોહલ્લા સભાઓ, મિટિંગો અને સોશિયલ મીડિયા કેમ્પેઇન જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા પાર્ટીએ સંગઠનની વિશાળ તાકાત ઊભી કરી છે. નેટવર્કના માધ્યમથી બુથ લેવલના કાર્યકરો પાર્ટી નિર્માણ કરી રહ્યા છે. ત્યારે આ સંમેલનમાં અંદાજે વીસથી પચ્ચીસ હજાર જેટલા બુથ કાર્યકરો હાજર રહેશે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી ખૂબ વિશાળ સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેવાના છે. આ કાર્યક્રમમાં સૌને ઉપસ્થિત રહેવાની વિનંતી છે.




ઈસુદાન ગઢવી અને પ્રવીણ રામની આગેવાનીમાં ચાલી રહેલી "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા"ને ગામે ગામથી મળ્યું જબરદસ્ત સમર્થન, ગાંધીનગરમાં યોજાનાર જનસભામાં આખા ગુજરાતના ખેડૂતો પધારશે.

### સુરતમાં ૨૫ હજાર બુથ કાર્યકરોનું મહાસંમેલન

પોતાના પ્રવાસના બીજા દિવસે એટલે કે ૯ માર્ચના રોજ કેજરીવાલ દક્ષિણ ગુજરાતના ગઢ ગણાતા સુરતની મુલાકાત લેશે. સુરતના મોટા વરાછા પાસે ગોથાણ ગામમાં બપોરે ૩:૦૦ વાગ્યે એક ક્ષેત્રીય બુથ કાર્યકર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટી ખેડૂત સંમેલન બાદ આ સંગઠનલક્ષી કાર્યક્રમ દ્વારા પોતાની તાકાત બતાવશે. અંદાજે ૨૦ થી ૨૫ હજાર જેટલા બુથ લેવલના કાર્યકરો આ સંમેલનમાં હાજર રહે તેવી શક્યતા છે. પાર્ટીએ ડોર-ટુ-ડોર પ્રચાર અને સોશિયલ મીડિયા કેમ્પેઈન દ્વારા મજબૂત નેટવર્ક ઊભું કર્યું છે.

### રાજકીય સમીકરણો અને જનતાને અપીલ

ગુજરાતમાં લાંબા સમયથી સત્તા પર રહેલી ભાજપ સરકાર સામે આમ આદમી પાર્ટી 'ખેડૂત અને ગામડાં'ના મુદ્દે આક્રમક મૂડમાં છે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રવાસ દ્વારા કેજરીવાલ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ કે અન્ય રાજકીય પડકારો માટે પાયો તૈયાર કરશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આપના નેતાઓએ તમામ ખેડૂતો અને કાર્યકરોને મોટી સંખ્યામાં આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા વિનંતી કરી છે. અરવિંદ કેજરીવાલના માર્ગદર્શન હેઠળ પાર્ટી આગામી દિવસોમાં ગુજરાતના પ્રશ્નોને વધુ પ્રખરતાથી વાચા આપશે.

## મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રને લગ્નની સિઝનમાં પાર્ટી પ્લોટની માંગ વધતા ૧૩.૮૧ કરોડ આવક થઈ

અમદાવાદ | સમયની સાથે અમદાવાદના લોકો લગ્ન કે સામાજિક પ્રસંગોએ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના પાર્ટી પ્લોટ કે કોમ્યુનિટી હોલના વપરાશ ઉપર પસંદગી વધારાતા ગયા છે. લગ્નની સિઝનમાં પાર્ટી પ્લોટની માંગ વધતા કોર્પોરેશનને રુપિયા ૧૩.૮૧ કરોડની આવક થઈ છે.સાત મહિનામા તંત્રને કોમ્યુનિટી હોલ અને પાર્ટી પ્લોટના ૭૪૫૮ બુકિંગ મળ્યા છે.

ઝોનમાં કુલ ૯૫ કોમ્યુનિટી હોલ, પાર્ટી પ્લોટ, ઓડિટોરીયમ, પીકનીક હાઉસ તેમજ ઓપનએર થિયેટર આવેલા છે.આ પૈકી ૮૨ સ્પોટ હાલ ઉપલબ્ધ છે. ૧૩ સ્પોટ ઉપર રીનોવેશનની કામગીરી ચાલી રહી છે.૨૮ ફેબ્રુઆરી સુધીમા મધ્યઝોનમાં આવેલા ૧૧ પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલ માટે કુલ ૭૪૪ બુકિંગ નોંધાતા તંત્રને રુપિયા ૬૫.૩૮ લાખની આવક થઈ હતી. આ ઉપરાંત પૂર્વ ઝોનમાં આવેલા ૧૮ પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલ માટે કુલ ૬૭૮બુકિંગ નોંધાતા તંત્રને રુપિયા ૧.૨૫ કરોડની આવક થઈ હતી.ઉત્તર-પશ્ચિમ ઝોનમાં આવેલા ૯ બેન્કવેટ હોલ ,પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલ માટે ૧૨૩૮ કાર્યક્રમ માટે બુકિંગ મળતા તંત્રને રુપિયા ૩.૧૫ કરોડ આવક થઈ હતી.ઉત્તરઝોનમાં આવેલા ૧૪ પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલ માટે કુલ ૧૨૩૮ બુકિંગ નોંધાતા તંત્રને રુપિયા ૧.૯૮ કરોડની આવક થઈ હતી.દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં આવેલા૬ બેન્કવેટ હોલ ,પાર્ટી પ્લોટ -કોમ્યુનિટી હોલ માટે ૪૯૮ કાર્યક્રમ માટે બુકિંગ મળતા તંત્રને રુપિયા ૧.૪૩ કરોડ આવક થઈ હતી.

### ટીમ ઈન્ડિયન ક્રિકેટરોનું શાલ, તિલક અને ગરબા સાથે ભવ્ય સ્વાગત

# હાર્દિક પંડ્યાની માહિકાના ખભે હાથ મૂકી તાજમાં એન્ટ્રી

(એજન્સી) અમદાવાદ | તા. 07

ICC T-20 વર્લ્ડકપના સેમીફાઈનલમાં ઈંગ્લેન્ડને શાનદાર રીતે હરાવીને ફાઈનલમાં પહોંચેલી ભારતીય ક્રિકેટ ટીમ 6 માર્ચે અમદાવાદ એરપોર્ટ પર પહોંચી હતી. ટીમના તમામ ખેલાડીઓ અને સ્ટાફનું એરપોર્ટ પર ઉત્સાહી ચાહકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. એક ચાહકે 'વંદે માતરમ્'ના નારા લગાવીને ટીમનું સ્વાગત કર્યું હતું, જેનાથી આખુ વાતાવરણ જોશથી ભરાઈ ગયું હતું. એરપોર્ટ પરથી ટીમ સીધી હોટેલમાં રવાના થઈ હતી. ઈન્ડિયન ટીમના અભિષેક શર્મા, અર્શદીપ સિંઘ અને ઈશાન કિશન ને તેની ગર્લફ્રેન્ડ અદિતિ હુંડિયા કોમો બાય કેફેમાં મોડી રાતે જોવા મળ્યા હતાં.

સિંધુભવન પર આવેલી તાજ સ્કાયલાઈન હોટેલમાં ભારતીય ટીમનું ઉસ્માભર્યું સ્વાગત કરાયું હતું. ઢોનગારા અને ગરબા સાથે ટીમને આવકારમાં આવી હતી. તમામ ભારતીય ખેલાડીઓને બાંધણીનો દુપટ્ટો અને ટીલક કરાયું હતું. ખેલાડીઓના રૂમમાં હોટેલ દ્વારા ફ્રુટ્સ અને મીઠાઈ સાથે ખાસ પ્રકારનો મેસેજ લખીને લેટર મુકવામાં આવ્યો હતો.

આગામી 8 માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ફાઈનલ મેચ રમાશે, જે માટે શહેરમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ફાઈનલ મેચને લઈને અમદાવાદમાં ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ટિકિટોની માંગ અત્યંત વધી ગઈ છે અને શહેરમાં ફાઈનલનો માહોલ ગરમાઈ ગયો છે. ભારતીય ટીમના ચાહકો આશા રાખે છે કે, ટીમ ઈન્ડિયા આ વખતે ઘરઆંગણે ટ્રોફી જીતશે જ. આગામી દિવસોમાં ટીમની પ્રેક્ટિસ અને મીડિયા ઈન્ટરેક્શન પણ યોજાશે, જેનાથી ફાઈનલનો જોશ વધશે.

સેમીફાઈનલમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરીને ઈંગ્લેન્ડને હરાવ્યું હતું, જેના કારણે ફાઈનલમાં પહોંચવાની સાથે જ ટીમનું મનોબળ પણ આસમાને પહોંચ્યું છે. હોટલમાં પહોંચ્યા બાદ ટીમને કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ રાખવામાં આવી છે અને આગામી દિવસોમાં નેટ પ્રેક્ટિસ તથા તૈયારીઓ શરૂ થશે.



### ન્યૂઝીલેન્ડની ટીમનું ITC નર્મદામાં ભવ્ય સ્વાગત કરાયું

ગઈકાલે ICC T20 વર્લ્ડ કપની પહેલી ફાઈનલિસ્ટ બનીને અમદાવાદ પહોંચેલી ન્યૂઝીલેન્ડ ક્રિકેટ ટીમનું ભવ્ય અને પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું છે. બપોરે અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યા બાદ ટીમ સીધી ITC નર્મદા હોટલમાં પહોંચી, જ્યાં હોટલ સ્ટાફ અને મેનેજમેન્ટે ખેલાડીઓને પાઘડી પહેરાવીને ગુજરાતી આતિથ્યનો અનુભવ કરાવ્યો હતો. ટીમના રૂમમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી, જ્યાં ભારતીય ક્રિકેટરોના ફોટા સાથે સજ્જ રૂમમાં પરંપરાગત ગુજરાતી મીઠાઈઓ મૂકવામાં આવી હતી, જેથી ખેલાડીઓને ઘર જેવું અનુભવ થાય.

## લાલદરવાજા વિસ્તારમાં યુદ્ધની સ્થિતિ જેમ સાયરન વાગી

### 5થી 8 કિલોમીટર સુધી અવાજ સંભળાયો; હાઈ રેન્જની સાયરનોનું ટેસ્ટિંગ...



(એજન્સી) અમદાવાદ | તા. 07

ઓપરેશન સિંદૂર બાદ ક્યારેય પણ યુદ્ધની પરિસ્થિતિ સર્જાય ત્યારે પબ્લિક એડ્રેસ સિસ્ટમ અને એર રેડ સાયરન સિસ્ટમ અંગે લોકોને માહિતી આપવામાં આવી હતી. ગમે ત્યારે ઈમરજન્સીમાં જાહેરાત માટે સાયરન વગાડવામાં આવતી હોય છે, ત્યારે અમદાવાદમાં આજે 7 માર્ચના રોજ શહેર લાલદરવાજા વિસ્તારમાં સિવિલ ડિફેન્સ-હોમગાર્ડ કચેરી ખાતે સાયરન વગાડવામાં આવી હતી. 8 વાગ્યાથી 10 વાગ્યા સુધીમાં સમયાંતરે સાયરન વગાડી અને ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જોકે આ સાયરન ટેસ્ટિંગ હોવાથી કોઈ નાગરિકોને ગભરાવવાની જરૂર ન હોવાનું તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

સિવિલ ડિફેન્સ Dysp એ.એ. શેખે જણાવ્યું હતું કે, ઓપરેશન સિંદૂર બાદ યુદ્ધની પરિસ્થિતિમાં સાયરન વગાડી લોકોને અવગત કરાવવામાં આવતા હોય છે, જેના ભાગરૂપે ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. બાદમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની સૂચનાથી હાઈ રેન્જ સુધી પહોંચી શકે એવી સાયરનો ઈન્સ્ટોલ કરવાની કામગીરી સિવિલ ડિફેન્સ દ્વારા કરવામાં આવી હતી. આજે હાઈ રેન્જની સાયરનોનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. હાઈ રેન્જની સાયરનનો અવાજ પાંચથી આઠ કિલોમીટર સુધી સંભળાતો હોય છે. યુદ્ધની સ્થિતિમાં લોકોને અવગત થાય તેના માટે આ સાયરન વગાડવામાં આવતી હોય છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આશરે 500 જેટલી સાયરનો છે.

### બે કલાક સમયાંતરે સાયરન વગાડાઈ

ઓપરેશન સિંદૂર બાદ યુદ્ધની પરિસ્થિતિમાં નાગરિકોને યુદ્ધ જેવી સ્થિતિ તેમજ ઈમરજન્સીની જાણ થાય તેના માટે એર રેડ સાયરન અને પબ્લિક એડ્રેસ સિસ્ટમ શરૂ કરવા સૂચના આપવામાં આવી હતી. મોકડ્રીલ સહિત યુદ્ધમાં કેવી રીતે બચવું તેના માટેની પણ ટ્રેનિંગ કરવામાં આવી હતી. જોકે છેલ્લા કેટલાય સમયથી એર રેડ સાયરન સિસ્ટમ બંધ હતી. નવા સાધનોની ખરીદી કરી લગાવી અને તેનું સમયાંતરે ટેસ્ટિંગ કરવાનું કહેવામાં આવ્યું હતું. જો કે આજે હોમગાર્ડ વિભાગ દ્વારા લાલદરવાજા ખાતે એર સાયરન સિસ્ટમ કાર્યરત કરી ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.

## T20 વર્લ્ડ કપની ફાઈનલ અગાઉ ટિકિટોની કાળાબજારી અમદાવાદમાં સ્ટેડિયમ બહાર યુવક પકડાયો

(એજન્સી) અમદાવાદ | તા. 07

આગામી 8મી માર્ચ, 2026ના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ICC T-20 વર્લ્ડકપ-2026ની હાઈવોલ્ટેજ ફાઈનલ મેચ રમાવાની છે. આ ઐતિહાસિક મુકા-બલાને લઈને ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જોકે, આ ઉત્સાહનો ગેરફાયદો ઉઠાવીને ટિકિટોનું કાળાબજાર કરતા તત્ત્વો સામે પોલીસ અત્યારે એક્શન મોડમાં આવી છે.

મોટેરા સ્ટેડિયમ બહાર ટિકિટોના કાળાબજાર થઈ રહ્યા હોવાની બાતમીના આધારે LCB ઝોન-2ની ટીમે વોચ ગોઠવી હતી. આ દરમિયાન ચાંદખેડા વિસ્તારમાં આવેલા સ્ટેડિયમ પાસેથી ટિકિટો વેચતા એક યુવકને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે આ યુવક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને કાળાબજારના આ નેટવર્કમાં અન્ય કોઈ સામેલ છે કે કેમ તે દિશામાં તપાસ તેજ કરી છે.

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં LCB ઝોન-2ની ટીમ જ્યારે પેટ્રોલીંગમાં હતી, ત્યારે તેમને ચોક્કસ બાતમી મળી હતી કે મોટેરા સ્ટેડિયમ પાસે એક શખ્સ ઓનલાઇન બુક કરેલી ટિકિટો અત્યંત ઊંચા ભાવે વેચી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક વોચ ગોઠવી હતી અને સ્ટેડિયમ બહારથી જ આરોપીને કાળાબજાર કરતા રંગેહાથ ઝડપી લીધો હતો.

પોલીસ તપાસમાં પકડાયેલા આરોપીની ઓળખ વાસણામાં રહેતા વંશ હિરલકુમાર શાહ તરીકે થઈ છે. પોલીસે આરોપી પાસેથી ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ફાઈનલ મેચની કુલ 2 ટિકિટો જપ્ત કરી છે. ચોંકાવનારી વિગત એ સામે આવી છે.

## 12 દિવસ બાદ અમદાવાદ સિવિલના બિછાને દમ તોડ્યો

ગાંધીનગર | ગાંધીનગર એસ. જી. હાઈવે પર બાર દિવસ અગાઉ બટરફ્લાય સર્કલ પાસે એક્ટિવા ખાડામાં પડતા ગંભીર ઈજાગ્રસ્ત કલોલના યુવકનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ અંગે અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રેલ્વે પૂર્વ વિસ્તારમાં રહેતા શંકરભાઈ ચૌહાણનો નાનો દીકરો ગોવિંદ ગત 23 ફેબ્રુઆરીના રોજ રાત્રે આશરે 8 વાગ્યાના અરસામાં એક્ટિવા લઈને ઘરે પરત ફરી રહ્યો હતો. દરમિયાન એસ.જી. હાઈવેથી બટરફ્લાય ઉતરી મહેસાણા હાઈવે તરફ આવતા સમયે સર્કલ પાસે અચાનક ખાડો આવતા એક્ટિવા સ્લિપ થઈ ગયું હતું. આ અકસ્માતમાં ગોવિંદને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત બાદ અજાણ્યા વ્યક્તિએ ગોવિંદના મોબાઈલ પરથી તેના પિતાને જાણ કરી હતી અને ગંભીર હાલતમાં યુવકને તાત્કાલિક ગાંધીનગર




સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સીટી સ્કેન કરાવતા ઈજા ગંભીર જણાતા તેને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે રિફર કરવામાં આવ્યો હતો. જ્યાં છેલ્લા 12 દિવસથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ 6 માર્ચે ગોવિંદનુ મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના પિતા શંકરભાઈએ પોતાના પુત્રએ વાહન ગફલતભરી રીતે ચલાવી ખાડામાં પાડી અકસ્માત સર્જ્યો હતો, જેમાં તેનું મોત નીપજ્યું હોવાની ફરિયાદ આપતા અડાલજ પોલીસે ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ટેન્ડરના નામે કરોડોના કૌભાંડમાં ઠગ નિરવ દવેના પિતા અને પુત્રની ધરપકડ કરાઇ

ગાંધીનગર | ગાંધીનગર શહેરના સેક્ટર ૨૩માં રહેતા દંપતી દ્વારા ટેન્ડરના નામે વેપારીઓ પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવી લેવામાં આવ્યા હતા ત્યારે આ કૌભાંડમાં પરિવારના અન્ય બે સભ્યોની પણ ગઈકાલે ઈન્ફોસીટી પોલીસ દ્વારા ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરી જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા.

ગાંધીનગરના સેક્ટર ૨૩માં પ્રાણકુંજ સોસાયટીમાં રહેતા અને ઈન્ફોસિટી સુપર મોલમાં ઓમ એન્ટરપ્રાઇઝ ચલાવતા નિવૃત નાયબ સચિવના પુત્ર નીરવ દવે અને તેની પત્ની મીરા દવેએ ગુજરાત ટુરિઝમ અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કરોડો રૂપિયાના ટેન્ડર લાગ્યા હોવાના નકલી દસ્તાવેજ બનાવીને ગાંધીનગર ઉપરાંત રાજ્યના અલગ અલગ વિસ્તારના વેપારીઓ સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી હતી. આ ઠગ દંપતીએ વડનગર, પાટણ, દ્વારકા, સુરત અને અમરેલીમાં ગુજરાત ટુરિઝમ અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના નામના સરકારી ટેન્ડર બતાવી કરોડોનું ફુલેકું ફેરવામાં આવતા અલગ અલગ ત્રણ ગુના ઈન્ફોસિટી પોલીસમા દાખલ થયા હતા.

# ગાંધીનગર મ્યુનિ.કોર્પોરેશનની બે મહિલાકર્મીનો કેનાલમાં કૂદીને આપઘાત

(એજન્સી) ગાંધીનગર | તા. 07

ગાંધીનગરના નભોઈ કેનાલ પર ગત રાત્રિએ એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના બની છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતી બે યુવતીઓએ અગમ્ય કારણોસર કેનાલમાં ઝંપલાવીને સામુહિક આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ફાયર બ્રિગેડની ટીમે કલાકોના સર્ચ ઓપરેશન બાદ ઝુંડાલ કેનાલમાંથી બંને યુવતીઓના મૃતદેહ બહાર કાઢ્યા છે. મૃતક યુવતીઓની ઓળખ સેજલ જશવંતભાઈ પટેલ (ઉં. વ. 26, રહે. નરોડા, અમદાવાદ) અને રિપલ રાકેશભાઈ રાવત (ઉં. વ. 24, રહે. થલતેજ, અમદાવાદ) તરીકે થઈ છે. આ બંને યુવતીઓ ગઈકાલે રાત્રે નભોઈ કેનાલ પર પહોંચી હતી. કેનાલમાં પડતા પહેલા બંનેએ પોતપોતાના પરિજનોને ફોન કરીને પોતે આપઘાત કરવા જઈ રહી હોવાનું જણાવ્યું હતું. અચાનક આવેલા આ ફોનથી ગભરાયેલા પરિવારો તાત્કાલિક કેનાલ પર પહોંચ્યા હતા અને પોલીસને જાણ કરી હતી.

બનાવની જાણ થતા જ અડાલજ અને ગાંધીનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. રાત્રિના અંધકારમાં જ ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે કેનાલમાં શોધખોળ શરૂ કરી હતી. પાણીનો પ્રવાહ વધુ હોવાથી બંને યુવતીઓ તણાઈ ગઈ હતી, જેમના મૃતદેહ છેક ઝુંડાલ કેનાલ પાસેથી મળી આવ્યા હતા. પોલીસે બંને લાશનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા છે.

બંને યુવતીઓ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સાથે નોકરી કરતી હતી અને તેમની વચ્ચે ગાઢ મિત્રતા હોવાનું પણ સામે આવ્યું છે. જોકે, બંનેએ આટલું આત્યંતિક પગલું કેમ ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. નોકરીનું ભારણ, અંગત સમસ્યા કે અન્ય કોઈ કારણ જવાબદાર છે તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. આ અંગે સૂત્રોએ જણાવ્યું કે, બંને યુવતીઓ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તાજેતરમાં થયેલી ભરતીમાં નોકરીએ લાગી હતી. જેમાં એક યુવતી વ્યવસાયવેરા અને બીજી યુવતી મહેકમમાં નોકરી કરતી હતી.

આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને યુવતીઓ આશરે ચાર પાંચ મહિના અગાઉ ગાંધીનગર મહાનગર પાલિકામાં કાયમી કારકુન તરીકે નોકરીએ લાગી હતી. ગઈકાલે બંને નોકરીએ ગયા હતા. સામાન્ય રીતે બંને સાડા સાત સુધી ઘરે પરત પહોંચી જતી હતી. તે દરમ્યાન સેજલને તેની માતા સાથે વાત થઈ હતી. જે પછી તેનો મોબાઈલ સ્વીચ ઓફ થઈ ગયો હતો. એટલે રિપલ સાથે હોવાનું માનીને તેને પણ કોલ કર્યો હતો. બાદમાં બંને પરિવાર યુવતીઓને શોધવા સીધા કેનાલ તરફ આવી ગયો હતાં.

તેને વધુમાં ઉમેર્યું હતું કે, હાલમાં બંને પરિવારો દ્વારા કોર્પોરેશન પર પણ કોઈ ત્રાસ હોવાનો આક્ષેપ કરાયો નથી. બંને પરિવાર બેય યુવતીની ગાઢ મિત્રતા વિશે જાણતા હોય એવું લાગી રહ્યું છે. ઘટનાસ્થળેથી બંનેના પર્સ મળી આવ્યા છે પણ મોબાઈલ ફોન મળી આવ્યા નથી. પરિવાર કોઈ બાબત છુપાવી રહ્યો હોવાનું નકારી શકાય એમ નથી.

આગામી દિવસમાં પરિવારની પોલીસ વિગતવાર પૂછતાછ કરી શકે છે. તેમજ બંને યુવતીઓની મિત્ર વર્તુળની પણ પૂછતાછ કરવામા આવશે. સિવિલમાં બંનેના માતાપિતા કે નજીકના સગા આવ્યા નથી. સેજલના પરિવારમાં માતા, પિતા અને એક ભાઈ છે. જ્યારે રિપલના પરિવારમાં પણ માતા, પિતા અને બહેન છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...